શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

શ્રી કચ્છી સમાજ અમદાવાદ

વર્ષ : ૩૭મું
જુલાઈ : ૨૦૨૩ ● અંક : ૧
કુલ પાના : ૫૨

૧૫ જુલાઈ, ૨૦૨૩ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૭-૨૦૨૩ કિંમત : રૂા. ૧૮/-



## ભારતના મહાન ક્રાંતિકારી
## ચંદ્રશેખર આઝાદ

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com
Website : www.kutchisamajahmedabad.org.

તંત્રી મંડળ :
અશોક મહેતા (મુખ્ય તંત્રી)
હિમાંશુભાઈ ઠક્કર

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર**

**કચ્છ શ્રુતિને**

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની**

# હાર્દિક શુભેચ્છાઓ

**સાચા મિત્રોના હાથ પર ક્યારેય**
**ફ્રેંડશિપ બેલ્ટ નથી હોતા**
**મિત્રતાના દિવસ નહિ,**
**પણ દાયકાઓ હોય છે.**

**મિત્રતા હોય તો સુદામા - કૃષ્ણ**
**જેવી હોવી જોઈએ સાહેબ**
**એક કશું માંગતો નથી,**
**એક બધું જ**
**આપીને જણાવતો નથી.**

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર**

**(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)**

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ






**Dr. Dhiren Shah**
Director and consultant
Cardiac surgeon and
Cheif Heart Transplant
Surgeon,
Cims Hospital

**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- **પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"**
- GE Centricity® **સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.** ● **સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.**

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડ્રેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગ્રેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગ્રેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેકશન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યરોલોજી
- ન્યરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | GreenOT Certified Green Operated On Theater

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org


**એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000**

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org

CIMS Hospital India App on:


# ડૉ. તિવેન મરવાહનાં આરોગ્યલક્ષી પુસ્તકો




- કૂદકે ને ભૂસકે વધી રહેલા ડાયાબિટીસ વિશેની સાચી સમજણ
- ડાયાબિટીસ તથા તેના કારણે થતી વિષમતાઓ વિશે સરળ ભાષામાં વિવરણ
- ડાયાબિટીસ તથા તેના કારણે થતી તકલીફો અટકાવવા માટેના સચોટ ઉપાયો
- ડાયાબિટીસના નિષ્ણાત અને અનુભવી ડૉક્ટર દ્વારા લોકભોગ્ય ભાષામાં લખાયેલ સંક્ષિપ્ત પુસ્તક
- 'દિવ્ય ભાસ્કર' વર્તમાનપત્રની 'કળશ' પૂર્તિની 'પહેલું સુખ' કોલમમાં લખાયેલા અને ખૂબ લોકપ્રિય થયેલા લેખ ઉપર આધારિત

## ડાયાબિટીસની કડવી-મીઠી વાતો

- ડાયાબિટીસના નિષ્ણાત અને અનુભવી ડૉક્ટર દ્વારા લોકભોગ્ય ભાષામાં લખાયેલ સંક્ષિપ્ત પુસ્તક
- 'દિવ્ય ભાસ્કર' વર્તમાનપત્રની 'કળશ' પૂર્તિની 'પહેલું સુખ' કોલમમાં લખાયેલા અને ખૂબ લોકપ્રિય થયેલા લેખ ઉપર આધારિત
- ગૉળ, ખાંડ, મધ અને સૅકરીન વિશેની સાચી સમજણ
- કુદરતી અને કૃત્રિમ મીઠાશ આપનાર તત્ત્વોની વૈજ્ઞાનિક છણાવટ
- મીઠા પદાર્થોની ડાયાબિટીસ અને ઓબેસિટી ઉપરની અસરોનું તલસ્પર્શી વિશ્લેષણ
- મીઠાશ અને મીઠા પદાર્થો વિશેની સાચી-ખોટી માન્યતાઓની સુસ્પષ્ટતા




## ગૉળ, ખાંડ, મધ અને સૅકરીન – કેટલાં મીઠાં, કેટલાં કડવાં?

**નવનીત એજ્યુકેશન લિમિટેડ**

Like us on /navneet.india | www.navneet.com

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

NAVNEET®

**વર્ષ-૩૭ ● અંક – ૧**

**૧૫ જુલાઈ, ૨૦૨૩**

**● માનદ્ સલાહકાર ●**

શ્રી હંસરાજ કંસારા

**● તંત્રી મંડળ ●**

**અશોક મહેતા - મુખ્ય તંત્રી**

મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯/૯૮૭૯૦ ૬૩૧૦૦

**હિમાંશુભાઈ ઠક્કર**

મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪

❖

**પત્ર વ્યવહારનું સરનામું**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,
કોચરબ આશ્રમની સામે,
એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

❖

'Kutch-Shruti' Available on

www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

❖

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

*ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ – અમદાવાદ'ના નામનો મોકલવો.*


*'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી.*

*- મુખ્ય તંત્રી*

## આ અંકમાં....


**તંત્રી લેખ**
- અમદાવાદ સ્થિત કચ્છી સમાજ અને
  અન્ય કચ્છી ઘટક સમાજોની ભવિષ્યની કાર્યવાહી.................................. **અશોક મહેતા**....૭
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ઉજવ્યું કચ્છી નૂતન વર્ષ ............................................ ....૯

**પ્રેરણાત્મક વિચારણા**
- મણકો-૧૯ : આહાર વિહારનું નિયમન કરો ............................. **પ્રવીણચંદ્ર ઠક્કર**....૧૦

**ક્રાંતિ કથા**
- ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિકથા
  ચરણ-૨૦ : ચંદ્રશેખર આઝાદ.......................................................... **પારસ દવે**....૧૧

**કચ્છી લોકસાહિત્ય**
- કચ્છી લોકસાહિત્યમાં દીકરીનું ભાવ સંવેદન ....................... **ચંદ્રકાંત પટેલ 'સરલ'**....૧૩

**પ્રકૃતિ**
- સૂર્ય એ પ્રકૃતિનો પ્રાણ છે ...................................................... **રજનીકાંત ઓઝા**....૧૭

**ઇતિહાસ**
- આઈ શ્રી વરવડીજી .................................................**પુષ્પદાન શંભુદાન ગઢવી**....૧૮

**વૃદ્ધાવસ્થા**
- વૃદ્ધાવસ્થામાં તન-મનની શાંતિ તથા સ્વસ્થતા અંગે જાગૃતતા........... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૨૨

**વિશિષ્ટ દિવસ**
- ગાંધીનગરનો ૫૮મો સ્થાપના દિન .................................**ડૉ. મિહિર એમ. વોરા**....૨૩

**તંદુરસ્તી**
- માનસિક બીમારીઓ વિશે પ્રવર્તતી ગેરસમજ
  અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-૭.......................... **ડૉ. મણિલાલ ગડા/ડૉ. દિપ્તી શાહ (ગડા)**....૨૯

**સિને જગત**
- અદ્‌ભુત સ્વર સાધક : વસંત દેસાઈ ................................................ **યુસુફ મીર**....૩૧

- **અન્ય સંસ્થાઓના સમાચાર** ..........................................................૩૪
- **વિજ્ઞાન જગત / માહિતી જગત** ......... **સંકલન : રસીકલાલ ખીમજી મહેતા**....૩૮
- **માતૃભૂમિ કચ્છના સમાચાર** .............................. **સંકલન : ચૌલા કુરૂવા**....૪૦
- **પ્રતિભાવ** ..........................................................................૪૬


**આ અંકમાં સમાવિષ્ટ લઘુ કથા / શોર્ટ સ્ટોરી / કાવ્યો**


- કાવ્ય ............................................................ **મણિલાલ ડી. રૂઘાણી**... .૧૦
- શોર્ટ સ્ટોરી : માનવતા .................................................**નજમા ગોલીબાર**.... ૨૨
- મૃગલિયું ................................................... **નવીન ત્રિપાઠી 'અલ્પ'**.... ૨૨
- લઘુકથા : ધૂળ - ધૂપેલ અને લોલીપોપ ........................................ **યુસુફ મીર**.... ૩૦
- કલમ એ મહેફિલ ............................ **સંપાદન : દિલીપ આચાર્ય 'દિલકશ'**.... ૩૯

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા





આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

**એન્જીનીયરીંગ ક્ષેત્રે**

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.**
**સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

તંત્રીલેખ

# અમદાવાદ સ્થિત કચ્છી સમાજ અને અન્ય કચ્છી ઘટક સમાજોની ભવિષ્યની કાર્યવાહી



અશોક મહેતા

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આયોજિત કચ્છી નૂતન વર્ષનો મિલન સમારંભ ખૂબ જ સફળતાને વરેલ હતો કે જેના કારણે સમગ્ર વાતાવરણ કચ્છમય બની જવા પામેલ હતું.*

*ઉપરોક્ત હકીકતના અનુસંધાને એક વિચાર એવો વહેતો કરવામાં આવેલ છે કે અલગ અલગ વિષય સાથેના આ પ્રકારના વર્ષભરમાં ત્રણેક કાર્યક્રમ યોજવામાં આવે તો અમદાવાદ સ્થિત કચ્છીઓ વધુ નિકટતા પામી શકશે.*

*કચ્છી નૂતન વર્ષની ઉજવણીના આયોજન દરમિયાન અન્ય અનેક કાર્યક્રમો બાબત વિચારણા કરવામાં આવેલ હતી કે જેમાં વિદ્યાર્થિની હોસ્ટેલ, વિદ્યાર્થી હોસ્ટેલ, શહેરના પશ્ચિમ વિભાગમાં અતિથિ ભવન પ્રકારની સવલતો, નજદીકના સ્થળે એક કે બે દિવસનો પ્રવાસ કાર્યક્રમ, ક્રિકેટ ટુર્નામેન્ટ, નિબંધ વગેરે સ્પર્ધા, વિદ્યાર્થીઓનું સન્માન વગેરે પ્રકારના કાર્યક્રમોમાંથી શક્ય કાર્યક્રમો આવતા દિવસોમાં હાથ પર લેવાવા જોઈએ.*

*અગર આવતા દિવસોમાં આ સમાજના કાર્યકરો ઉપરોક્ત કાર્યક્રમોમાંથી શક્ય કાર્યોની હારમાળા ઉભી કરી શકશે તો તે આ સમાજ માટે લાભપ્રદ સાબિત થઈ શકશે અને વિવિધ કચ્છી ઘટક સમાજના સભ્યો નિકટતા પામી શકશે.*

*અમદાવાદ સ્થિત ૩૫ કચ્છી ઘટક સમાજો હાલે આ પ્રકારના કોઈને કોઈ કાર્યક્રમોનું આયોજન તો કરે જ છે પરંતુ તેની મર્યાદા પોતાના ઘટક સમાજ પૂરતી જ રહેવા પામે છે. જ્યારે શ્રી કચ્છી સમાજ આ પ્રકારના આયોજનો સારા પ્રમાણમાં યોજી શકે તો દરેક ઘટક સમાજના કચ્છીઓ વચ્ચે વધુ નિકટતા લાવી શકાશે.*

*એક વિચારસરણી એ પણ ચાલે છે કે આપણે આપણી કર્મભૂમિ માટે પણ સેવાના કાર્યક્રમો વિચારવા જોઈએ. આ પ્રકારના સેવાકીય કાર્યો મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચી શકાય કે જે શિક્ષણ, તંદુરસ્તી અને સ્કીલ ડેવલપમેન્ટ પ્રકારના હોઈ શકે.*

*વિદ્યાર્થીઓને યોગ્ય લાઈન માટે અને તેની કેરીયર ગાઈડન્સ માટે શિક્ષણ ક્ષેત્રે યોગ્ય સલાહ આપવા માટેના સેન્ટરો સ્થાપિત કરી શકાય. મેડિકલ ક્ષેત્રે વિવિધ મેડિકલ સેન્ટર કે જેમાં વિવિધ પ્રકારના પરીક્ષણો પણ કરી શકાય અને સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્રે સેંકડો કોર્સ છે કે જેમાંથી અમુકને હાથ પર લઈ તાલીમાર્થીને તે વિષયમાં પારંગતતા અપાવી તેને અર્થોપાર્જન કરતો કરી શકાય.*

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદ અને અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજો આ બાબતે આવતા દિવસોમાં સક્રિય બની શકે તો તેનો ફાયદો આપણી કર્મભૂમિ એટલે કે સમગ્ર અમદાવાદને અને તેના ફળ સ્વરૂપે સમગ્ર ગુજરાત અને ભારતને મળી શકશે.*

*અમદાવાદ સ્થિત દરેક કચ્છી પરિવાર આ બાબતે સક્રિયપણે વિચારે તે આજની જરૂરિયાત છે.*

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

***સત્યનો સૌથી મોટો મિત્ર સમય છે, તેનો સૌથી મોટો શત્રુ પૂર્વગ્રહ છે અને તેનો સ્થાયી સાથી વિનમ્રતા છે.***


TOTAL
SPORTS & FITNESS
NOW IN AHMEDABAD
FF/4, B Agrawal Complex, Navrangpura,
CG ROAD Ahmedabad
+91 91369 37921
Grand Offers
RACKET SPORTS upto 50% off
CRICKET upto 35% off
BALLS upto 20% off
APPAREL & SWIMWEAR upto 20% off
CARROM upto 20% off
GAME SHOES upto 40% off
SKATES upto 30% off
FOOD SUPPLEMENTS upto 40% off
FITNESS ACCESSORIES upto 20% off
WHEY
BEST BRANDS. BEST PRICES.
TOTAL
NIKE
adidas
PUMA
asics
Babolat
NIVIA
YONEX
SS
DSC
new balance
COSCO
speedo
TOTAL
SPORTS & FITNESS
Customer Care: +91 82683 99999 | For Bulk Purchase / Enquiry: sales@totalsf.in
Dadar (E) | Santacruz (W) | Borivali (W) | Vashi | Thane (W) Korum & Viviana | Dombivali (E) | Kalyan
Nashik | Panvel | Nalasopara | Kurla Phoenix | Surat | Pune | Ahmedabad
Google Ratings 4.4+ Justdial Ratings 4.1+
Shop Online www.totalsf.in
@TotalSportsAndFitness
totalsportsandfitness

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદે *ઉજવ્યું* કચ્છી નૂતન વર્ષ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કચ્છી નૂતન વર્ષની ઉજવણીનો કાર્યક્રમ રવિવાર, તા. ૨૫-૬-૨૦૨૩ના રોજ બપોરના ૩.૦૦ વાગે દિનેશ હોલ ખાતે યોજવામાં આવેલ હતો કે જ્યારે વિવિધ કચ્છી ઘટક સમાજના સભ્યોની ઉપસ્થિતિથી હોલ ખીચોખીચ ભરાઈ જવા પામેલ હતો. આ તબક્કે હોલનું સંપૂર્ણ વાતાવરણ ઉજવણીમય બની ગયેલ હતું.

આ સ્નેહ મિલન સમારંભમાં મુખ્ય કાર્યક્રમની પ્રસ્તુતિ "આવજે" નામના નાટકથી કરવામાં આવેલ હતી કે જેનું નિર્માણ શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઇ દ્વારા કરવામાં આવેલ હતું. સાથે સાથે આ નાટકના દિગ્દર્શક અને ૧૫ જેટલા કલાકારો પણ મુંબઈ સ્થિત ક.વી.ઓ. સમાજના જ પરિવારજનો હતા. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના આમંત્રણને માન આપી તેઓ અત્રે આ નાટકની રજૂઆત કરવા મુંબઈથી ખાસ પધારેલ હતા. સાથે સાથે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ લાલન, તેમની સાંસ્કૃતિક કમિટીના કન્વીનર શ્રી રાજેશભાઈ છેડા તથા નાટકના બંને ડિરેક્ટર શ્રી વિજય ગાલા તથા શ્રી રીષભ છેડા પણ પધારેલ હતા. ભારતભરમાં હિંદુ ચળવળ ચલાવતા શ્રી પ્રફુલ સેજપાલ પણ આ સમયે ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહેલ હતા.

કાર્યક્રમની શરૂઆત શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પોતાની આગવી શૈલીના વક્તવ્યથી કરેલ હતી. તેઓએ સહુ પ્રથમ ઉપસ્થિત મહેમાનશ્રીઓ, કાર્યક્રમમાં સહભાગી થયેલ વિવિધ દાતાશ્રીઓ, વિવિધ ઘટક સમાજના પ્રમુખશ્રીઓ તથા અન્ય હોદ્દેદારો, અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના સભ્યશ્રીઓ અને નાટકના કલાકારોને આવકાર આપેલ હતો.

ત્યારબાદ તેઓશ્રીના જણાવ્યા મુજબ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મોરબીયાના માતુશ્રી લીલાવંતીબેન હરજીવન મોરબીયા તથા વર્ષ દરમિયાન અન્ય દિવંગત આત્માઓના અવસાન નિમિત્તે તથા તેઓના શ્રેયાર્થે ઉપસ્થિત પ્રેક્ષક ગણે પોતાની જગ્યા પર ઉભા થઇ બે મિનિટ માટે મૌન પાળેલ હતું.

ત્યારબાદ આ નાટકની ઉપસ્થિત સમુદાય સમક્ષ પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી.

ભારતભરના અનેક વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ અર્થે પરદેશ ભણવા જતા હોય છે અને ત્યારબાદ તેઓમાંના મોટાભાગના લોકો તેઓને મળતી વિશાળ તકોના કારણે ત્યાં જ સ્થિર થઈ જતા હોવાથી અને તેના કારણે અહીં તેમના પરિવારને થતી વિટંબણાઓના અનુસંધાને આ નાટકની સ્ક્રીપ્ટ તૈયાર કરવામાં આવેલ હોવાથી અને આ વિષય અનેક લોકોને સ્પર્શતો હોવાથી તેની રજુઆત ઉપસ્થિત અનેક લોકોને સ્પર્શી ગયેલ હતા. તદુપરાંત આ નાટકના કલાકારોનો અભિનય એટલો ઉચ્ચ કક્ષાનો હતો કે જે મોટાભાગના પ્રેક્ષકોને સ્પર્શી ગયેલ હતો.

નાટકના પ્રથમ ભાગની પ્રસ્તુતિ બાદના ઇન્ટરવલના સમયમાં પ્રથમ શ્રી ક.વી.ઓ. સેવા સમાજના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ લાલન અને હિંદુ ચળવળના અગ્રણી શ્રી પ્રફુલભાઈ સેજપાલનું બહુમાન કરવામાં આવેલ હતું. ત્યારબાદ આ નાટકના અંદાજિત ૨૦ જેટલા સ્પોન્સરરમાંથી ઉપસ્થિત સ્પોન્સરરશ્રીઓનું વિવિધ ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સમિતિના સભ્યશ્રીઓના વરદ્ હસ્તે બહુમાન કરવામાં આવેલ હતું.

ત્યારબાદ નાટકના બીજા ભાગની પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી કે જેની રજૂઆતે પ્રેક્ષકગણને છેવટ લગી જકડી રાખેલ હતા.

નાટકની પ્રસ્તુતિ પૂર્ણ થતાં અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રીઓનું અભિવાદન વિવિધ ટ્રસ્ટીશ્રીઓ દ્વારા કરવામાં આવેલ હતું. ક.વી.ઓ. સેવા સમાજની સાંસ્કૃતિક કમિટીના કન્વીનર શ્રી રાજેશ છેડા, બંને દિગ્દર્શકો શ્રી વિજય ગાલા અને રીષભ છેડા તથા ૧૫ જેટલા કલાકારોનું પણ અભિવાદન કરવામાં આવેલ હતું અને બધાના સંયુક્તપણે ફોટા પણ લેવામાં આવેલ હતા.

અંતમાં શ્રી હિમાંશુભાઈ ઠક્કરે મુંબઈની ટીમ, વિવિધ ઘટક સમાજના પ્રમુખશ્રી તથા અન્ય હોદ્દેદારો, વિવિધ ઘટક સમાજના ઉપસ્થિત પરિવારજનો, જમણવારની જવાબદારી લેનાર શ્રી પરબતભાઈ પટેલ, મુંબઈની ટીમની સંભાળ રાખવાની જવાબદારી લેનાર શ્રી દિનેશ મહેતા, અન્ય જવાબદારી લેનાર શ્રી મનુભાઇ કોટડિયા તથા વોલન્ટીયર ગ્રુપની જવાબદારી લેનાર શ્રી દીપકભાઈ ચૌહાણ તથા શ્રી સંજય રાઠોડનો આભાર માનેલ હતો.

ત્યારબાદ રસદાર ભોજનની મજા માણી સહુ વિખેરાયા હતા.

*કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૨૫-૨૮*

***સંકલ્પ વિના માનવીના જીવનમાં ક્યારેય ટેક આવતી નથી અને ટેક પેદા થયા વિના જીવનની ઉન્નતિ થતી નથી.***

## પ્રેરણાત્મક વિચારયાત્રા

### મણકો-૧૯ : આહાર વિહારનું નિયમન કરો



પ્રવીણચંદ્ર ઠક્કર

તમારે જો સફળ અને સાર્થક વ્યક્તિ બનવું હશે, તો આહાર વિહારનું સમયપત્રક બનાવીને તેનું ચુસ્તપણે પાલન કરવું પડશે. ઈશ્વરે શરીરમાં ટુ ટાયર સિસ્ટમ ગોઠવી છે. એક આંખ, ફેફસું કે કિડની બગડે, તો બીજું અંગ હાજર. પણ આપણી કંટ્રોલ સિસ્ટમ ઉધરસ, તાવ, બ્લડપ્રેશર, ડાયાબિટીસ દ્વારા લાલબત્તી ધરે તે પહેલાં જાગૃત થઈ જવું જોઈએ. પ્રસન્નતાપૂર્વક સમતોલ આહાર ચાવીને આનંદથી ખાશો, તો શરીર-મનને સ્ફૂર્તિ મળશે, રોગ-પ્રતિકારક શક્તિ વધશે. અઠવાડિયે એક ટંક કે એક દિવસ પેટને આરામ આપો. બહારનાં તૈયાર ખોરાક કે ઠંડાં પીણાં લેવાનું ટાળો. વધારે પડતા ઉજાગરા ન કરો. પૂરતી ઊંઘ લો. સ્વસ્થ, શાંત, ગાઢ ઊંઘ નવી ચેતના લાવે છે.

સવારે પ્રાર્થના, પ્રાણાયામ, ધ્યાન, યોગ, આસન, કસરત કે કરાટે માટે થોડો સમય આપો. ધ્યાન જેવા કાર્યક્રમોથી આંતરચેતના જાગૃત થાય છે. આઘાતોમાં સ્વસ્થ રહેવાની શક્તિ મળે છે. સર્જકતા ખીલે છે. તમે થાકેલા હો ત્યારે લાંબા થઈને ચત્તાપાટ સૂઈ જાઓ. શરીર ઢીલું છોડીને હાથ ગોઠણ તરફ રાખી શવાસન કરો. પ્રાર્થના એ Thought Management છે. તે જો વિચારપૂર્વક કરવામાં આવે, તો શ્રદ્ધા, શક્તિ અને ઉત્સાહ આપે છે. દરિયામાં વહાણને સ્થિર રાખવા લોખંડનું ભારે લંગર નાખવું પડે છે. આપણું મન ઝોલાં ખાતા વહાણ જેવું છે. તેને સ્થિર રાખવા પ્રાર્થનારૂપી લંગર નાખવું જોઈએ. સવાર અને સાંજ ત્રણ ચાર કિલોમીટર નિયમિત ચાલો. આવી બધી ટેવોથી પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાવસ્થા અકારી કે પીડાદાયક રહેશે નહીં. પાછલી ઉંમરે તંદુરસ્તી જળવાઈ રહેવાથી કુટુંબના સભ્યોને બોજ લાગશે નહીં.


સવારનો નાસ્તો સુધારો

ASK ABOUT MY 3 DAY TRIAL

Look Great & Feel Healthy!

3 – DAY TRIAL

- FREE Counselling
- FREE Health Information
- ૧૦ કરોડથી વધારે ગ્રાહકોનો સંતોષ
- Free Body Fat Analysis

For More Information or to Start Your 3 - Day Trial

LOSE WEIGHT HAVE MORE ENERGY ASK ME HOW!

ભક્તિ પટેલ : 94286 11318

(જો તમને આ માહિતીની જરૂર ના હોય તો કોઈ જરૂરિયાતવાળાને આપવા વિનંતી.)


### કાવ્ય

જિંદગી મોતકા બહાના ઢુંઢતી થી<br>
ઔર આકે કિસીને સિનેમેં ખંજર હલા દિયા

કૌન કહેતા હૈ કિ હમ મુફલીસ હૈ<br>
ખુદા કે નામ કિ ઘરમેં તિજોરીયા ભરી હૈ.

બાર બાર બુલાતા હું આતી નહીં<br>
જિંદગી નહીં હમસે મૌત રૂઠી હૈ.

દરદ કિ દાસ્તાન હમ કહે તો કિસે કહે<br>
કિ હર શખ્સ યહાં દિલમેં દર્દ લિયે બેઠા હૈ.

ઉનકો દેખતે હી કદમ રૂક જાતે હૈ<br>
ખુદા કા શુકર હૈ સાંસ રૂકતી નહીં.

યહાં ઉઠાનેવાલા મેરે જનાજેકો કોઈ નહીં થા<br>
શખ્સ જો ભી થા ઉનકી ડોલીમેં સામિલ થે.

દાસ્તાન દર્દ કી અબ મૈં સુનાવું કૈસે?<br>
ઈક કિસ્સા સુનાયા તો લોગ રો પડે.

ક્યા માંગા થા ક્યા મિલા હૈ<br>
દિલ માંગા થા દરદ મિલા હૈ.

*મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ*<br>
*મો. ૮૧૪૦૨ ૭૧૯૯૪*

# ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિ કથા

## ચરણ-૨૦ ★ ચંદ્રશેખર આઝાદ



પારસ દવે - નડિયાદ

મેજિસ્ટ્રેટે પૂછ્યું, 'તુમ્હારા નામ?'

'આઝાદ!'

'તુમ્હારે બાપકા નામ?'

'સ્વાધીન!'

'કહાં રહતે હો?'

'જેલખાને મેં.'

'ક્યા કરતે હો?'

'અદાલતકા બોયકોટ!'

'હં... અચ્છા!' મેજિસ્ટ્રેટે દાંત ભીંસ્યા 'બદમાશી કરતે હો ક્યા?'

'જી નહીં.'

'તુમકો સીધા કિયા જાયેગા.'

'બેશક!'

વિદ્યાર્થીના નીડરતા અને જુસ્સાભર્યા જવાબો સાંભળી કોર્ટમાં બેઠેલા તમામ પ્રેક્ષકો તેના ઉપર ખુશ થઈ ગયા. પ્રેક્ષકોની નજરમાં પોતાની રેવડી થતી જોઈ મેજિસ્ટ્રેટ ખૂબ ગુસ્સે થયો અને ગુસ્સામાં અને ગુસ્સામાં તેણે ચુકાદો આપ્યો : 'બારત બેંત કી સજા.'

અદાલતમાં બેઠેલા માણસો ઉપર જાણે વીજળી પડી. ઘડી પહેલાં હસતા લોકો એકદમ ગંભીર બની ગયા. 'ગજબ કિયા, બાપ રે!' કોઈ બોલી ઉઠ્યું : 'ઉફ, ઇતને નાદાન બચ્ચે કો બારાહ બેંત કી સજા! ક્યા જુલ્મ હૈ!' અદાલતમાં હાહાકાર મચી ગયો. સૌ મનમાં ને મનમાં મેજિસ્ટ્રેટને ગાળો ભાંડવા લાગ્યા.

ફટકાની સજા કેવી આકરી કષ્ટદાયી હોય એનો ખ્યાલ આજના જમાનામાં ન આવે. ભલભલા બહારવટીયા, ક્રિમિનલ કેદીઓ, રીઢા ગુનેગારો ફટકાની સજાનું નામ સાંભળી કંપી ઊઠતા. જેને ફટકાની સજા કરવામાં આવે તેનાં બધાં કપડાં ઉતારી નાખવામાં આવે. માત્ર લંગોટીભેર નવસ્ત્રા બનાવે, પછી તેના હાથ ત્રિકોણાકાર ઉંચી ઘોડી સાથે બાંધે અને બે પગ પહોળા રાખી ઘોડીના પાયા સાથે બાંધે. પછી મીઠાના પાણીમાં બોળેલી નેતરની સોટીના ફટકા મારવામાં આવે. ચામડી ચીરાઈ જાય, લોહીની શેડો ઉડે, માંસના લોચા બહાર નીકળી પડે અને બે-ચાર ફટકા વાગતા માણસ બેભાન બની જાય. એટલે ડોક્ટર તેને દવા આપી ભાનમાં લાવે. આવી ભયંકર સજા સોળ વર્ષના સુકુમારને કરવામાં આવી ત્યારે પ્રેક્ષકોમાં અરેરાટી છૂટી ગઈ. પરંતુ તે તો હસતો હતો!

અદાલતનું કામકાજ પૂરું થયું. વિદ્યાર્થીને સેન્ટ્રલ જેલમાં લઇ જવામાં આવ્યો. ત્યાં તેને ફટકાની સજા કરવામાં આવી. એક, બે, ત્રણ... જેમ જેમ ફટકા પડતા ગયા તેમ તેમ શરીરની વેદના વધતી ગઈ. લોહીની શેડો ફૂટી પણ તેના મુખમાંથી જયઘોષ ગાજી રહ્યો : 'ભારત માતાકી જય!'

જેલના કેદીઓ, વોર્ડરો, અધિકારીઓ સૌ કોઈ એ દશ્ય જોઈને થથરી ઉઠ્યા. તેમના મુખમાંથી તેની અદ્‌ભુત વીરતા જોઈને ઉદ્‌ગાર નીકળી પડ્યા : 'વાહ, વાહ!' જેલરે પોતાની જિંદગીમાં આવો બહાદુર યુવાન જોયો નહોતો. ડૉક્ટરે દવા લગાડી, સારવાર કરી અને ચંદ્રશેખરને મુક્ત કરવામાં આવ્યો. તે દિવસે આખું બનારસ આ કિશોરની બહાદુરી ઉપર વારી ગયું. એ શૂરવીર કિશોરને લોકોએ તેડી લીધો. તેને ફૂલની માળાઓથી ઢાંકી દીધો. માતાઓની આંખોમાં આંસુ ઉભરાયા. અબાલવૃદ્ધ સૌ કોઈ વીર આઝાદની મુક્તકંઠે પ્રશંસા કરવા લાગ્યાં. કાશી નગરના નેતાઓ અને પ્રજાજનોની જીભ ઉપર એક જ નામ રમવા લાગ્યું ને તે ચંદ્રશેખર આઝાદ (ત્યારથી ચંદ્રશેખર આઝાદ તરીકે ઓળખાયા).

ચંદ્રશેખર આઝાદનો જન્મ ૨૩ જુલાઈ, ૧૯૦૬ના રોજ મધ્ય પ્રદેશના અલીરાજપુર જિલ્લાના ભાબરામાં થયો હતો. આઝાદના પિતાનું નામ પંડિત સીતારામ તિવારી તથા માતાનું નામ જાગરાની દેવી હતું. આઝાદનું પ્રારંભિક જીવન આદિવાસી પ્રભુત્વ ધરાવતા ભાબરામાં વિત્યું હતું. બ્રિટીશ શાસિત ભારતમાં ઉછરેલા આઝાદની નસો શરૂઆતથી જ અંગ્રેજો માટે નફરતથી ભરેલી હતી. ૧૯૨૦માં, માત્ર ૧૪ વર્ષની વયે, ચંદ્રશેખર આઝાદ ગાંધીજીના અસહકાર આંદોલન સાથે જોડાયા હતા.

*ઉત્સાહ, સામર્થ્ય અને મનમાં હિંમત – આ સફળતા મેળવવાના આવશ્યક ગુણો કહેવાયા છે.*

- **ક્રાંતિની શરૂઆત :**

ચંદ્રશેખર આઝાદની નિશાનેબાજી બાળપણથી જ ખૂબ સારી હતી. તેમણે બાળપણમાં જ તેની તાલીમ લીધી હતી. જલિયાવાલાં બાગની ઘટના પછી ચંદ્રશેખર સમજી ગયા કે આઝાદી શબ્દોથી નહીં, બંદુકથી મળશે. જો કે તે દિવસોમાં મહાત્મા ગાંધી અને કોંગ્રેસનું અહિંસક આંદોલન ચરમસીમા પર હતું અને સમગ્ર દેશમાં તેમને ભારે સમર્થન મળી રહ્યું હતું. આવી સ્થિતિમાં હિંસક પ્રવૃત્તિઓના હિમાયતી ઓછા હતા. ચંદ્રશેખર આઝાદે મહાત્મા ગાંધી દ્વારા ચલાવવામાં આવેલા અસહકાર આંદોલનમાં પણ ભાગ લીધો હતો અને તેમને સજા પણ થઈ હતી. પરંતુ ચૌરા-ચૌરીની ઘટના પછી જ્યારે આંદોલન પાછું ખેંચવામાં આવ્યું ત્યારે આઝાદનો કોંગ્રેસથી મોહભંગ થઈ ગયો અને તેઓ બનારસ તરફ પાછા વળ્યા.

બનારસ એ દિવસોમાં ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું. બનારસમાં તેઓ દેશના મહાન ક્રાંતિકારીઓ મન્થનાથ ગુપ્તા અને પ્રણવેશ ચેટરજીના સંપર્કમાં આવ્યા. તેઓ આ નેતાઓથી એટલા પ્રભાવિત થયા કે તેઓ ક્રાંતિકારી પક્ષ હિંદુસ્તાન પ્રજાતંત્ર સંઘના સભ્ય બની ગયા. શરૂઆતમાં આ પાર્ટીએ ગામડાઓના એ ઘરો લૂંટવાનો પ્રયાસ કર્યો કે જેઓ ગરીબ લોકોનું લોહી ચૂસીને પૈસા ભેગા કરતા હતા. પરંતુ પાર્ટીને તરત જ સમજાઈ ગયું કે પોતાના લોકોને તકલીફ આપીને તેઓ ક્યારેય જનતાનો વિશ્વાસ નહીં જીતી શકે. તરત જ પાર્ટીએ તેની ગતિવિધિઓ બદલી અને તેનો ઉદ્દેશ્ય માત્ર સરકારી સંસ્થાઓને નુકસાન પહોંચાડીને તેમની ક્રાંતિના લક્ષ્યોને પ્રાપ્ત કરવાનો હતો. આખા દેશને તેમના ઉદ્દેશ્યોથી વાકેફ કરવા માટે પાર્ટીએ તેમનું પ્રખ્યાત પેમ્ફલેટ ધ રીવોલ્યુશનરી પ્રકાશિત કર્યું. આ પછી, તે ઘટનાને અંજામ આપવામાં આવ્યો, જે ભારતીય ક્રાંતિના અમર ઈતિહાસના પાનાઓમાં સુવર્ણ અક્ષરોમાં લખાયેલું છે : કાકોરી ઘટના.

- **કાકોરી ઘટના અને કમાન્ડર ઇન ચીફ :**

જે ઘટનાનું નામ માત્ર લેતાં આજે પણ હૈયુ એ મહાન વીરોને શત્ શત્ નમન કરે છે, જેમને કાકોરીકાંડ ઘટનાના કારણે ભર યુવાનીમાં ફાંસી આપવામાં આવી હતી. આ ઘટનામાં દેશના મહાન ક્રાંતિકારીઓ રામપ્રસાદ બિસ્મિલ, અશફાકઉલ્લા ખાન, રાજેન્દ્રનાથ લાહિરી અને ઠાકુર રોશન સિંહને ફાંસીની સજા આપવામાં આવી હતી. પક્ષના દસ સભ્યોએ આ લૂંટને અંજામ આપ્યો અને સફળ બનાવી. અંગ્રેજોને તેમની તિજોરી લૂંટીને પડકાર ફેંક્યો.

આ ઘટના બાદ પાર્ટીના મોટાભાગના સભ્યોની ધરપકડ કરવામાં આવી હતી. પાર્ટીનું વિઘટન થઈ ગયું. ફરી એકવાર આઝાદને પાર્ટી સ્થાપવાની સમસ્યાનો સામનો કરવો પડ્યો. ઘણા પ્રયત્નો છતાં બ્રિટીશ સરકાર તેમને પકડવામાં નિષ્ફળ રહી હતી. આ પછી આઝાદ ગુપ્ત રીતે દિલ્હી પહોંચ્યા. જ્યાં ફિરોઝશાહ કોટલા મેદાનમાં બાકીના તમામ ક્રાંતિકારીઓની ગુપ્ત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં આઝાદ ઉપરાંત મહાન ક્રાંતિકારી ભગતસિંહે પણ ભાગ લીધો હતો.

આ બેઠકમાં નવા નામ સાથે નવો પક્ષ બનાવવો જોઈએ અને ક્રાંતિની લડાઈને આગળ વધારવી જોઈએ તેવો નિર્ણય લેવાયો હતો. નવી પાર્ટીનું નામ હતું – હિંદુસ્તાન સોશિયાલીસ્ટ રીપબ્લિકન એસોસિએશન. આઝાદને તેના કમાન્ડર-ઇન-ચીફ બનાવવામાં આવ્યા હતા. સંગઠનનું પ્રેરક વાક્ય "અંતિમ નિર્ણય સુધી અમારી લડત ચાલુ રહેશે અને તે નિર્ણય વિજય કે મરણ" નક્કી કરવામાં આવ્યું હતું.

ચંદ્રશેખર આઝાદ કહેતા કે, 'આપણે દુશ્મનની ગોળીઓનો સામનો કરીશું, આઝાદ છીએ, આઝાદ રહીશું.' એક સમય હતો કે તેમના આ સૂત્રને દરેક યુવક દરરોજ રટણ કરતા હતા. જે ગર્વ સાથે આઝાદ સ્ટેજ પરથી બોલતા, હજારો યુવાનો દેશ માટે તેમની સાથે બલિદાન આપવા તૈયાર થઈ જતા હતા.

ચંદ્રશેખર આઝાદ ૨૭ ફેબ્રુઆરી, ૧૯૩૧ના રોજ, અલ્હાબાદના આલ્ફ્રેડ પાર્કમાં સુખદેવ અને તેના અન્ય એક મિત્ર સાથે મળી યોજના બનાવી રહ્યા હતા. અચાનક બ્રિટીશ પોલીસે તેમના પર હુમલો કર્યો. આઝાદે પોલીસ પર ગોળીબાર કર્યો. જેથી તેમનો સાથી સુખદેવ છટકી શકે. પોલીસની ગોળીથી આઝાદ ખરાબ રીતે ઘાયલ થયા હતા. તે સેંકડો પોલીસ સામે ૨૦ મિનિટ સુધી લડ્યા હતા. અંતે તેમનું સૂત્ર 'આઝાદ છું, આઝાહ રહીશ એટલે કે તેઓ કદી પકડાશે નહીં અને ન તો બ્રિટીશ સરકાર તેમને ફાંસી આપી શકશે' ને યાદ કર્યું. તેમણે પિસ્તોલની છેલ્લી ગોળી પોતાની જાતને જ મારી, માતૃભૂમિ માટે પોતાના જીવનું બલિદાન આપ્યું. ■

*With Best Compliments From....*

**V. R. GOPANI**

1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahladnagar, Ahmedabad-380 015. **Mobile : 94263 03628**

*ક્ષણભરની સફળતા વર્ષોની અસફળતાની કમીને પૂરી કરી દે છે.*

# કચ્છી લોકસાહિત્યમાં દીકરીનું ભાવ સંવેદન



ચંદ્રકાંત પટેલ 'સરલ'

કચ્છ પ્રદેશ જેટલો મીઠડો છે, તેટલી મીઠી એની બોલી છે. આ બોલી તેના અસલ સ્વરૂપમાં પ્રાકૃત જેવી નિર્ભેળ રહી છે. અન્ય પ્રાંતોમાંથી આવી કચ્છમાં વસી ગયેલા જુદા જુદા પ્રાંતના લોકોએ કચ્છી બોલી અપનાવી લીધી છે.

કચ્છની ધરતી બધા મલકથી આગવી ભાત પાડતી સંસ્કૃતિ છે. એનો પહેરવેશ, રીત-રિવાજો, એની બોલી વગેરે બધું જુદું જ લાગે. કચ્છની બોલી બાબાણી પણ સાવ નોખી જ લાગે અને કચ્છજે માડુજો ખમીર તો બધાથી નિરાળો હોં!

*કચ્છી આદિ લોકકવિ કહે છે :*

***કચ્છડેજી હાંઠી, જેડી કમરજી દાંડી,***
***ઈ જબરજી આખણી તારી તાતી તાંય માઠી.***

લોકકવિ કહે છે કે કચ્છની શારીરિક હાંઠી કમળના વન જેવી છે. કમળ ભલે કાદવમાં ઉગે પણ તેની સુગંધ-સુવાસ કાદવની દુર્ગંધને પણ દાબી દઈને વાયુ પર અસવાર થઇ ચોતરફ પ્રસરી જીવનને તરોતાજું બનાવે છે, એમ કચ્છની વાણી પણ જોશીલી છતાં ભીતરથી મૃદુ જ છે.

કચ્છ શબ્દના ઘણા અર્થો થાય છે. કચ્છ મૂળે સંસ્કૃત ભાષાનો શબ્દ છે અને તેનો એક અર્થ 'કાચબો' થાય છે. આ કાચબો 'કચ્છપ'થી ઓળખાય છે. કચ્છપ શબ્દમાંથી છેલ્લો અક્ષર 'પ' નીકળી જતાં 'કચ્છ' શબ્દ બન્યો છે. તેનો બીજો અર્થ 'ભેજવાળો પ્રદેશ' એવો પણ થાય છે. આ સિવાય આ પ્રદેશના ઘણા અર્થો છે.

આવા કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય પણ નિરાળું છે. લોક સાહિત્ય એ કંઠસ્થ સાહિત્ય છે. કાઠિયાવાડ અને કચ્છમાં તો તળ ગુજરાત કરતાં પણ વધારે કંઠસ્થ સાહિત્ય મળી આવે છે. લોકગીતો, લગ્નગીતો, શૌર્યગીતો, હાલરડાં, રાજિયા, દુહા, સોરઠા, ભક્તિ ગીતો, વ્રત ગીતો, મેળાનાં ગીતો, બળવાનાં ગીતો તથા પ્રકીર્ણ ગીતોથી લોકસાહિત્ય ઉભરાયું છે.

કોઈ પણ પ્રદેશનું લોકસાહિત્ય જુઓ. તેમાં વ્યક્ત કરાયેલાં ગીતોમાં મુખ્ય કેન્દ્રસ્થાને બહેન, દીકરી, ભાભી, નણંદ, સાસુ આદિ પાત્રો વિપુલ પ્રમાણમાં દેખાય છે. ગીતોની ભાષા, છંદ અને શૈલી ભલે અલગ હોય પરંતુ દરેક પ્રાંતના ગીતોનો ભાવ તો એક જ છે અને તેના મૂળમાં સામૂહિક ચેતના અને પ્રેરણાના જ ભાવો દૃષ્ટિગોચર થતા દેખાય છે.

લગ્ન અને ગૃહ જીવનના અપૂર્વ ભાવોથી છલકાતાં અનેક લોકગીતો, લગ્નગીતો માત્ર ગુજરાતીમાં જ નહીં, પણ બીજી અનેક ભાષાઓમાં ઊગી નીકળ્યાં છે. એ ગીતો માત્ર લોક સમાજનું જ ચિત્રદર્શન કરાવીને અટકતાં નથી, પણ ઘણીવાર લોકોને આદર્શ, ઉલ્લાસ અને પ્રેરણા પણ આપે છે. કંઈક અંશે આ ગીતો તેમના ઘડતરમાં પણ ભાગ ભજવે છે.

કચ્છનું કંઠસ્થ લોકસાહિત્ય સિંધી સાહિત્ય સાથે પ્રગાઢ સંબંધ ધરાવે છે. 'કચ્છના કળાધર' નામ ધરાવતાં ચંદ્રવંશીય રાજપુતોની તવારીખ નામના સદ્‌ગત નારાયણજી વસનજી ઠક્કુરના ગ્રંથમાં કચ્છના આ સાહિત્ય શાખાનાં સુંદર દર્શન કરાવવામાં આવ્યા છે.

કચ્છમાં દીકરીના જન્મને શુકનવંતી ગણતી ઘણી લોકજાતિઓ આજે પણ વસે છે અને ઘરમાં દીકરી જન્મે ત્યારે તેના વધામણા કરવામાં આવે છે અને દીકરીના ઉછેરમાં કોઈ જાતની કચાશ રખાતી નથી.

*દીકરીની પ્રશસ્તિ કરતું એક કચ્છી ગીત જુઓ :*

***જાઈ રૂડી રે જાઈ રૂડી, ઈનજે હાથમેં ચાર ચૂડી,***
***આંગણે રમે ત અધાકે ગમે,***
***બાયણે રમે ત બાપા કે ગમે... જાઈ રૂડી રે જાઈ...***

***ફરિયેમેં રમે ત ફૂઈ કે ગમે,***
***ડેલીએ રમે ત ડાડા કે ગમે... જાઈ રૂડી રે જાઈ...***

***શેરીએ રમે ત સૈયર કે ગમે,***
***જાઈ રૂડી રે જાઈ રૂડી, ઈનજે હાથમેં ચાર ચૂડી.***

ફુલના ગોટા જેવી નાજુક નમણી અને માસુમ દીકરી રૂડી રૂપાળી છે. એના હાથના કાંડામાં ખનન.. ન... ખનકતી ચાર ચાર બંગડીઓ છે. દીકરી આંગણામાં રમતી હોય છે ત્યારે પિતાજીને બહુ વહાલી વહાલી લાગે છે, બારણે રમતી હોય છે ત્યારે બાપાને ગમે છે. એ ઢીંગલી - પોતિયાં લઇને ફળીયામાં

રમતી હોય છે ત્યારે ફૂઈ તેના પર ઓવારી જાય છે અને જ્યારે બહેનપણીઓ સાથે શેરીમાં રમતી હોય છે ત્યારે કાલું-કાલું બોલતી ઢીંગલી જેવી એ દીકરી સહેલીઓને ખૂબ જ ગમે છે.

કચ્છી માતા દીકરીને હાલરડાં ગાતાં ગાતાં તેનામાં સંસ્કારોનું સિંચન કરે છે. આ હાલરડાં કેવળ રાગડા જ નથી કે દીકરીને સુવડાવવા માટેનાં માત્ર ગાન જ નથી. તેમાં ભારોભાર ભવિષ્યનું ચિત્રાંકન પણ ઝુલતું હોય છે.

પ્રસ્તુત કચ્છી હાલરડું તો જુઓ. તેમાં કેટલું ગાંભીર્ય સૂચન છે!?

*કાંભિયે સે લોડ પાણી ભર રે છોરી ડાહ્યલી,*
*કડલે સે લોડ પાણી ભર રે છોરી ડાહ્યલી!*

માતા હાલરડામાં ભવિષ્યનું કથન કથે છે ને કહે છે : હે મારી ડાહી દીકરી! કાંબી અને કડલાં તો શરીર પર ભારરૂપ જ છે. તું આ ઘરેણાંનો ભાર ઉપાડીને પણ પ્રથમ હાથમાં ગાગર લઇ લે. કારણકે કચ્છમાં મીં (મેઘ) લંગડો છે. જીવનમાં પાણી મેળવવાનું સાધન ગાગર જ છે. ઘરેણા તો અંગ માથે માત્ર ભાર જ કરે છે. જીવનમાં તને ગાગર જ ઉપયોગી થશે. અહીં માતાએ દીકરીને કેવડું મોટું જીવનમૂલ્ય સમજાવ્યું છે!

દીકરી ધીમે ધીમે ઉંમરમાં મોટી થવા લાગે છે ત્યારે માતા દીકરીને અવનવા ભરત ભરેલાં વસ્ત્રોથી શણગારે છે અને પછી દીકરીને પહેરાવેલા વસ્ત્રોની પ્રશંસા પણ દીકરી પાસે બેસીને કરે છે. દીકરીના ફુલગુલાબી ભરત ભરેલાં વસ્ત્રો જોઈને માતા પણ દીકરી ઉપર મોહી પડે છે ને ગાય છે :

*મુંજી ધીયલ જો લૂગડો, ઝળાંહળાં થીયે,*
*ખોંભી ફૂલદાર, કંજરી કોણીદાર;*
*ચણિયો ચટાકદાર... હલો ધીરાડુ કચ્છડે...*

ત્યારબાદ માતા દીકરીના હાથમાં સોય અને રંગીન દોરા આપે છે અને ભરતકામ શીખવાડે છે. કચ્છી બાળકો રમકડાંને બદલે સોય દોરાથી વધારે રમે છે. કચ્છી માડુનું ભરતકામ દેશ દેશાવર વખણાય છે. કચ્છની ભાતીગળ બાંધણીની દેશ વિદેશમાં ખૂબ માંગ છે.

કચ્છી બહેનો નવરાશના સમયે જે ભરત ગૂંથણ કરે છે તે વિશિષ્ટ શૈલીનું અને આકર્ષક છે. કચ્છના બન્ની વિસ્તારનું ભરત ગૂંથણ ખૂબ વખણાય છે. ગુજરાતના અન્ય વેપારીઓ આ બહેનો પાસે ભરત ગૂંથણ કરાવી વહેંચે છે. આ બહેનોને પરંપરાગત શૈલીનું ભરત ગૂંથણનું શિક્ષણ માતા દ્વારા મળ્યું હોય છે. કચ્છના પ્રવાસે આવતા પરદેશી પ્રવાસીઓ અને કલારસિકો બન્નીનું ભરતકામ જોવા ઉમટી પડે છે.

આવા કારણસર દીકરીના જન્મને અહીંના લોકો વધાવતા હશે એમ સમજાય છે કારણકે ભરતકામ એ સ્ત્રીઓના હાથનું જ કસબ છે. દીકરી ભરત ગૂંથણમાં ધીમે ધીમે પાવરધી થતી જાય છે ત્યારે માતા અનહદ આનંદ અનુભવે છે અને પછી દીકરીના માથા પર માતા લીલી ઓઢણી ઓઢાડે છે.

લીલો રંગ ફળદ્રુપતા અને માતૃત્વનું સૂચન કરે છે. કચ્છમાં જે દીકરી માથે લીલી ઓઢણી ઓઢીને નીકળે તે દીકરી પરણવાલાયક થઈ છે, ને વડીલો તેના માટે સારા સાસરાની શોધમાં છે એમ કચ્છી લોકો જાણી જાય છે.

ભરત ગૂંથણ કરતી દીકરી પાસે મા બેસે છે ને તેની કલા કારીગરી, કસબ તપાસે છે. જો ક્યાંય ભૂલ રહી ગઈ હોય તો માતા તે ભૂલ તરફ ધ્યાન દોરે છે અને ભૂલ સુધારે છે.

હાલરડાંથી માતાએ શરૂ કરેલી કેળવણી લોક ભરત દ્વારા પુષ્ટ બને છે. ભરત ભરતાં ભરતાં દીકરી હરખથી છલકાઈ ઉઠે છે. તેણે તૈયાર કરેલા ભરતકામમાં ક્યાંય ભૂલ ન દેખાતાં દીકરી માતાની સામે પોતાની કલા કારીગરીને વખાણે છે ને તે શું શું બનાવશે ને શું બનાવ્યું છે તે માતાને જણાવે છે :

*હું તો હોના હરુખો ભરત બનાવસ રે,*
*માંહે પૂતળીઓ રમે’સ રાસ રે.*
*હું તો હોના હરુખો ભરત બનાવસ રે,*
*હું તો હોના હરુખો કેડિયો બનાવસ રે.*
*માંહે નવલખાનો અજવાસ રે*
*હું તો હોના હરુખો ભરત બનાવસ રે.*

દીકરી ભરતકામમાં કાબેલ બની જાય છે ત્યારે માતા બહારના વેપારીઓના ભરતકામના ઓર્ડર લેવા માંડે છે ને મા-દીકરી મળીને અવનવા વસ્ત્રો ભરત ગૂંથણના કસબમાં ઢાળી વેપારમાં વૃધ્ધિ કરવા માંડે છે.

અષાઢી બીજે માંડવીના દરિયા કિનારે મોટો મેળો ભરાય છે ત્યારે માંડવી શહેરની સ્ત્રીઓ સવારે દરિયા કિનારે ‘ઓરગ’ કરવા જાય છે. ઓરગ એટલે નાના કળશ દૂધથી ભરીને સમુદ્રમાં રેડે છે. કચ્છી માડુ તેને દરિયાની પૂજા કહે છે. આ સમયે માતાઓની સાથે તેમની દીકરીઓ પણ મેળો મહાલવા આવી હોય છે. માતાઓ દીકરીને કહે છે કે અમારે ઘેર રસોઈ પાણી કરવા છે. અમે ઘેર જઈએ છીએ.

અહીં માતાઓ પોતાની દીકરીઓને ‘કુંજલડી’ કહે છે ને ગાય છે :

*નિષ્ફળતાની ઈમારત બહાનાના પાયા પર રચાતી હોય છે.*

*કુંજલિયું હાણે હલો પાંજે ઘરે,*
*કુંજ વિઠી આય ધરિયાજે બેટમેં.*
*હાણે ઘરે વિની માની ઘડિયું,*
*તોકે ત હિત ચૂણે જો નાંય પાર*
*કુંજલિયું હાણે હલો પાંજે ઘરે.*

પ્રત્યેક કચ્છી સ્ત્રી પોતાની દીકરીને કુંજ પક્ષી સાથે સરખાવે છે કારણકે કુંજ પક્ષી કાયમ એક સ્થળે સ્થાયી થઈને નથી રહેતા, તેમ દીકરી પણ કાયમ પિતાને ઘરે રહેવાની નથી. પાંખો આવ્યે સાસરિયામાં ઉડી જાય છે. આ ગીતમાં માતાને જલ્દી જલ્દી ઘેર પહોંચીને રસોઈ બનાવવાની ઉતાવળ હોય છે. દીકરી તો મેળામાં ખાઈને પેટ ભરી લેશે એવો ભાવ વ્યક્ત થયો છે.

દીકરી પરણી - ઊતરી સાસરે વિદાય થાય છે ત્યારે માતાના જીવનમાં જાણે કે શૂન્યાવકાશ સર્જાઈ જાય છે. વિદાય લેતી દીકરી માતાને ખૂબ રડાવે છે. માતા કરુણ સ્વરે રડતી રડતી પોતાનાં હૃદયને પણ સમજાવે છે :

*જાયુ પરાયો ધન, મુંજી આયલ માં,*
*વિલગીર મ થી... જાયુ જાયુ પરાયું કજે*
*જાયુ પરાયો ધન, મુંજી આયલ માં.*

માતા હૃદયને સંબોધીને કહે છે : હે હૃદય! દીકરી એ તો પરાયું ધન છે. માટે તું વ્યાકુળ ન થા. વિહવળ ન બન. દીકરીનો જન્મ જ પારકા કાજે છે. અહીં 'જાયુ' એટલે દીકરીઓ એમ સમજવું.

વિદાય લેતી દીકરીને માતા શિખામણ આપે છે.

*ઘરજી ગાલ્યું ઘરમેં રખજા,*
*કઢી જા ન કીતે બાર રે;*
*તાળા-કુંજી હથમેં રખીજા!*

હે દીકરી! સાસરે જઈને તું સાસરવાસની બધી વાતો ઘરમાં જ રાખજે. તેને બહાર વ્યક્ત ન કરતી. દીકરીને લઈને વરની જાન સીમાડો વળોટી જાય છે. પણ માતાને ડગલે ને પગલે દીકરીની યાદ સતાવ્યા કરે છે.

દીકરીની વિદાય, એ માતા-પિતા માટે વસમી પળ હોય છે. આદિવાસી કુંકણા જાતિના બોલીના એક લગ્નગીતમાં દીકરીની વિદાય પછીની સ્થિતિ વર્ણવતું કરુણ ગીત જુઓ :

*સુરે ની ટાંકલે તાર વ...*
*સીતા કાય વલુની ગેલી વ (૨)*
*બાઈ માંજા આંગના સૂના વ (૨)*
*સુરેની ટાંકલે તાર વ...*
*બાઈ માજા ભાનસા સૂના વ (૨)*
*સુરેની ટાંકલે તાર વ (૨)*
*બાઈ માજા તાંબડા ખાલી વ (૨)*
*સુરેની ટાંકલે તાર વ (૨)*
*બાઈ માજા ગોઠા સૂના વ (૨)*
*સુરેની ટાંકલે તાર વ*
*સીતા કાય વલુની ગેલી વ (૨)*

અર્થાત્ : આકાશમાં સૂરજે તારલા ફેંક્યા, સીતાએ ઝીલી લીધા. દીકરી તારા જવાથી મારું આંગણું સૂનું થઈ ગયું છે. સૂરજે તારલા ફેંક્યા, સીતાએ ઝીલી લીધા. હે દીકરી! તારા જવાથી ગમાણ, રસોડું, તાંબાનું બેડું વગેરે સૂના થઈ ગયા છે.

*કચ્છી માતા દીકરીને કસ્તુરીની ઉપમા આપતા ગાય છે :*

*કસ્તુરી કાંટે રી તોળાઈ,*
*કસ્તુરી મોંઘેરી વેચાય.*
*સે તો મુંજી ધીયલ જે,*
*વિયા મેં વેચાણી હોજી...*

'દીકરી ને ગાય દોરે ત્યાં જાય...' એ ઉક્તિનુસાર કસ્તુરી જેવી સંસ્કારથી મઘમઘતી મારી દીકરીને આજે વરરાજો ખરીદી ગયો! મારી દીકરી વિવાહ જેવા પ્રસંગમાં વેચાઈ ગઈ — એમ દીકરીની મા કહે છે.

આપણા મોટાભાગના લોકગીતો સામાજિક પરિસ્થિતિમાંથી જનમ્યા છે. એ ગીતોમાં સંવેદન, સમર્પણ, શૌર્ય, અનુકંપા અને વિરહની સાથોસાથ ઉત્સાહ તથા મૂંગી વેદનાઓ તોરણ થઈને ઝુલતી રહી છે.

લોકસાહિત્ય એ સમગ્ર દેશની સાંસ્કૃતિક સંપત્તિ છે. જનસમાજમાં વહેતી સરિતામાં લોકગીતોનો પ્રવાહ સૌથી વધુ પ્રબળ, આકર્ષક અને ચિરંજીવી છે. તેની આસપાસ ધબકતાં હૈયાં, નીતિ, ટેક, મર્દાનગી, ટેક, ઝીંદાદિલી અને સમકાલીન સમાજની આછી-પાતળી પરિસ્થિતિનો અને રાષ્ટ્રનો ધબકતો ઇતિહાસ પડેલો છે.

પીયરથી સાસરે વિદાય થયેલી દીકરી કે જે બચપણથી માંડી યુવાની સુધી જે ઘરમાં ઉછરી હોય, સખીઓ સાથે પાદરમાં આંબલી-પીપળીની રમત રમી હોય; મા-બાપ, ભાઈ-ભાભીઓની દુલારી બનીને હેતના હીંચકે હીંચકી હોય તે જ દીકરી પરણ્યા પછી સાસરિયાને સોના-રૂપાના હાર જેવું ગણવા લાગે છે.

સાસરેથી પીયર આંટો દેવા આવેલી દીકરીને મા સુખ-દુઃખ

*તમે તળિયે પછડાઓ છો ત્યારે કેટલે ઊંચે ઊઠો છો એ તમારી સફળતાની પારાશીશી છે.*

વિશે પૂછે છે ત્યારે કચ્છી દીકરી કહે છે :

*નોં નોં હીરે સે શોભે મુંજી સોહાગટીલી,*
*પેલો હીરો તાં મુંજો સોરો સોહાગી;*
*પંજમેં પૂછાય... નોં નોં હીરે સે -*
*શોભે મુંજી સોહાગટીલી.*

નોં નોં એટલે નવ નવ. દીકરી માતાને કહે છે કે, હે મા! નવ નવ હીરાથી મારી સૌભાગ્ય ટીલડી શોભી રહી છે. તેમાં મારો સોરો એટલે કે સાસરો પ્રથમ હીરો ગણાય છે. હીરો એટલે જેની કિંમત અમૂલ્ય હોય તે પદાર્થ-તત્ત્વ. દીકરી કહે છે, મા! મારો સસરો પાંચમાં પૂછાય છે. પછી દીકરી સાસુ, જેઠ-જેઠાણી, દીયર, દેરાણી, નણંદ, કાકાજી-કાકીજી આદિની પ્રશંસા કરે છે. નાનપણથી મોટી થયેલી દીકરી પરણ્યા પછી પાંચ-દસ દિવસમાં જ સાસરીયાના સભ્યોને નવલખા હીરા જેવા મૂલ્યવાન ગણવા લાગેછે અને પીયરીયું ભૂલી જઈને સાસરીયાની માયામાં બંધાઈ જાય છે. જેમ દૂધમાં સાકર ભળે એમ દીકરી સાસરીયામાં એકરસ થઈને ભળી જાય છે.

*C/o. "સંસ્કૃતિ દર્શન" 'અનુરાગ', રતનપરા શેરી નં.-૧,*
*બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦ (જિ. જુનાગઢ)*
*મો. ૯૭૩૫૯૦૨૪૨૪*

Mr. Prafulchandra Tank
M. : +91 98250 53258
Mr. Kishan P. Tank
M. : +91 99258 11599
KARMA
CHEMICAL INDUSTRIES
Manufacturer of : BASIC DYES
RHODAMINE B 540%
Basic Violet 10 & Other Qualities
BASIC RHODAMINE B BASE
BASIC DYES FOR
Paper, Textile Printing & Leather
• FACTORY •
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110
• RESIDENCE •
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

## ડિજિટલ કેમેરા / મોબાઈલ કેમેરા ફોન વપરાશકર્તાઓએ ખાસ વાંચવું (સત્ય ઘટના)

ડિજિટલ કેમેરાની ફ્લેશ લાઈટ આપણા શરીરમાં 'વીજળી'થી એક્સેસ કરી શકો છો??? – હા, ૧૦૦% કરી શકો છો...!!!

આ એક સાચી ઘટના છે.

૧૯ વર્ષના પ્રથમ વર્ષના એન્જિનિયરીંગના વિદ્યાર્થી સાથે બનેલી આ ઘટના છે. મુંબઈની કેશવાણી હોસ્પિટલમાં તેનું અવસાન થયું. દાઝી જવાથી તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. દાઝી જવાનું કારણ....??

તે અભ્યાસ પ્રવાસ (એજ્યુકેશનલ ટુર) માટે અમરાવતી ગયો હતો. પરત ફરતી વખતે તે મિત્રો સાથે રેલવે સ્ટેશન પર ટ્રેનની રાહ જોઈ રહ્યો હતો. ઘણા વિદ્યાર્થીઓ મોબાઈલ અને ડિજિટલ કેમેરાથી ગ્રુપ ફોટા લઈ રહ્યા હતા. તેમાં એક આ છોકરો પણ હતો. જ્યાં તે ઉભો હતો ત્યાથી ડિજિટલ કેમેરા સુધી, ફોટામાં આખું ગ્રુપ આવતું ન હતું. આથી આખા ગ્રુપનો ફોટો લેવા માટે તે છોકરો થોડો પાછળ હટી ગયો.

તે જ્યાં ઉભો હતો, તેની ઉપર ૪૦,૦૦૦ વોલ્ટનો ઇલેક્ટ્રીક વાયર હતો. જે ક્ષણે તેણે ફોટો લેવા માટે ડિજિટલ કેમેરાનું બટન દબાવ્યું, તે જ ક્ષણે કેમેરાની ફ્લેશ લાઈટથી કેમેરાથી ૪૦,૦૦૦ વોલ્ટની વીજળીએ તેની આંગળીઓ સુધી અને ત્યાંથી તેના શરીરમાં પ્રવેશ કર્યો.

આ બધું એક સેકન્ડ કરતાં પણ ઓછા સમયમાં થયું અને તેનું અડધું શરીર બળી ગયું. તેના અડધા બળેલા શરીરને એમ્બ્યુલન્સમાં મુંબઈની કેશવાણી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. તે દોઢ દિવસથી બેભાન હતો. શરીરનો ૫૦% ભાગ દાઝી ગયો હતો. ડૉક્ટરને તેની બચવાની આશા પાતળી જ લાગતી હતી. બાદમાં તેનું મૃત્યુ થયું હતું.

**યાદ રાખો :**

★ પેટ્રોલ પંપ ઉપર મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાનું ટાળો.
★ ડ્રાઈવિંગ કરતી વખતે ફોનનો ઉપયોગ કરવાનું ટાળો.
★ 'કંઈ નથી થવાનું' – એવું કહેવાની ખરાબ આદતને બદલો.
★ જ્યારે મોબાઈલ ફોન ચાર્જ થઈ રહ્યો હોય ત્યારે ફોન પર વાત ન કરો. સૌથી પહેલા મોબાઈલની ચાર્જિંગ પીન કાઢી નાખો અને પછી વાત કરો.
★ બેડ પર જ્યારે મોબાઈલ ફોન ચાર્જ થઈ રહ્યો હોય અથવા લોખંડના ફર્નીચર પર ન મૂકો.

***આ તમારા લાભ માટે છે...***

***વિશ્વાસ નાંગરે પાટીલ (આઈ.પી.એસ.) - મુંબઈ પોલીસ***

# સૂર્ય એ પ્રકૃતિનો પ્રાણ છે

રજનીકાંત ઓઝા

મારા ઘરની સામે ઊભેલો પીપળો પ્રકૃતિ છે.

હું મારી વહેલી સવારે આંખ ખોલું છું અને મારી નજર સામે ઊભેલો સૂરજ બપોર થઈ સાંજે ઢળે એ પ્રકૃતિ છે.

રાત પડે છે, અંધારું થાય છે. આકાશમાં તારા દેખાય છે, ચાંદ દેખાય છે અને પછી ચંદ્ર ધીમે ધીમે મોટો થઈ થાળી જેવડો થાય છે અને ફરી પાછો ધીમે ધીમે ક્ષીણ થઈ જાય છે એ પ્રકૃતિ છે.

આ આખું જગત પ્રકૃતિની ગોદમાં બેઠેલું છે અને તેનો ખોળો ખૂંદે છે. આ આખી સૃષ્ટિ પ્રકૃતિમય છે. પ્રકૃતિ છે તો આ સૃષ્ટિ છે. જો પ્રકૃતિ ન હોત તો આ સૃષ્ટિ પણ ન જ હોય એ હકીકત છે.

પ્રકૃતિ એ કોઈ સજીવ શક્તિ નથી પરંતુ પ્રકૃતિ એ નિર્જીવ મહાશક્તિ છે. પરંતુ પ્રકૃતિનું સંચાલન એવી રીતે ચાલી રહ્યું છે જાણે કે કોઈ સજીવ શક્તિ ચલાવી ન રહી હોય! પ્રકૃતિને પોતાના નિયમો છે અને તેનું કોઈ ઉલ્લંઘન ન કરી શકે અને કરવાનો પ્રયત્ન કરે તો તેનો નાશ થાય છે. તમે પ્રકૃતિને પામવાના પ્રયત્નો કરી શકો પરંતુ પ્રકૃતિને પૂર્ણતઃ કોઈ પામી શકતું નથી. પ્રકૃતિ અભેદ છે. તેના ભેદને કોઈ ભેદી શક્યું નથી.

પ્રકૃતિ એ જીવસૃષ્ટિ સાથે જોડાયેલી છે. આખી જીવસૃષ્ટિ પ્રકૃતિ આધારીત છે. જો પ્રકૃતિ સારી રહેશે તો જીવજગત પણ સારું મજાનું રહેશે. પણ જો પ્રકૃતિ જરા પણ વિફરે તો જીવસૃષ્ટિ પર ભયાનક આફત આવી પડે છે. અને એટલે જ પ્રકૃતિ સાથે છેડછાડ કરવી યોગ્ય નથી. જો પ્રકૃતિ સાથે રમત રમવામાં આવે તો પ્રકૃતિ એક ક્ષણમાં જ આપણી રમતને હરાવી નાખે છે.

કુદરત એટલે કે પ્રકૃતિની વ્યવસ્થા ઉલટ સુલટ છે, ઊંધી ચત્તી છે. પ્રકૃતિએ દિવસ આપ્યો છે અને રાત પણ આપી છે. પૂનમ પણ આપી છે અને અમાસ પણ આપી છે. ફૂલ પણ આપ્યા અને કાંટા પણ આપ્યા છે. ભરતી પણ આવે છે અને ઓટ પણ આવે છે. મનુષ્યનો જનમ અને મરણ પણ પ્રકૃતિની વ્યવસ્થાનું જ પરિણામ છે. આપણું જીવન પ્રકૃતિને આધીન છે. પ્રકૃતિને કારણે જ જીવસૃષ્ટિ ટકી રહી છે. દા.ત. સૂર્ય. સૂરજ એ પ્રકૃતિનો પ્રાણ છે. સૂર્યને કારણે જ આપણને અન્નજળ મળી રહે છે. એટલું જ આ વૃક્ષ, ફૂલ, ફળ, વનસ્પતિ, હરિયાળી, નદી - તળાવ, સાગર બધું જ સૂરજને કારણે જ સક્રિય રહે છે. જો સૂરજ ન હોય તો આ જીવસૃષ્ટિ પણ ન હોય. સૂરજ આપણો સાચો ભગવાન છે અને કદાચ એટલે જ શાસ્ત્રોમાં પણ સૂરજને નારાયણની ઉપમા આપવામાં આવી છે. સામાન્ય રીતે ભગવાન દેખાતા નથી હોતા પરંતુ સૂર્ય એ સાક્ષાત ઈશ્વર જ છે.

આજે એકવીસમી સદીમાં વિજ્ઞાન - ટેકનોલોજી ઘણી આગળ નીકળી ગઈ છે. કુદરતના એક પછી એક રહસ્ય મનુષ્ય સમજવા લાગ્યો છે. એટલું જ નહીં, પરંતુ હવે માનવી પૃથ્વી બહાર વસવાટ કરવા પણ વિચારી રહ્યો છે. માણસ વિજ્ઞાનની શોધ કરે તેમાં કંઈ ખોટું નથી પરંતુ તેને કારણે પ્રકૃતિને નુકસાન ન થાય તેનો ખ્યાલ રાખવો પણ એટલો જ જરૂરી છે. આજે પ્રકૃતિને આપણે ઘણું ઘણું નુકસાન પહોંચાડી રહ્યા છીએ. જળ - વાયુ પ્રદૂષણ માઝા મૂકી રહ્યું છે. જેના કારણે પ્રકૃતિના નિયમો બદલાઈ રહ્યા છે. જેને આપણે ગ્લોબલ વોર્મિંગ કહીએ છીએ. જેના કારણે ઋતુચક્રમાં ફેરફાર થઈ રહ્યા છે. શિયાળા, ઉનાળા, ચોમાસાનાં ટાઈમ ટેબલ બદલાઈ રહ્યા છે. અનાવૃષ્ટિ - અતિવૃષ્ટિની સમસ્યાઓ વધી રહી છે. વૃક્ષ છેદનને કારણે વાતાવરણમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી રહ્યું છે. જે જનજીવન માટે અતિ મહત્ત્વનું છે. નદીઓના પાણી પીવાલાયક તો ઠીક, હવે નહાવા લાયક પણ રહ્યા નથી. અતિ પવિત્ર ગણાતી ગંગાના જળ પણ હવે મેલા થઈ ગયા છે.

હવે બહુ થયું. હવે ફરી પ્રકૃતિ તરફ નજર કરવાની જરૂર છે. પર્યાવરણની જાળવણી માટે જાગૃત થવાની જરૂર છે. જો આપણે પર્યાવરણનું રક્ષણ નહીં કરીએ તો પ્રકૃતિ પણ આપણું રક્ષણ નહીં જ કરે. પ્રકૃતિ બીમાર પડશે તો સમગ્ર જીવસૃષ્ટિ પણ બીમાર પડી જશે અને જો પ્રકૃતિ (પર્યાવરણ)નો નાશ થશે તો એક દિવસ જીવસૃષ્ટિ પણ નાશ પામશે. એટલે પ્રકૃતિનું રક્ષણ એ જ આપણી સંસ્કૃતિ હોવી જોઈએ.

ગીતામાં કૃષ્ણ ભગવાને પણ કહ્યું છે : “પ્રકૃતિ, એ મારું સર્જન છે પરંતુ હું પણ પ્રકૃતિના નિયમોથી બંધાયેલો છું.”

*મલ્લ શેરી, રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

*યોગ્ય સમય પર કરેલું નાનું કાર્ય પણ બહુ ઉપકારી હોય છે, જ્યારે સમય વહી ગયા પછી કરેલું મહાન કાર્ય પણ વ્યર્થ હોય છે.*

# ॥ આઈ શ્રી વરવડીજી ॥

(ગુજરાત અને રાજસ્થાન વચ્ચેનાં ઐતિહાસિક અતિગાઢ સંબંધ વિશે)

પુષ્પદાન શંભુદાન ગઢવી

## મેવાડ (ચિત્તોડગઢ)ના મહારાણા શ્રી હમીરસિંહજીએ આઈશ્રી વરવડી (અન્નપૂર્ણાજી)ના આશીર્વાદ અને સક્રિય નક્કર મદદથી પોતાનું ખોવાયેલું રાજ્ય કેવી રીતે પુનઃ પ્રાપ્ત કર્યું?

*દિલ્હીના શહેનશાહ અલાઉદ્દીન ખીલજીએ મેવાડનાં મહારાણા લક્ષ્મણસિંહને યુધ્ધમાં પરાસ્ત કરી તેમનું રાજ્ય કબજે કરેલ. તે રાજ્ય રાણા લક્ષ્મણસિંહજીના પૌત્ર હમીરસિંહજીએ પુનઃ પ્રાપ્ત કરી પોતાનું રાજ્ય પુનઃ સ્થાપન કર્યું. તે રાજ્ય પરત મેળવવામાં આઈશ્રી વરવડી - બીજાએ કેવી રીતે મદદરૂપ થયા તે અંગે ઐતિહાસિક ઘટનાની કેટલીક વિગતો સંક્ષિપ્તમાં.*

દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીએ પોતાના બહુ મોટા લશ્કર સાથે મેવાડના સિસોદીયા રાજપુત મહારાણા લક્ષ્મણસિંહજી પર ચડાઈ કરી મેવાડના ચિત્તોડગઢને કબજે કરેલ ઘટનાના ઈતિહાસથી આપણે સૌ વાકેફ છીએ.

જ્યારે યુધ્ધમાં પરાજ્ય નિશ્ચિત જણાતો હોય ત્યારે તે સમયના ક્ષાત્રત્વ ધર્મ તરીકે ક્ષત્રિયો શરણાગતિ સ્વીકારવાને બદલે સામૂહિક રીતે કેસરીયા કરી યુધ્ધમાં વીરતાપૂર્વક સામનો કરી પોતાના પ્રાણોની આહૂતિ આપી વીરગતિને પ્રાપ્ત કરવામાં અને તેમની ક્ષત્રિયાણીઓ જૌહર કરવામાં એટલે કે સામૂહિક રીતે અગ્નિકુંડમાં પોતાના પ્રાણોની આહૂતિ આપી સતી થવામાં પોતાનું સૌભાગ્ય સમજતા.

૧. મેવાડનું રાજ્ય અલાઉદ્દીન ખીલજીના કબજામાં ગયા બાદ આ રાજ્ય મહારાણા લક્ષ્મણસિંહજીના પૌત્ર હમીરસિંહજીને પાછું પ્રાપ્ત થયું કે કેમ?
૨. અને જો પરત પ્રાપ્ત થયું હોય તો તે કેવી રીતે?
૩. આ રાજ્ય પરત મેળવવામાં અને તેના પર હમીરસિંહજીનું આધિપત્ય પુનઃ સ્થાપિત કરવામાં ગુજરાતના આઈશ્રી વરવડીજી તેઓને કેવી રીતે મદદરૂપ થયા?
૪. કેવી રીતે તેઓના આશીર્વાદ મહારાણા હમીરસિંહજીને ફળ્યા?

કહેવાય છે કે આ યુધ્ધમાં મેવાડના મહારાણા લક્ષ્મણસિંહજી તથા તેમના ૧૨ પુત્રો પૈકી ૧૧ પુત્રો તથા તેમના લશ્કરના ૧૪૦૦૦ રાજપુતો, સાથે કેસરીયા કરીને વીર ગતિને પામ્યા હતા.

અને મહારાણી પદ્મિની સાથે ૧૪૦૦૦ રાજપુતાણીઓ ચિત્તોડના કિલ્લામાં જૌહર કરી સામૂહિક રીતે અગ્નિકુંડમાં કૂદી, અગ્નિ સ્નાન કરી સતીત્વને વરી હતી.

આ યુધ્ધમાં મેવાડનું રાજ્ય અલાઉદ્દીનના કબજામાં ગયું.

ઉપરોક્ત વિગતે કેસરીયા કરતા પહેલાં લક્ષ્મણસિંહે પોતાના બીજા પુત્ર અજયસિંહ અને મોટા પાટવી પુત્ર અરીસિંહના બાળપુત્ર યુવાન હમીરસિંહને પોતાના વંશવેલાની રક્ષા માટે ગુપ્ત રીતે ચિત્તોડમાંથી આડાઅવળા (અરવલ્લી)ના પહાડોમાં મોકલી આપેલા. એ અજયસિંહ પોતાના ભત્રીજા હમીરસિંહ સાથે ગુપ્ત વેશથી સીસોદા ગામમાં રહેતા હતા. હમીરસિંહ જુવાન થયા, ત્યાં અજયસિંહનો સ્વર્ગવાસ થયો. એટલે હમીરસિંહનો કોઈ ખાસ આધાર ન રહ્યો. અધૂરામાં પૂરું હમીરસિંહને કોઢનું દર્દ થયું. ગયેલું રાજ્ય પાછું મેળવવાનું કોઈ આશાકિરણ દેખાતું ન હતું. આર્થિક વિટંબણાએ પણ ઘેરો ઘાલેલો અને વધારામાં કોઢનું દર્દ થયું. એટલે ચારેબાજુ નિરાશાથી ઘેરાયેલા હમીરસિંહે, દ્વારકાધીશના દર્શન કરીને સમુદ્ર સમાધિ લઈ દેહ પાડી નાખવાનું મનોમન નક્કી કર્યું અને પોતાના વિશ્વાસુ સાથીદારો સાથે સૌરાષ્ટ્ર તરફ પ્રયાણ કર્યું.

તે અંગેની ઈતિહાસની સચોટ વિગતો વિશે મુ. શ્રી પીંગળશીભાઈ પાયકે પોતાના "માતૃ દર્શન ગ્રંથ"માં જણાવી છે. તે પરથી આ તમામ વિગતોની જાણકારી આપણને પ્રાપ્ત થઈ શકી છે. જે માટે મુ.શ્રી પીંગળશીભાઈ પાયકને લાખ લાખ વંદન સહ અભિનંદન. આ આઈ વરવડીજીને આઈ વરવડી-બીજા તરીકે

ઓળખવામાં આવે છે. આ આઈ-વરવડીજી બીજા કોણ હતા? ક્યાંના હતા? કેટલા સામર્થ્યવાન અને શક્તિશાળી હતા? વગેરે વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

- **આઈ વરવડી-બીજા :**

આઈ વરવડી પહેલાની જેમ જ આઈ વરવડી બીજાનો જન્મ પણ કચ્છના ભચાઉ તાલુકાના ખોડાસર ગામે થયેલો. તેઓ પણ નરા શાખાની પેટા શાખા ગોખરૂમાં જન્મેલા. એમના પિતાનું નામ ચંખડોજી હતું. આઈ વરવડી પહેલાં ખૂબ પ્રતાપી થયેલા એટલે એમની સ્મૃતિ-યાદી તરીકે આપનું નામ પણ વરવડી રાખવામાં આવેલું. એમનાં લગ્ન ઝાલાવાડમાં રણ કાંઠે હળવદ તાલુકાના ખોડ ગામના મારૂ શાખાની પેટા શાખા દેથા શાખાના ચારણોમાં થયેલા. એમના પતિ તથા એમના પુત્ર બારૂ દેથા મોટા પાયા પર ઘોડા, બળદો, અનાજ, કરિયાણાનો વેપાર તથા માલની હેર ફેર (ટ્રાન્સપોર્ટ)નો વ્યવસાય કરતા. એમને ઘરે લાખોની સંપત્તિ હતી.

આઈ વરવડીજીને આઈ વરવડી પહેલાનું ઇષ્ટ હતું. પોતે એમના ભક્ત - ઉપાસક હતા. પોતે બહુ ઉદાર અને આતિથ્યમાં આઈ વરવડી પહેલાની બીજી આવૃત્તિ સમાન હતા. ખૂબ દીર્ઘદર્શી, મોટા મનવાળા, કરુણાના સાગર સમાન દયાળુ હતા. મનુષ્યો તેમને આઈ વરવડી પહેલાનો અવતાર જ માનતા. એમનાં દર્શન માટે અનેક ભક્તો ઉપાસકો દરરોજ એમને ત્યાં આવતા રહેતા અને આઈ વરવડી પહેલાની જેમ તેઓ પણ સૌને પ્રેમપૂર્વક જમાડવામાં પ્રસન્નતા અનુભવતા. એટલે 'અન્નપૂર્ણા'નું બિરૂદ પામેલા. આઈ અન્નપૂર્ણા વરવડીશ્રીની કીર્તિ ખૂબ પ્રસરેલી. ધર્મ નિયમના પાલનમાં એ પોતે સદા તત્પર અને કડક હતા. સાથે સાથે ખૂબ સાદા - સરળ હતા. બીજાના દુઃખ જોઈને એ દ્રવી પડતા, તેમને અન્ન ધનની મદદ કરતા. આશ્વાસન, સલાહ, પ્રેમ આપતા.

આઈ વરવડી બીજા મેવાડના મહારાણા હમીર અને જૂનાગઢના રા'નવઘણ ૪થાનાં સમકાલીન હતા. રા'નવઘણ ૪થો વિ.સં. ૧૩૬૩માં લગભગ થઈ ગયો અને મહારાણા હમીર વિ.સં. ૧૩૯૦થી ૧૪૨૧ સુધી ચિત્તોડની ગાદી પર હતા અને આઈ વરવડીની સહાયથી જ ચિત્તોડનું રાજ્ય મેળવી શક્યા હતા. આઈ વરવડી બીજાનો જીવનકાળ સં. ૧૩૪૫થી સં. ૧૪૨૫ સુધીનો છે.

યુવાન હમીરે સૌરાષ્ટ્રમાં પ્રવેશ કરતાં જ તેમણે ગામેગામ જગદંબા અન્નપૂર્ણાના અવતાર એવા આઈ વરવડીની દૈવી શક્તિના ગુણગાન સાંભળ્યા. એટલે દર્શન કરવા તે ખોડ આવ્યા. ખોડ ગામે આવીને યુવાન હમીરસિંહજીએ આઈમા ના દર્શન કર્યા અને આઈમાં ના પૂછવાથી પોતાની દુઃખ ગાથા સંભળાવી, દ્વારકાધીશનાં દર્શન કરીને સમુદ્ર સમાધિ લેવાની પોતાની ઇચ્છા પણ વ્યક્ત કરી.

બાપા રાવળના પ્રતાપી વંશની આવી કરુણ રીતે સમાપ્તિ થવાની કથની સાંભળીને આઈ વરવડીનું હૃદય અનુકંપાથી ભરાઈ ગયું. પોતે આંખો મિંચી જરાવાર ધ્યાનસ્થ થઈ ગયા. પછી હમીરસિંહના મસ્તક પર હાથ ફેરવ્યો. આશ્વાસન આપ્યું અને રોકાઈ જવાનું કહ્યું – રોક્યો અને માતાજીના હવનની વિભૂતિ સાથે દવા આપી. તેના ચાર દિવસના સેવનથી કોઢ ઘટવા લાગ્યો. બીજા ચાર દિવસમાં કોઢ સાવ અડધો થઈ ગયો. બાદ આઈમાંએ મહારાણાને કહ્યું કે, 'રાણા! આ દવાથી એક માસમાં તારો કોઢ નાબૂદ થઈ જશે. માટે તારે નિરાશ થવાનું નથી અને સમુદ્ર સમાધિ પણ લેવાની જરૂર નથી. આત્મઘાત કરવો એ તો નબળાઈની નિશાની છે. વીરવંશમાં તારો જન્મ છે. વીર દુઃખનો સામનો કરે, નાસીપાસ ન થાય. માટે તું નબળાઈને ખંખેરી નાખ અને પુરુષાર્થમાં લાગી જા. મારું મન કહે છે કે તારો વિજય ચોક્કસ થશે. તું ચિત્તોડનો મહારાણા થઈશ.

ઉત્તરમાં મહારાણાએ કહ્યું કે, 'માતાજી! આપ કહો છો તે બરોબર છે. પણ મારી પાસે માણસો નથી, ઘોડા નથી, સાધન સામગ્રી નથી, હથિયાર નથી. અને એ બધું મેળવવા માટે ધન જોઈએ, તે ધન પણ નથી. એટલે મારા એકલાના પુરુષાર્થથી સફળતા કેવી રીતે મળે તે મને સમજાતું નથી. આઈમાએ તુરંત કહ્યું, 'બાપ રાણા! તારે ધન જોઈએ, જે સાધન સામગ્રી જોઈએ તેની સગવડ હું કરી આપીશ. માતાજી તારી ભેરે રહેશે. તારે ધન જોઈએ તે બધું માતાજી આપશે. તેનાથી તું માણસોની જમાવટ કર અને હથિયાર ભેગા કર. અને મારો પુત્ર બારૂ ઘોડા ખરીદવા ગયો છે. તે ૫૦૦ ઘોડા તને મોકલી આપશે અને ધનની મુશ્કેલી પણ તને નહીં પડવા દઉં. એ ઘોડાઓની ભેળું ધન પણ તને મળી જશે.' આઈનાં એ વેણ સાંભળીને મહારાણો હમીર લાકડીની જેમ આઈના ચરણોમાં પડી ગયો. આંખોમાંથી હર્ષ અને ઉપકાર ભારનાં આંસુ વરસવા લાગ્યા. ઘણીવાર પછી બેઠો થયો. બંને હાથ જોડી ગદ્‌ગદ્ સ્વરે બોલ્યો કે, 'માં! માં! આપની દયાનો પાર નથી. **પણ આપની પાસેથી આવી રીતે ધન મેળવવું એ મારે માટે યોગ્ય નથી.' મારે તો આપના ચરણે કંઈક ધરવું જોઈએ. અને મૂલ્ય આપ્યા વિના ઘોડા લેવા એ પણ યોગ્ય નથી.**

આઈએ ઉત્તર આપ્યો કે – 'રાણા! આ હું નથી આપતી. આ તો જગદંબા માતાજી આપે છે અને તે પણ તને હમીરને તારા અમનચેન માટે નહીં પણ ધર્મની ધજાને ટકાવી રાખવા માટે અને ચિત્તોડના સૂર્યવંશની રક્ષા માટે આપે છે. માટે તારે તેનો

*સમય આવ્યા વગર વજ્રપાત થાય તો પણ મૃત્યુ નથી થતું અને સમય આવી જતાં પુષ્પ પણ પ્રાણ લઈ શકે છે.*

સ્વીકાર કરવાનો જ હોય. અને તારો દિવસ વળે અને ચિત્તોડ - મેવાડ તારે ઘરે આવે, તો ઘોડાનું મૂલ્ય જે ઠીક લાગે તે ચૂકવી દેજે.' આઈના વેણ સાંભળીને મહારાણા હમીરનું હૈયું ભરાઈ આવ્યું. મહામના આઈ વરવડી તેને વિશ્વેશ્વરી જગદંબા સ્વરૂપે દેખાયા. ચારણ આઈઓ - માતાજીઓના મહિમાનું સ્મરણ મન પર છવાઈ જવાથી થોડીવાર બોલી ન શકાયું. પછી કહ્યું, 'મા! જગદંબા! આપનો મહિમા અપાર છે. આપનો ઉપકાર માનવા માટે મારી પાસે શબ્દો નથી. આપના ઉપકારનો બદલો અમારી પેઢીઓની પેઢીઓ પણ નહીં વાળી શકે.' આટલું બોલી રાણા હમીરે ફરીને આઈના ચરણોમાં મસ્તક મૂક્યું. આઈએ તેના મસ્તક પર વાત્સલ્યસભર હાથ મૂક્યો. મસ્તક પર હાથ ફેરવ્યો ત્યાં તો રાણા હમીરના શરીરમાં વીજળીએ પ્રવેશ કર્યો તેવી ઝણઝણાટી વ્યાપી ગઈ અને કોઢનું દર્દ અને દુઃખ વિદાય લેવા લાગ્યા. આઈમાંએ તેને ખૂબ આગ્રહપૂર્વક બીજા આઠ દિવસ રોક્યો. ત્યાં તેનો કોઢ સાવ મટી ગયો અને તેણે આઈના શુભાશિષ સાથે મેવાડ તરફ ગમન કર્યું.

થોડા દિવસ પછી આઈના પુત્ર બારૂજી ઘોડા લઈને આવી જતાં તેમણે આઈની આજ્ઞા મુજબ ૫૦૦ જાતવંત ઘોડા મેવાડનાં રાણા હમીરને પહોંચાડ્યા અને તે સાથે લાખો રૂપિયા પણ પહોંચતા કર્યા. એ દ્રવ્યમાંથી રાણા હમીરે, રાજપૂતોની સેના જમાવી. તેના સરદારો પણ આવી મળ્યા. ગેરીલા યુદ્ધ કરી તેણે દુશ્મનોના થાણા પર છાપા મારી મુલક ઘરે કરવા માંડ્યો. ચિત્તોડમાં એ વખતે દિલ્હીની સલ્તનત તરફથી સૂબા તરીકે જાલોરનો ચૌહાણ માલદેવ હતો. ચિત્તોડનો અભેદ્ય કિલ્લો કોઈ જેવો-તેવો કબજે કરી શકે તેમ ન હતું. એટલે તે બાબતમાં નિશ્ચિતતા હોવાથી ત્યાંનો વહીવટ તેણે પોતાના એક શૂરવીર કુશળ વણિક કારભારીના હસ્તક રાખીને પોતે પોતાના જાલોરના રાજ્યનો વહીવટ સંભાળતો અને અવારનવાર ચિત્તોડ આવી, ત્યાં રહી જતો. દરમિયાન એક ચિત્તોડ સિવાયનાં મેવાડના ઘણા મોટા પ્રદેશ પર રાણા હમીરે ધીરે ધીરે કબજો મેળવી લઈને પોતાનું સ્થાન ખૂબ મજબૂત બનાવ્યું. સૈન્ય બળ પણ ખૂબ વધાર્યું. નાની લડાઈઓ, છમકલાઓ ચાલુ જ હતા. તેથી માલદેવની મૂંઝવણ વધી પડી. ખુલ્લા યુધ્ધમાં પોતાનો ઘોર પરાજય થવાની તેને બીક લાગી. એ સંજોગોમાં રાણા હમીરે રાજકીય ચાલ ચાલીને માલદેવની કન્યાનું માગું મોકલ્યું. મહારાણાના કુટુંબ સાથે સંબંધ બંધાય, એ ગૌરવની વાત ગણાય એમ સમજીને માલદેવે તે માંગણી સ્વિકારી. વળી તેને મન એમ પણ ખરું કે સંબંધ બંધાવાથી હમીર શાંતિ પકડશે. ધામધૂમથી મહારાણા હમીરનાં લગ્ન માલદેવની કન્યા સાથે થયા અને કન્યાના સૂચનથી હમીરે માલદેવ પાસેથી તેના ચિત્તોડના કિલ્લેદાર વણિક કામદારને માંગી લીધો અને એ કામદારે યુક્તિ લડાવી, હમીરને ચિત્તોડનો કબજો અપાવ્યાની વાત ઈતિહાસ પ્રસિધ્ધ છે.

દરમિયાન દિલ્હીમાંથી ખીલજીઓની સત્તા ઉખડી ગઈ હતી અને તુગલકવંશીઓ દિલ્હીપતિ થયેલા. પરંતુ ચિત્તોડ પાછું જીતી લેવાનો તેમને ખાસ ઉત્સાહ ન હતો. એટલે મહારાણા હમીરે આખું મેવાડ કબજે કર્યું અને પોતે ચિત્તોડમાં સારી રીતે સ્થિર થયા પછી તુરત જ આઈ વરવડી તથા તેમના પુત્ર બારૂજી અને કુટુંબીજનોને સૌરાષ્ટ્રમાંથી ચિત્તોડ બોલાવી લીધા. આઈમાનું તથા બારૂજીનું સમ્રાટોને છાજે તેવું સામૈયું - સન્માન કર્યું અને આઈને મહારાણાએ મેવાડનું રાજ્ય અર્પણ કર્યું. પરંતુ આઈએ તેનો સ્વીકાર ન કર્યો. એટલે મહારાણાએ બારૂજીને પોતાના મોટા ભાઈનું બિરૂદ આપી બાર ગામની જાગીર આપી. જેમાં મુખ્ય ગામ આંતરી નામનું હતું. ઉપરાંત બારૂજીને પોતાના વંશપરંપરાગતના દર્શોંદી પ્રોળપાત બનાવ્યા અને તે વખતે બારૂજી ઘોડાના મોટા વેપારી સોદાગર હતા. તેના ટૂંકા સ્વરૂપે સૌ તેમને બારૂજી સૌદા કહેવા લાગ્યા. એમના વંશજોની પેટા શાખા પણ સૌદા બની ગઈ. મહારાણા હમીરે આઈ વરવડીને પોતાનાં જીવનદાતા માની જન્મદાત્રીથી પણ અધિક સન્માન સાથે રાખેલા અને તેમની સ્મૃતિમાં ચિત્તોડમાં (ઉપર કિલ્લામાં) ભવ્ય મંદિર બંધાવીને તેમાં આઈમાની પ્રતિમાની પ્રતિષ્ઠા ભવ્ય મહોત્સવ સાથે કરેલી. એ મંદિર ચિત્તોડના કિલ્લામાં અન્નપૂર્ણાજીના મંદિર તરીકે પ્રસિધ્ધ છે. હું (પીંગળશી પાયક) બે વખત ચિત્તોડ ગયો હતો ત્યારે આઇ અન્નપૂર્ણાજીના મંદિરમાં આઈ વરવડીજીની પ્રતિમાનાં દર્શન કરીને આવ્યો છું.

અત્રે એક પ્રાચીન દોહો યાદ આવે છે, જે નીચે મુજબ છે :

*આવક ત્રૂઠી ભાટિયાં, કામેહી ગોડાંહ ।*
*શ્રી વરવડ સિસોદિયાં, કરણી રાઠોડાંહ ॥*

બારૂજી પોતે ઉચ્ચ દરજ્જાના સારા કવિ હતા. તેમણે મહારાણા હમીરનાં અનેક ગીતો રચેલાં. ઉપરાંત બીજી કવિતાઓ પણ બનાવેલી. બારૂજીના વંશજો મેવાડમાં ખૂબ પથરાયેલા છે. અનેક ગામોમાં છે. એ સૌદા વંશમાં અનેક કવિઓ, દેશભક્તો, રાજનીતિજ્ઞો, રાજ્ય વ્યવસ્થાપકો વિદ્વાનો થઈ ગયા છે.

બારૂજી સૌદાની સોળમી પેઢીએ ક્રાંતિવીર દેશભક્ત કવિ રાજનીતિજ્ઞ ઠાકુર શ્રી કેસરીસિંહજી સૌદા (શાહપુરવાળા) થયા. તેમને અને તેઓના અન્ય સાથીઓને બ્રિટીશ શાસનમાં સ્વતંત્રતાની લડાઈ માટે ઈ.પી. કોડની કલમ-૩૦૨ હેઠળના મુકદ્દમામાં આજીવન કારાવાસની અને દેશ નિકાલ (આંદામાન)ની

સજા કરવામાં આવી હતી અને તેમની તમામ જર તથા અજર મિલ્કતો સરકાર દ્વારા જપ્ત કરી લેવામાં આવી હતી.

તેમના ભાઈ પ્રખ્યાત કવિ ઇતિહાસકાર, શ્રી કિશોરસિંહજી પતિયાળા રાજ્ય ઇતિહાસ સંસ્થાનના મુખ્ય અધિકારી હતી.

તેમજ તેમના નાના ભાઈ ક્રાંતિવીર દેશભક્ત શ્રી જોરાવરસિંહજી કે જેઓએ તા. ૨૩-૧૨-૧૯૧૨ના રોજ દિલ્હીના ચાંદની ચોકમાંથી લોર્ડ હોર્ડિંગ્સ, ભારતના વાઈસરોય તરીકે ગાદીનશીન થવા માટે હાથી પરની સવારીમાં જઈ રહ્યા હતા ત્યારે તેમના પર બોમ્બ ફેંક્યો હતો. પરંતુ તેમાં લોર્ડ હોર્ડિંગ્સ બચી જતાં, જોરાવરસિંહજીને પકડવા માટે બ્રિટીશ સરકારે અથાગ પ્રયાસો કરેલા પરંતુ તેઓને પકડી શક્યા ન હતા. અને તેઓ તેમના જીવનના અંત સુધી છુપાઈને ફરાર રહ્યા હતા.

તથા શ્રી કેસરીસિંહજીના હુતાત્મા પુત્ર ક્રાંતિવીર દેશભક્ત શ્રી પ્રતાપસિંહજી જેઓનો જન્મ તા. ૨૪-૫-૧૮૯૩માં થયો હતો. તેમને પણ બ્રિટીશ સરકારે એક ખોટા કેસમાં ફસાવી, તેમની ઉંમર માત્ર ૧૮ વર્ષની હતી ત્યારે ૫ વર્ષની સખ્ત કેદ કરી, કારાવાસમાં બંધ કરી, અસહ્ય શારીરિક યાતનાઓ આપવામાં આવી હતી. અને તે અસહ્ય યાતનાઓને કારણે જ પ્રતાપસિંહનું જેલમાં તા. ૨૪-૫-૧૯૧૮ના રોજ અવસાન થયું હતું અને તેમના શબને તેમના કુટુંબીજનોને પરત કરવાને બદલે તેમને જેલમાં જ દફનાવી દેવામાં આવ્યા હતા.

તથા શ્રી કેસરીસિંહજીના મહા વિદ્વાન પિતા કે જેઓ - પ્રાકૃત, માગધી, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, રાજસ્થાની આદિ અનેક ભાષાઓના જાણકાર અને રાજ્ય વ્યવસ્થામાં નિપુણ કવિવર (ચારણ કુલ પ્રકાશ ગ્રંથના લેખક) ઠાકુર શ્રી કિશનસિંહજી (કૃષ્ણસિંહ) સૌદા શાહપુરવાળાએ “બારહઠ કૃષ્ણસિંહ કા જીવન ચરિત્ર તથા રાજપુતાના કા અપૂર્વ ઇતિહાસ” લખેલ અને તેઓએ એવી ઇચ્છા વ્યક્ત કરેલ કે આ પુસ્તક તેમની હયાતી બાદ પ્રકાશિત કરવામાં આવે. જે પુસ્તકને પાછળથી ત્રણ ભાગમાં “સાયન્ટીફીક પબ્લિશર્સ (ઇન્ડિયા)” જોધપુર દ્વારા સને ૨૦૦૯માં પ્રકાશિત કરવામાં આવેલ છે. ઠાકુર કિશનસિંહજી અને તેમના પરિવારજનો ગુજરાતના મહર્ષિ દયાનંદ સરસ્વતી તથા ક્રાંતિગુરૂ પંડિત શ્યામજી કૃષ્ણવર્માના અતિ નીકટ અને ગાઢ સંપર્કમાં રહ્યા હતા.

આ રીતે ‘પ્રતાપ ચરિત્ર’, ‘દુર્ગાદાસ ચરિત્ર’ તથા ‘રાજસિંહ ચરિત્ર’ આદિ કાવ્ય ગ્રંથોના કર્તા વિદ્વાન કવિવર અને ક્રાંતવીર શ્રી કેસરીસિંહજી સૌદા-સોન્યાણાવાળા આદિ અનેક નામી પુરૂષોની કીર્તિથી એ સૌદા વંશ વિશેષ ઉજ્જવળ બન્યો છે. અને એક જ કુટુંબમાં ત્રણ ક્રાંતિકારીઓ થયા હોય તેવું ઉદાહરણ અન્ય જગ્યાએ બહુ જ જૂજ હશે.

***મારું મંતવ્ય :***

આઈશ્રી વરવડીજી બીજા વિશે મુ. પીંગળશીભાઈ પાયકે જે લખ્યું છે તે વાંચી મનમાં એક એવો વિચાર આવ્યો કે આપણે જેમને દેવી-દેવતા તરીકે માનીએ છીએ, તે વિશે સામાન્ય માન્યતા એવી હોય છે કે તેઓના પરચા કે ચમત્કારથી આંખના પલકારામાં બધું બની જાય અથવા તો સર્વનાશ થઈ જાય. પરંતુ આઈશ્રી વરવડી વિશેના લખાણ જોતાં આઈમાંની શક્તિ એ સામાન્ય વ્યક્તિ કરતાં અનેકગણી વાસ્તવિક સ્વરૂપે વધારે અલૌકિક હતી તેવું આપણને જણાય છે. કારણકે મેવાડના ભાવિ મહારાણા હમીરજીને આશ્રય આપી, તેઓને ધન-દોલત સાધનો અને આઈના કુટુંબીજનોએ પણ સાથે તેમાં જોડાઈ પોતાની શક્તિથી અનેકગણી વધારે નક્કર સ્વરૂપે મદદ કરી હતી અને તે પણ એવા સંયોગોમાં કે જ્યારે દિલ્હી સલ્તનતનાં શાસક (અલાઉદ્દીન ખિલજી) વિરૂધ્ધ અવાજ ઉઠાવવાની પણ કોઈ હિંમત કરી શકે નહીં. તેવા સંયોગોમાં આઈશ્રી વરવડીજી આ પરિસ્થિતિથી સંપૂર્ણપણે વાકેફ હોવા છતાં રાણા હમીરજીને તમામ પ્રકારની નક્કર પરિણામલક્ષી મદદ કરી હતી. જેમાં જાદુઈ શક્તિ કે ભ્રામક પરચા ચમત્કારની કોઈ વાત જ નથી. આઈશ્રી વરવડીજીના વારસદારો (સૌદા બારહઠ પરિવારનાં સદસ્યો) આજે પણ એટલા જ બાહોશ અને તાકાતવર છે.

આ સંકલિત લેખ મેં મારા નિજાનંદ માટે લખેલ છે. તેમાં કોઈ જોડણી અગર તો હકીકત દોષ અંગેની કોઈ ક્ષતિ હોય તો સુજ્ઞ વાચકોને વિનંતી કે તે અંગે મને સૂચિતાર્થ કરી ક્ષમા કરે એવી અપેક્ષા છે.

*ભુજ, કચ્છ*

## મારી શાળા

આ મારી શાળા છે. શાળામાં હું એકમાત્ર શિક્ષક છું. સંસ્કાર, ચારિત્ર અને સહકાર વિદ્યાર્થીમાં કેળવનાર ‘માં’ પછીનો હું જ સ્ત્રોત છું. દરેક બાળક નસીબ લઈને જન્મે છે. પણ હથેળીની ભાગ્ય રેખાને કાળા પાટિયા પર ઉજળી બનાવનાર, હું જ ‘વીજળી’ છું. વિદ્યાર્થીનું લક્ષ્ય ભલે ચંદ્ર હોય કે સૂર્ય, પ્રેમથી એનો હાથ પકડીને લક્ષ્ય સુધી પહોંચાડનાર, હું જ માત્ર સીડી છું. શાળા તો રંગબેરંગી ફુલોનો ઉપવન છે. હું ઇશ્વરનો આભારી છું કે હું આ ઉપવનનો માળી છું. કાંટાઓને દૂર કરી સમાજને સુગંધી ગુલદસ્તા અર્પું છું. આ મારી શાળા છે, શાળામાં હું માત્ર એક શિક્ષક છું.

*– કાશ્મીરા ગોર*

*સમય અને સમુદ્રની ભરતી કોઈની વાટ જોતાં નથી.*

# વૃદ્ધાવસ્થામાં તન-મનની શાંતિ તથા સ્વસ્થતા અંગે જાગૃતતા



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

સ્વપ્નવત સમય સરકતો રહે છે. મનુષ્ય વૃદ્ધત્વમાં પ્રવેશે છે. એ અવસ્થા જ એવી છે કે જેમાં તન-મનની અનેક વિટંબણાઓ સર્જાય. નેત્રોની દૃષ્ટિ નબળી પડતી જાય. ચશ્માના નંબરો વધે, મોતિયાના કે ઝામરના ઑપરેશન કરાવવા પડે. દાંત પડતા જાય, નિંદ્રા પૂરતી ન લેવાય, ઘુંટણના દુઃખાવા, કમરના દુઃખાવા સહજ બની જાય. બી.પી. અને સ્યુટરમાં વધઘટ થતી જણાય. ક્યારેક ચક્કર આવે, પેટની ગરબડ જણાય, પ્રોસ્ટેટના પ્રશ્નો ઊભા થાય. આ તમામ પ્રકારના દર્દોનો હિંમતથી સામનો કરવો એ એક સુલભ માર્ગ છે. એ માટે મનની મક્કમતા જરૂરી છે. સાંભળવામાં તકલીફ થાય, વાળ સફેદ થતા જાય.

ગામડાંઓમાં કે પછી શહેરોમાં વૃદ્ધજનો પોતાના મિત્ર વર્તુળો સર્જે છે. સવારે કે પછી સાંજે કોઈ કોઈના ઘેર અથવા બાગ બગીચાઓમાં વૃદ્ધો એકબીજા સાથે બેસી અને પોતાની તકલીફોની વાતો કરતા હોય છે. જેમાંથી તેઓના નિદાનની વાત, કયા તબીબની સારવાર ચાલે છે તે તથા ઔષધ વિશે જાણકારી મળતાં એકબીજા થોડી મનની હળવાશ અનુભવે છે.

વૃદ્ધત્વના કારણે હાડપિંજરના સ્નાયુઓ શક્તિ ગુમાવતા જાય છે અર્થાત્ હાડકાં નબળા પડે છે. આ દર્દને 'સાર્કોપેનિયા' કહે છે. 'ઓસ્ટીઓપોરોસીસ' કરતાં આ દર્દ વધુ ખતરનાક છે. આ દર્દમાં સૌથી વધારે નુકસાન પગમાંના તમામ સ્નાયુઓને થતાં ચાલવામાં અતિશય તકલીફ થાય. ઘુંટણ, પીંડી, પંજા અને આંગળીઓમાં દુઃખાવા થાય, સોજા પણ આવે.

આ માટે ખાસ તો દરરોજ થોડું થોડું ચાલવું ખૂબ જ જરૂરી છે. માનવ શરીરનું સમગ્ર વજન પગ સહન કરે છે. તબીબોના જણાવ્યા મુજબ માનવીના દેહમાં પચાસ ટકા સ્નાયુઓ અને પચાસ ટકા હાડકાં સાથળથી પગના પંજા સુધીમાં હોય છે. તબીબોની સલાહ અનુસાર વૃદ્ધોએ દિવસમાં ત્રીસથી ચાલીસ મિનિટ છેવટે ઘરમાં ચાલવું જરૂરી છે. નકારાત્મક્તાથી દૂર રહેવા પોઝીટીવ વિચારધારા અપનાવવી.

*લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## શોર્ટ સ્ટોરી : માનવતા!

રાજેશ રસ્તા પર જઈ રહ્યો હતો. અચાનક તેની સામેથી નીકળેલી કાર એક વૃદ્ધને ટક્કર મારી ઝડપથી આગળ નીકળી ગઈ. લોકોએ કહ્યું કે આ તો ગયો. પણ કેટલાક રાહદારીની મદદથી રાજેશે તેમને હોસ્પિટલે પહોંચાડ્યા તો ડૉક્ટરના ચેક કરવા પર ખબર પડી કે તે વૃદ્ધ હજુ જીવતા છે. રાજેશના જીવમાં જીવ આવ્યો. બીજા દિવસે એ વૃદ્ધની ખબર કાઢવા જ્યારે રાજેશ હોસ્પિટલે પહોંચ્યો તો તેની પુત્રવધૂની વાતો સાંભળીને હેબતાઈ ગયો.

વૃદ્ધની પુત્રવધૂ ફોન પર કહી રહી હતી કે, 'શું ખબર કોણ નાલાયક હતો જે તેમને અહીં છોડી ગયો. ત્યાં જ પડ્યા રહેવા દેત તો કમસેકમ આ મુસીબતથી તો છૂટકારો મળત! અને હવે તો ડબલ મુસીબત. બચી ગયો તો હેરાનગતિ અને ઉપરથી હોસ્પિટલનો ખર્ચો અલગ!' રાજેશ ચૂપચાપ ત્યાંથી સરકી ગયો અને વિચારવા લાગ્યો કે લોહીના સંબંધોની સાથે શું માનવતા પણ મરી પરવારી છે??

*– નજમા ગોલીબાર*

## મૃગલિયું

હું તો મરુભૂમિનું મખમલી મૃગલિયું
નીરખું ક્ષિતિજે આભાસ ધરતું વારિકેરી આશ.

તરસ્યું દોડ્યા કરું મખમલી મૃગલિયું
રણમાં દિશાઓ ભૂલેલું સાથી વિના એકલું.

વિરહે ઝુર્યા કરું, મખમલી મૃગલિયું,
હું તો રેતભૂમિનું, તૃષિત તણખલું.

ધરતું ઝંખું બનવા, ઇચ્છું કણસલું,
ઉરને કોર્યા કરું, મખમલી મૃગલિયું.

ચાતક જેમ વ્યોમ નીરખતું, બિંદુ વારિ ઝંખતું,
તૃષા ઠાર્યા કરું, મખમલી મૃગલિયું.

હું તો શ્રમિત થઇ ઢળેલું, રણ-કળણમાં ખૂંપેલું,
ગઝલું ગાયા કરું, મખમલી મૃગલિયું.

*નવીન ત્રિપાઠી 'અલ્પ' - ભુજ, કચ્છ*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

# ગાંધીનગરનો ૫૮મો સ્થાપના દિવસ



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, આઝાદીનો અમૃત મહોત્સવની ઉજવણી ચાલે છે ત્યારે ૨ ઓગસ્ટના આપણા ગુજરાતના પાટનગર ગાંધીનગર પોતાનો ૫૮મો સ્થાપના દિવસ ઉજવશે. તો ચાલો, આ શહેર વિશે ફરીથી જાણીએ.

**જૂના મુંબઈ રાજ્યનું વિભાજન થતાં તા. ૧-૫-૧૯૬૦થી ગુજરાત રાજ્યની અલગ રચના કરવામાં આવી.** ગુજરાત રાજ્યની અલગ રચના થતાં રાજ્યનું પાટનગર અમદાવાદ મુકામે રાખવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરની વસતીની ગીચતા ઓછી કરવા અમદાવાદથી ૨૪ કિ.મી. ઉત્તરે સાબરમતી નદીના કિનારે ગુજરાત રાજ્યનું નવું પાટનગર ગાંધીનગર કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની કાયમી સ્મૃતિ સચવાઈ રહે તે હેતુથી નવા પાટનગરનું નામ ગાંધીનગર રાખવામાં આવ્યું. **નોંધનીય છે કે, ગુજરાતના પાટનગર ગાંધીનગરની બીજી ઓગસ્ટ, ૧૯૬૫ના રોજ સ્થાપના થઈ હતી.** એક સમયે સૂમસામ ભાસતું ગાંધીનગર અત્યારે કર્મચારી નગરની છાપ ભૂંસીને એજ્યુકેશન હબ બની ગયું છે. આગામી દિવસોમાં સોલાર સિટી, ગ્રીન સીટી, મોડેલ સિટી, ક્લિન સીટીના તાજ લાગવાના છે, તો મહાત્મા મંદિર અને ગીફ્ટ સીટીની નવી ઓળખ પણ ગાંધીનગરને મળી ગઈ છે.

**'ગાંધીનગર' નામ ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નામ પરથી રાખવાનું સૂચન ૧૬ માર્ચ, ૧૯૬૦ના રોજ મુખ્યમંત્રી જીવરાજ મહેતાએ પાડ્યું હતું.** ગાંધીનગર શહેરની સ્થાપના ૨ ઓગસ્ટ, ૧૯૬૫ના રોજ થઈ હતી. **ઇ.સ. ૧૯૭૧થી ગાંધીનગર ગુજરાતની રાજધાની બનેલું છે.** તે સમયે મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈ હતા. શહેરની રચનાનું આયોજન મુખ્ય સ્થપતિ એચ. કે. મેવાડા અને તેમના સહયોગી પ્રકાશ એમ. આપ્ટે દ્વારા કરવામાં આવ્યું હતું.

અમદાવાદથી ઉત્તરે ૩૦ કિ.મી. દૂર તે ૪,૨૯૦ હેક્ટર વિસ્તારમાં પથરાયેલું છે અને ૧ ચો.કિ.મી.નો એક એવા ૩૦ સેક્ટરમાં તેનું વિભાજન કરવામાં આવ્યું છે. આમાંથી ૨૫ સેક્ટરનો વિકાસ થયો છે. સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ ગાંધીનગરથી ૧૮ કિ.મી.ના અંતરે છે. **ગાંધીનગરમાં ૭ ઊભા રસ્તા છે અને તે ગુજરાતી વર્ણમાલા પરથી ક, ખ, ગ, ઘ, ચ, છ અને જ – એ ક્રમે ઓળખાય છે. જ્યારે ૭ આડા રસ્તા માટે અંકની ઓળખ પ્રયોજવામાં આવી છે એટલે કે ૧, ૨, ૩, ૪, ૫, ૬ તથા ૭.** દરેક સેક્ટરના વસાહતીની અવરજવર વગેરેની સુવિધા માટે દરેક સેક્ટરમાં પાકા રસ્તાનું આયોજન કરવામાં આવ્યું છે. **સમગ્ર ગાંધીનગરમાં કુલ ૩૪૨ કિ.મી.ના રસ્તા છે.** મુખ્ય માર્ગોને ચાર લેનના કરાયા છે. છ માર્ગી કરવાની યોજના છે.

દરેક સેક્ટરમાં પ્રાથમિક સુવિધા રૂપે પૂછપરછ કરી પ્રાથમિક શાળા, દવાખાનું, પોલીસ ચોકી, રંગમંચ તથા બગીચા બનાવવામાં આવ્યા છે. ટૂંકમાં, દરેક સેક્ટર એક નાના વસાહતી એકમ તરીકે વિકસાવાયું છે. સરકારી કર્મચારીઓ માટે જુદી જુદી કક્ષાનાં કુલ ૧૬,૨૪૬ રહેણાંકના મકાનો બાંધવામાં આવ્યા છે. વળી ખાનગી પ્લોટ પાડીને તેના વેચાણ મારફત ખાનગી વસાહતોને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. **ગાંધીનગરના પૂર્વ છેડે રાષ્ટ્રીય ધોરી માર્ગ ૮-સી ને અડીને મંત્રીઓનાં નિવાસ સ્થાન તથા રાજભવન બાંધવામાં આવ્યા છે.**

આ શહેરના સેક્ટર ૧૦ના મુખ્ય 'ચ' માર્ગ ઉપર વિધાનસભા તથા સચિવાલય સંકુલ આવેલાં છે. **સચિવાલયના કુલ ૧૪ બ્લોકમાં સરકારના વિવિધ વહીવટી વિભાગો આવેલા છે.** ખાતાના વડાની કચેરીઓનું સંકુલ ડૉ. જીવરાજ મહેતા ભવનના નામે ઓળખાય છે. અન્ય કચેરીઓમાં રાજ્યનું ઉદ્યોગ ભવન સ્થાપત્યની દૃષ્ટિએ સુંદર ઈમારત છે.

આ ઉપરાંત પાટનગર યોજના ભવન, ખાદી ગ્રામોદ્યોગ તાલીમ કેન્દ્ર, બ્યુરો કચેરી, પંચાયત ભવન ઉલ્લેખનીય છે. કેન્દ્ર સરકાર હસ્તકની કચેરીઓ પૈકી અદ્યતન ટેલિકોમ બિલ્ડિંગ, સરવે ઑફ ઇન્ડિયાની કચેરી તથા ઍરફોર્સનું નાનું સબ સ્ટેશન વગેરે સેક્ટર ૯ માં આવેલા છે. બધી જ રાષ્ટ્રીયકૃત બેંકોની શાખાઓ પણ આ શહેરમાં છે.

ગાંધીનગરને હરિયાળું બનાવવા દર વર્ષે ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરવામાં આવે છે. પરિણામે ગાંધીનગર લીલુંછમ અને હરિયાળું વર્તાય છે. આ શહેર ગુજરાતમાં સૌથી વધુ વૃક્ષો ધરાવવાનું માન પામે છે. ગાંધીનગરના બહુમુખી વિકાસ માટે રૂા. ૧૬૦ કરોડનો ખર્ચ થયો હતો. ગાંધીનગર એશિયાનું ગ્રીન કેપીટલ તરીકે બહુમાન

મેળવે છે. **ગાંધીનગરના કુલ વિસ્તારમાંથી ૫૦ ટકા જેટલો વિસ્તાર વૃક્ષોથી આચ્છાદિત થયો છે.** ગાંધીનગરનો ભારતના સૌથી સ્વચ્છ શહેરોમાં સમાવેશ થાય છે. ગાંધીનગરને દેશનું સૌથી ચોખ્ખું પાટનગર પણ માનવામાં આવે છે.

ગુજરાત મ્યુનિસિપલ અધિનિયમ ૧૯૬૩ હેઠળ ગાંધીનગરને નિર્દિષ્ટ વિસ્તાર (Notified Area) જાહેર કરવામાં આવ્યો હતો. કલેક્ટરને એક વ્યક્તિની સમિતિ જાહેર કરી તેને ગાંધીનગરનો વહીવટ સોંપવામાં આવ્યો હતો. ગાંધીનગર શહેરની હદથી ૮ કિ.મી. સુધીના ચારે બાજુના આશરે ૨૨૫ ચો.કિ.મી. વિસ્તારને પેરીફરી કન્ટ્રોલ એક્ટ, ૧૯૬૦ હેઠળ મૂકી ગાંધીનગર જિલ્લાની રચના કરવામાં આવી છે.

- **ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન :**

**ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના ૧૬મી માર્ચ, ૨૦૧૦માં થઈ હતી.** આ સિવિક બોડીના હાથમાં શહેરનું સંચાલન છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રથમ ચૂંટણી એપ્રિલ ૨૦૧૧માં થઈ હતી. ૩૩ બેઠકો ધરાવતી આ મહાનગર પાલિકાની ચૂંટણીમાં પહેલી વખત ૧૮ બેઠકો સાથે કોંગ્રેસને બહુમતી મળી હતી અને ભાજપને ૧૫ બેઠકો મળી હતી. મહેન્દ્રસિંહ રાણા ગાંધીનગરના પ્રથમ મેયર બન્યા હતા.

ગાંધીનગર જિલ્લો સ્થાન અને સીમા વિસ્તારની દૃષ્ટિએ આ ગુજરાતનો સૌથી નાનો જિલ્લો છે. તેનો ક્રમ વિસ્તારની દૃષ્ટિએ ૧૯મો છે. તે ૨૩°-૫' અને ૨૩°-૨૨' ઉ.અ. અને ૭૨°-૩૨' અને ૭૨°-૪૮' પૂ.રે. વચ્ચે આવેલો છે. તેની ઉત્તરે અને વાયવ્ય ખૂણે મહેસાણા જિલ્લો, ઈશાન ખૂણે સાબરકાંઠા જિલ્લો, દક્ષિણ અને પૂર્વ તરફ અમદાવાદ જિલ્લો આવેલો છે.

જિલ્લાનું ક્ષેત્રફળ ૬૪૯ ચો.કિ.મી. છે. ગાંધીનગર, કલોલ, દહેગામ અને માણસા – એમ ચાર તાલુકાના બનેલા આ જિલ્લામાં ૩ શહેરો અને ૨૧૬ ગામો છે.

- **જિલ્લાની રચના :**

તા. ૧-૧૨-૧૯૬૪થી અસ્તિત્વમાં આવેલો આ જિલ્લો એ વખતના મહેસાણા જિલ્લાના કલોલ તાલુકાનાં કેટલાક ગામો અને અમદાવાદ જિલ્લાના સિટી, દહેગામ અને દસક્રોઇ તાલુકાનાં કેટલાંક ગામડાંના જોડાણથી બન્યો હતો. ઇન્દ્રોડા, બોરીજ, ધોળાકુવા અને આદિવાડા ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ છે.

જમીન ગોરાડું અને કાંપવાળી છે. નદીના ભાઠાની જમીન વધુ ફળદ્રુપ છે. કેટલીક જમીન ઝીણી રેતીવાળી પણ છે. સાબરમતી નદી ગાંધીનગર જિલ્લાના મધ્ય ભાગમાંથી વહે છે. આ જિલ્લામાં તેનો પ્રવાહ ૩૪ કિ.મી. છે. જિલ્લામાંથી નર્મદા નહેર પસાર થાય છે.

બહારથી આવતા પ્રવાસીઓ તથા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓનાં નિવાસ - ભોજનની સગવડ ખાતર સર્કિટ હાઉસ, વિશ્રામગૃહ તથા પથિકાશ્રમની જોગવાઈ ઊભી કરાઈ છે. ખાનગી માલિકીની લક્ઝુરીયસ હોટલ પણ બની છે.

મહાત્મા ગાંધીજીને સમર્પિત મહાત્મા મંદિર પણ ગાંધીનગરના સેક્ટર ૧૩માં બનાવાયું છે. ગાંધીનગર આવતા દેશ-વિદેશના પ્રવાસીઓ મહાત્મા મંદિરની મુલાકાત કરે છે. મહાત્મા મંદિર ૩૪ એકર જેટલા વિસ્તારમાં બન્યું છે અને એ ભારતનું સૌથી મોટું કન્વેન્શન સેન્ટર પણ ગણાય છે. અહીં વિવિધ સરકારી ઈવેન્ટ્સ થાય છે. ગાંધીનગરના નાગરિકોની ઉપાસના વગેરેની સગવડ ખાતર જુદા જુદા દરેક મુખ્ય ધર્મના ઉપાસના સ્થાનો પણ જે તે ધર્મસંસ્થા તરફથી રચવામાં આવ્યા છે. આમાં સ્વામિનારાયણ સંપ્રદાય નિર્મિત અક્ષરધામ પ્રવાસીઓ માટે વિશેષ આકર્ષણરૂપ નીવડ્યું છે.

ચાંદખેડામાં અંબાજી માતાનું કાચ મંદિર અને બ્રહ્માણી માતાનું મંદિર છે. રૂપાલમાં વરદાયિની માતાનું મંદિર છે. નવરાત્રી દરમિયાન અહીં પલ્લી ભરાય છે. વાસણામાં બૈજનાથ મહાદેવનું જૂનું મંદિર છે. આ મંદિરના ઘુમ્મટમાં સલાટી શૈલીનાં ચિત્રો છે. ગાંધીનગર ખાતે સ્વામિનારાયણ સંપ્રદાયનું અક્ષરધામ મંદિર છે.

આ જિલ્લામાં માઘ માસમાં કૃષ્ણ પક્ષની ચૌદસના દિવસે ગાંધી મેળો ભરાય છે. ડભોડામાં જન્માષ્ટમીના દિવસે હનુમાનજીનો મેળો ભરાય છે. દોલારાણા વાસણામાં જન્માષ્ટમીના દિવસે બોરિયા મહાદેવનો મેળો ભરાય છે. છાલામાં આસોની પૂર્ણિમાને દિવસે દશરથ મહાદેવનો મેળો ભરાય છે.

ગાંધીનગર જિલ્લામાં સરિતા ઉદ્યાન, બાલોદ્યાન, ટાઉન હોલ, વિધાનસભા, સચિવાલય, અક્ષરધામ, ફન વર્લ્ડ, ઇન્દ્રોડામાં જૂનો કિલ્લો અને હરણઉદ્યાન, ડાઇનોસોરના પૂરા કદના શિલ્પો તથા ૧૪૯૯માં બંધાયેલ અડાલજની ઉત્કૃષ્ટ સ્થાપત્યવાળી વાવ જોવાલાયક છે.

વલાદમાં પ્રાચીન વાવ, માત્રી માતાનું મંદિર, અન્ય મંદિરો તથા જાબાલી ઋષિની ગુફા જોવાલાયક છે. વાસણિયા મહાદેવના (વૈજનાથ) મંદિરમાં ૧૧ શિવલિંગો અને ૧૩ શિખરો છે. મંદિરની સામે હનુમાનજીની ઘણી ઊંચા કદની મૂર્તિ છે. મોટેરામાં ગાયત્રી ઉપાસના ખંડ અને સંત આશારામજીનો આશ્રમ છે. કોબામાં સાબરમતી કિનારે કુંભેશ્વર મહાદેવ અને કોટેશ્વરમાં આ જ નામના મહાદેવનાં જૂનાં મંદિરો છે. ઇસનપુરમાં ૧૫૦૦-૧૫૧૫ દરમિયાન બંધાયેલી જૂની મસ્જિદ છે.

*સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલ, વીકિપીડિયા.*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫, વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ, ખાવડા મેસુક ઘરની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

*આપણે કહીએ છીએ કે સમય ચાલ્યો ગયો પરંતુ તે વાત ખોટી છે. ખરેખર સમય તો ત્યાં જ રહે છે પણ આપણે પસાર થઈ જઈએ છીએ.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ઉજવ્યું કચ્છી નૂતન વર્ષ



શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈના પ્રમુખ ડૉ. ચંદ્રકાંત લાલન (ડાબે)નું સન્માન કરતા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતા



હિંદુ સમાજના અગ્રણી શ્રી પ્રફુલભાઈ સેજપાલ (વચ્ચે)નું સન્માન કરતા શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી મનસુખભાઈ પટેલ અને શ્રી શાંતિલાલભાઈ સાવલા



સ્પોન્સરર શ્રી નરસિંહભાઈ પટેલ (ડાબેથી બીજા)નું સન્માન કરતા શ્રી પરબતભાઈ પટેલ અને શ્રી અશોકભાઈ મહેતા (જમણે)



સ્પોન્સરર શ્રી મનોજભાઈ સાવલા અને શ્રી શાંતિલાલભાઈ સાવલાનું સન્માન કરતા શ્રી અતુલભાઈ સોની (જમણે) અને શ્રી અશોકભાઈ મહેતા (ડાબે)



સ્પોન્સરર શ્રી બી. કે. પટેલ (વચ્ચે)નું સન્માન કરતા શ્રી સંજયભાઈ રાઠોડ (જમણે) અને શ્રી અશોકભાઈ મહેતા



સ્પોન્સરર શ્રી પરબતભાઈ પટેલનું સન્માન કરતા શ્રી દિનેશભાઈ મહેતા (જમણે) અને શ્રી અશોકભાઈ મહેતા (ડાબે)



સ્પોન્સરર શ્રી કીર્તિભાઈ બારૂ (ડાબેથી બીજા)નું સન્માન કરતા શ્રી ભરતભાઈ ઓઝા. તેમની બાજુમાં શ્રી હિમાંશુભાઈ ઠક્કર અને શ્રી અશોકભાઈ મહેતા (ડાબે)



સ્પોન્સરર શ્રી રમણિકભાઈ પટેલનું સન્માન કરતા શ્રી દીપકભાઈ ચૌહાણ (જમણે) અને શ્રી અશોકભાઈ મહેતા (ડાબે)



સામાજિક અને સાંસ્કૃતિક ધરોહરને મજબૂત બનાવતું નાટક 'આવજે'ના એક દૃશ્યમાં ત્રણ પેઢી એક સાથે...



નાટક 'આવજે'નું એક દૃશ્ય



શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈ દ્વારા ૭૫ વર્ષની ઉજવણી સ્વરૂપે પ્રસ્તુત કરાતા આ નાટક બદલ સંસ્થાના પ્રમુખ શ્રી ચંદ્રકાંત લાલનનું અભિવાદન કરતા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા



સુંદર મજાની નાટક પ્રસ્તુતિ બદલ આ નાટકના ડાયરેક્ટર શ્રી વિજયભાઈ ગાલા તથા શ્રી રીષભ છેડા તથા સમગ્ર ટીમનું અભિવાદન કરતા શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ લાલન



પ્રોત્સાહક હાજરીથી કાર્યક્રમને ચાર ચાંદ લગાવતા સૌ સભ્યો



મૂળ માંડવીના અને કોઈમ્બતુરથી ખાસ પધારેલા શ્રી પ્રફુલભાઈ સેજપાલ
સનાતન સંસ્કૃતિ વિશે સૌને જાગૃત અને સક્રિય થવાની અપીલ કરતા



સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરતા
સંસ્થાના માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર





કાર્યક્રમના અંતે રસદાર ભોજનની મજા માણતા સૌ સભ્યો....







નાટકના કલાકારો સાથે શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું ટ્રસ્ટી મંડળ તથા કારોબારી સભ્યશ્રીઓ



નાટક 'આવજે'ની સમગ્ર ટીમ મંચ ઉપર. સાથે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ અને વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રીઓ - એક સાથે એક તસવીરમાં....

# માનસિક બીમારીઓ અંગે પ્રવર્તતી ગેરસમજ અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-૭

**(Mental Illness : Misunderstanding and Scientific Facts : Part-7)**




ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)


આગળના લેખો (ભાગ ૧ થી ૬)માં આપણે માનસિક બીમારીઓ વિશે મનોવૈજ્ઞાનિક સત્યની જાણકારી મેળવી, જે નીચે પ્રમાણે છે.

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

૧. માનસિક બીમારીઓ ખરેખર બીમારીઓ છે. વ્યક્તિ ઢોંગ કે નાટક કરતી નથી. લક્ષણો એના કાબૂમાં નથી.

૨. માનસિક બીમારીઓમાં બ્રેઈન - મગજમાં આવેલા અવયવોના જ્ઞાનતંતુઓમાં શારીરિક ફેરફારો (કદ, રચના, કેમિકલ્સ - ન્યુરોટ્રાન્સમિટર્સમાં) થાય છે.

૩. વધારે વિચારો આવવા, નકારાત્મક વિચારો આવવા, નિરર્થક શંકાઓ આવવી વગેરે માનસિક બીમારીના લક્ષણો છે. આ વિચારો પર વ્યક્તિનો કાબૂ નથી હોતો. સ્વયં પોતાની રીતે વ્યક્તિ વિચારોને બદલી શકતો નથી.

૪. વ્યક્તિ થોડા સમયથી અયોગ્ય વર્તણૂંક કરતી હોય, પોતાની વાણી પર કાબૂ ન હોય તો વ્યક્તિ માનસિક બીમારીથી પીડાય છે. ભૂત, ડાકલિયા કે બહારની કોઈ નજર લાગી નથી. યોગ્ય નિદાન તથા મનોચિકિત્સાની જરૂરત છે.

૫. માનસિક બીમારી તથા લક્ષણોમાં વધઘટ થવી એ સામાન્ય છે. સહાનુભૂતિપૂર્વક દર્દીને સમજીને યોગ્ય મનોચિકિત્સા માટે દર્દીને પ્રોત્સાહિત કરવા જોઈએ.

૬. માનસિક બીમારીઓની સારવારમાં અપાતી દવાઓ મગજના જ્ઞાનતંતુઓમાં ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ કરે છે. જેથી માનસિક બીમારી કાબૂમાં આવે છે. લક્ષણો કાબૂમાં આવે છે.

ઊંઘમાં ખલેલ પડવી એ એક માનસિક બીમારીનું લક્ષણ છે. દવાઓ આપવાથી ઊંઘ નોર્મલ થાય છે, વધારે કે ઓછી નહીં.

૭. માનસિક બીમારીઓની સારવારમાં અપાતી દવાઓની આદત પડતી નથી, બંધાણી થવાતું નથી. શારીરિક બીમારીઓ (ડાયાબિટીસ, બ્લડ પ્રેશર વગેરે) સારવારની જેમ માનસિક બીમારીઓની સારવારમાં અપાતી દવાઓની દર્દીના શરીરને જરૂરત છે કારણકે આ કેમિકલ્સ (ન્યુરોટ્રાન્સમિટર્સ) દર્દીનું શરીર પૂરતા પ્રમાણમાં બનાવતું નથી. એટલે દવા તરીકે આપવું જરૂરી છે.

***આ લેખમાં અન્ય ગેરસમજ તથા મનોવૈજ્ઞાનિક સત્ય વિશે જાણકારી મેળવીએ.***

## ગેરસમજ-૮

***"લગ્ન કરવાથી માનસિક બીમારી દૂર થશે. દર્દી પર જવાબદારી પડશે એટલે સુધરી જશે."***

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

જેવી રીતે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, થાઈરોઈડની બીમારી લગ્ન કરવાથી મટતી નથી પણ આ બીમારીઓ માટે યોગ્ય સારવારની જરૂરત છે તેમ માનસિક બીમારીઓ માટે યોગ્ય મેડિકલ સારવારની જરૂરત છે. લગ્ન કરી જવાબદારી સોંપવી એ પણ માનસિક બીમારીની સારવાર નથી. ઊલટું, ઘણી વખત લગ્ન કર્યા બાદ માનસિક બીમારી વધી જાય છે. નીચે આપેલ કેસ સ્ટડી પરથી આ હકીકત સમજાશે.

### કેસ સ્ટડી - ૬

૨૫ વર્ષનો રોહિત (નામ બદલ્યું છે) કાંઈ કામકાજ કરતો ન હતો. કોલેજમાં ત્રણેક વર્ષ ગયો. બે વર્ષ લગાતાર નાપાસ થયો એટલે કોલેજ છોડી દીધી. દિવસના બારેક વાગે ઉઠતો હતો. બેએક વાગ્યા સુધીમાં તૈયાર થતો. ઘણી વખત બ્રશ કર્યા વગર જમતો. ત્યારબાદ પપ્પાના ધંધા પર જતો. ત્યાંથી પણ પાંચેક વાગે પાછો આવી જતો. ધંધાની કોઈ જવાબદારી લેતો ન હતો. પપ્પાને રોહિત કહેતો કે મને સ્વતંત્ર ધંધો કરવો છે. મને પચાસ લાખ રૂપિયા આપો. પરંતુ ધંધાનું કાંઇ પણ પ્લાનિંગ રોહિત પાસે ન હતું. રોહિતને ગુસ્સો પણ ખૂબ જ આવતો હતો. ગુસ્સામાં એણે નવો મોંઘો મોબાઈલ ભીંતમાં પછાડ્યો હતો.

*દુ:ખની અનુભૂતિ થયા પછીનું સુખ જ સારું લાગે છે જેમકે અંધકાર થયા પછી જ દીપ-દર્શન સારું લાગે છે.*

ટી.વી. પણ તોડી નાખ્યું હતું.

સગાવહાલાં સલાહ આપતા હતાં કે લગ્ન થશે, જવાબદારી આવશે તો કામકાજ કે ધંધો કરશે. મમ્મી-પપ્પાને પણ થયું કે જવાબદારી નાંખશું તો રોહિતમાં ફેરફાર થશે. સમાજમાં કુટુંબમાં સારું નામ હોવાથી રોહિતનાં લગ્ન થયા.

લગ્ન બાદ પણ રોહિતની વર્તણુંકમાં ફરક ન પડ્યો. રોહિતની એની પત્ની જોડે ચકમક થવા લાગી. પત્ની કામ કરવા તથા જવાબદારી લેવા કહેતી. આથી રોહિતને ગુસ્સો આવતો હતો. મોડું ઊઠવાનું, બપોર પછી ધંધા પર ફક્ત બે-ત્રણ કલાક માટે જવાનું, રાત્રે મોડું સૂવાનું — આ વર્તણુંકમાં ફેરફાર ન થયો. લગ્નના આઠેક મહિના બાદ પત્ની જોડે મોટો ઝઘડો થયો. રોહિતે પત્નીને મારી. પત્ની પીયર ચાલી ગઈ. બે કુટુંબ વચ્ચે ઝઘડો વધી ગયો. છુટાછેડાની નોબત આવી. એકબીજાની સંમતિથી છુટાછેડા થયા.

ત્યારબાદ રોહિતની વર્તણુંક વધારે બગડી. એને લાગ્યું મમ્મી-પપ્પાના કહેવાથી પત્નીએ ઝઘડો કર્યો હતો. રોહિત આખી રાત મોટો અવાજ રાખી ટી.વી. કાર્યક્રમ જોતો હતો. પરોઢિયે સૂવા જતો. બપોરે બે કે ત્રણ વાગે ઊઠતો. ગુસ્સો ખૂબ વધી ગયો હતો. રાતના બે વાગે ગરમ ખાવાનું માંગતો. ખાવાનું ન મળે તો મમ્મીને રાતના પરેશાન કરતો. ધંધા પર જવાનું બિલકુલ બંધ કરી દીધું હતું. બીજા લગ્ન કરવા માટે સતત માંગણી કરતો.

ફેમિલી ડોક્ટરે મનોચિકિત્સકને કન્સલ્ટ કરવાની સલાહ આપી. મનોચિકિત્સક (લેખક)ને કન્સલ્ટ કર્યા. સારવાર શરૂ કરી.

રોહિતનો કેસ માનસિક બીમારીનો છે. સારવારથી રોહિતમાં બદલાવ આવ્યો. ગુસ્સો ઓછો થયો. વર્તણુંકમાં પણ હકારાત્મક ફેરફારો થયા. ધંધાની જવાબદારી લેવા લાગ્યો.

આ ફેરફારો લગ્નથી નહોતા આવ્યા.

- **મનોવૈજ્ઞાનિક સમજણ :**

(૧) માનસિક બીમારીઓમાં મનના કાર્યોમાં (વિચારો, વર્તણુંક, વાણી, લાગણી, એકાગ્રતા, યાદશક્તિ વગેરેમાં) ખલેલ પહોંચે છે. (૨) આ ખલેલ મગજના જ્ઞાનતંતુઓમાં થતા કેમિકલ્સ - ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારોને લીધે છે. (૩) મનના કાર્યોમાં ખલેલનું યોગ્ય નિદાન કરી યોગ્ય મેડિકલ સારવાર કરવી અગત્યનું છે. (૪) સારવાર બાદ વ્યક્તિ ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

- **સારાંશ :**

માનસિક બીમારીઓની યોગ્ય સારવાર કરવી જરૂરી છે. લગ્ન કરવા એ માનસિક બીમારીની સારવાર નથી.

*(ક્રમશઃ)*

## લઘુકથા : ધૂળ - ધૂપેલ અને લોલીપોપ

નીતા રીક્ષામાંથી ઝટપટ ઉતરી. પડધરીની બસ ઉપડું ઉપડું હતી. એણે એસ.ટી.ના કમ્પાઉન્ડમાં પીન્કી સાથે દોટ મૂકી. બસમાં ડ્રાઈવર સીટ ઉપર બેસી ગયો હતો. તેણે લાંબો હાથ કરી બસ થોભાવવાની વિનંતી કરી. કંટાળેલી મુદ્રા સાથે ડ્રાઈવરે બસ ઊભી રાખી. કન્ડક્ટરે બારણું ખોલ્યું. પહેલા પીન્કીને, પછી પોતે બસમાં ચઢી. બસ આખી ચિક્કાર હતી. છેલ્લી સીટ ઉપર એક જગ્યા ખાલી હતી. હડબડાતી નીતા પીન્કીને લઈ એ સીટ તરફ આગળ વધી. પાછલી સીટની વધેલી જગ્યા બાજુમાં એક મોટું ફાળિયું પહેરેલ દમયલ ડોસો તેની કંતાયેલી દુબળી ડોશી અને ફાટલી ચડ્ડી સાથે તેનો પોત્રો બેઠો હતો. નાછુટકે નાક સંકોડી, નીતા એ વધેલી જગ્યાએ બેઠી. બસ ઉપડી. બસ એની જ રાહ જોઈ રહી હોય તેમ પિન્કીએ મમ્મીએ અપાવેલ લોલીપોપનું રેપર તોડી ચસ ચસ ચૂસવા માંડી.

બાજુમાં બેઠેલ દુબળા ડોસા-ડોસીનો હિણાયેલ પોત્રો તરસી નજરે લોલીપોપ ચુસતી પિન્કીને જોઈ રહ્યો. “મા, મને અપાયને?”ની વિનંતીભરી નજરે એ તેની દાદી સામે જોઈ રહ્યો. દાદીએ એક ઉદાસીન નજર પોત્રા તરફ નાખી અને ડોસીએ નજર ફેરવી લીધી. પોતાની અરજીનો કાંઈ નિકાલ ન આવેલો જોઈ છોકરાએ ભેંકડો તાણી ફરી પોતાની ફરિયાદ નોંધાવી. કંટાળેલી ડોસીએ ઠપકાભરી નજરે છોકરા તરફ જોઈ એને ચૂપ રહેવાની સંજ્ઞા કરી. જવાબમાં છોકરાએ જોરથી ભેંકડાના રૂપમાં વિરોધ નોંધાવ્યો તો ડોસીએ છોકરાના પેટમાં ‘વળ ખાઈ જાય’ એવો ચિંટીયો ભરી તાડૂકી ‘બેસ્યને, નખ્ખોદિયા!’

નીતાને દયા આવી. તેણે પર્સ ખોલી દસ રૂપિયાની નોટ કાઢી ડોસીને આપી કહ્યું, ‘લો માજી, આવતા સ્ટેશને આ છોકરાને લોલીપોપ અપાવજો.’

દસની નોટ જોઈ ડોસાની આંખ ચમકી. ડોસી નોટ પકડે ના પકડે ત્યાં બાજની ઝડપે ડોસાએ નોટ ઝડપી બંડીના ગજવામાં મૂકી બબડ્યો : ‘ત્રણ દિવસ વરલી રમવાનો મેળ પડી ગયો.’ ડોસીના મન ‘બે દા’ડાની ખીચડીનો વેંત પડી ગયો’નો વિચાર ઉગે ના ઉગે અને આથમી ગયો. પોતાને બેળે બેળે સાંપડેલા શિકારને ડાઘીયો ઝડપી જાય અને હતાશાભરી નજરે શિયાળ તાકી રહે એમ ડોસી તાકી રહી. આમાં ‘પોતાને તો કશું મળવાનું જ નથી’ એમ જાણી ગયેલ છોકરાએ ફરી ભેંકડો માંડ્યો. તો અકળાયેલી ડોસી એને ચૂંટીયો ખણી જોરથી તાડૂકી : ‘ચૂપ થા ને હરામપાણિયાના. આપણે ધૂળમાં રહેવું અને ધૂપેલના શ્યા હવાદ?’

*યુસુફ મીર - અમદાવાદ*

*બીજાનું સુખ જોઈને દુ:ખી થનારો ક્યારેય સુખી થઈ શકતો નથી.*

# અદ્‌ભુત સ્વર સાધક : વસંત દેસાઈ

યુસુફ મીર

દિ' આખાની શારીરિક ટાંટિયાતોડ કરીને મેં બાથરૂમમાં હાથપગ ધોઈ મારા માટે અલાયદી કાઢેલી રૂમની બારી પાસેની શેટ્ટીમાં 'હા...શ' કરી જાતને ફંગોળી. પુત્રવધૂએ નાનકડા મેજ પર પાણીનો ગ્લાસ મૂક્યો. એમાં લાગણી ઓછી અને ફોર્માલિટી વધુ હતી. સાંઈઠી પાર કરી ગયેલા મારા જેવા વયસ્કો ઘણાં બધાથી વીંટળાયેલા હોવા છતાં એકાકીપણું 'ફીલ' કરતા હોય છે. એવી જ દશા મારી હતી. મારી 'સારસી' તો મારા ખેતરના શેઢેથી મને હળવળતો મૂકી પરલોક ઉડી ગઈ હતી. જિંદગી રૂપી ચલમની તમાકુમાં કશો કસ નહોતો. જીવન યંત્રવત બની ગયું હતું. મમતાની સરવાણીએ મારા તરફનું વહેણ બદલ્યું હતું.

રાત્રે જમી કરી ધાબા ઉપર પાથરેલી મારી રજવાડી પથારીમાં ઓશિકા નીચે મેં પળોજળનું પોટલું મૂક્યું. પૌત્રે આવી મારા સદાયના સાથી પોકેટ મર્ફી રેડિયો અને પાણીની બોટલ મૂકી અને પછી બોલ્યો : 'દાદા, પરોઢીયે બહુ ટાઢ વાય તો નીચે આવી જજો.' મને જીવવા માટે મજબૂર કરતાં આ લાગણીના તારને હું સજળ નયને જોઈ રહ્યો અને મારી આંગળી રેડિયોના 'ઓલ ઇન્ડિયા' સ્ટેશને ક્યારે અડકી અને ક્યારે 'ગુંજ ઉઠી શહનાઈ'નું ગીત મદહોશી પ્રસારવા લાગ્યું મને કાંઈ ખબર ના રહી. 'લ્યો પત્યું! ઘરની દાઝી વનમાં ગઈ તો વનમાં લાગી આગ!'

*"મુઝકો અગર ભૂલ જાઓગે તુમ*
*મુઝસે અગર દૂર જાઓગે તુમ*
*મેરી મહોબ્બતમેં તાસીર હૈ*
*ખીંચકે મેરે પાસ આઓગે તુમ*
*દેખો હમારી હોગી જીત*
*દોનોં મિલકર બનેગી પ્રીત*
*તેરે સૂર ઔર મેરે ગીત."*

સ્વર કિન્નરી લતા દીદીએ ગાયેલું આ અમર ગીત જ્યારે જ્યારે સાંભળું છું ત્યારે દિલ એક અજબ સંવેદનાથી ભરાઈ જાય છે. 'રામ રાજ્ય' અને 'ભરત મિલાપ' જેવી માણવાલાયક ફિલ્મ બનાવનાર (ગાંધી બાપુએ આખી જિંદગીમાં આ બે જ ફિલ્મો જોયેલી) વિજય ભટ્ટની કંપની આર્થિક સંકડામણમાં આવી ગઈ અને તાળા મારવાનો સમય આવ્યો ત્યારે નૌશાદે ભટ્ટજીનો હાથ પકડી બૈજુ બાવરા દ્વારા ભટ્ટજીને તાર્યા. બૈજુ બાવરાની સફળતાથી પગભર થયેલા ભટ્ટજીએ સંગીત માસ્ટર નૌશાદની પ્રેરણાથી જ બીજું અનુપમ ચિત્ર 'ગુંજ ઉઠી શહનાઈ' આપ્યું. બૈજુ બાવરાનો પ્રાણ નૌશાદનું શાસ્ત્રીય સંગીત અને રફી સા'બનો અવાજ હતો (રફીના કહેવા મુજબ 'મન તડપત હરિ દર્શનકો આજ' એમના જીવનનું અઘરામાં અઘરું ગીત હતું). તો ગુંજ ઉઠી શહનાઈમાં ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાનની શરણાઈ અને વસંત દેસાઈનું અદ્‌ભુત સંગીત મેદાન મારી ગયા હતા.

પરંતુ હવે વિજય ભટ્ટ નથી, વસંત દેસાઇ નથી, નૌશાદ નથી, રફી સા'બ નથી; ફક્ત એમના સૂર અને સંગીત વિદ્યમાન છે. 'તે હી ના દિવસા ગતા.'

*ન શમા હૈ ન મહેફિલ હૈ, ન કોઈ સુનનેવાલા હૈ,*
*એક હમ હૈ જો કહે જા રહે હૈં, દાસ્તાં અપની.*

પણ મારે અહિંયા વાત કરવી છે આવી અફલાતુન ફિલ્મોમાં સંગીત આપનાર સંગીતકાર વસંત દેસાઈની. ફક્ત ત્રેંસઠ વર્ષની આવરદા લઇને આવનારે એવી તો અદ્‌ભુત તર્જો બાંધી કે સાંભળનાર 'આફરીન' પોકારી ગયા. એના સંગીતથી મનેખ માત્ર, અને ખાસ તો સાંઇઠી પાર કરી ગયેલા ઝુમવા લાગ્યા.

મહારાષ્ટ્રના સાવંતવાડી રાજ્યના સોનાવડ ગામમાં ૯મી જૂન, ૧૯૧૨ના રોજ એમનો જન્મ. જન્મ વખતે દેવી શારદાએ અદૃશ્ય હાથથી વસંતના ઓશિકા નીચે અદૃશ્ય વીણા મૂકી દીધેલી હોવી જોઈએ. જેની અસરથી ઘરમાં લખલૂટ લક્ષ્મી આળોટતી હોવા છતાં નાનકડા વસંતના દિલમાં સંગીતનો છોડ વાવતા ગયા.

અને પચ્ચીસ વર્ષની ભર જુવાનીમાં ખભે અરમાનોનું પોટલું ભરાવી મુંબઈના બોલીવુડના આંગણામાં ધામા નાખ્યા. અહિંયા શરૂઆતમાં તેમને પ્રભાત ફિલ્મ કંપનીની ફિલ્મો મળી. જેમાં 'ધર્માત્મા' અને 'સંત ધ્યાનેશ્વર' મુખ્ય છે. પણ વસંત દેસાઈની શરૂઆત મંથર ગતિએ થઇ અને વેગ ક્યારે પકડ્યો

જ્યારે એમના જેવા એક બીજા ધૂરંધર પણ સ્વપ્નસેવી દિગ્દર્શક વ્હી. શાંતારામે વસંત દેસાઈનો હાથ પકડ્યો. પછી વસંત દેસાઈની સંગીત યાત્રા સડસડાટ ચાલવા લાગી અને વ્હી. શાંતારામની શરૂઆતની એક ફિલ્મ 'ડૉ. કોટનીસ કી અમર કહાની'માં એમને સંગીત મળ્યું. આ પિક્ચર એક સત્ય ઘટના ઉપરથી શાંતારામે બનાવ્યું હતું. જેનો આવિષ્કાર કાળ ૧૯૪૬નો હતો.

એ પછી વસંત દેસાઈની નોંધ લેવાતી થઈ. પણ એ ચરમસીમાએ ત્યારે પહોંચી, જ્યારે વ્હી. શાંતારામે અદ્‌ભુત ફિલ્મ 'દો આંખે બારહ હાથ' બનાવી. આ દો આંખ એટલે એક સંવેદનાથી ભરપૂર જેલર (વ્હી. શાંતારામ) અને તેના ખૂંખાર છ કેદી (ખૂંખાર એટલે ખૂંખાર - બી.એ. વ્યાસ (ગીતકાર ભરત વ્યાસના ભાઈ), તિવારી, બી.આર. પેંઢારકર, ઉલ્લાસ જેવા)ના બાર હાથ! ભાઈ ભાઈ! પહેલાંના ડાયરેક્ટરો શિર્ષક પણ કાવ્યાત્મક શોધતા. 'દો આંખે બારહ હાથ', 'ગીત ગાયા પથ્થરોને', 'ઝનક ઝન પાયલ બાજે', 'જલ બિન મછલી, નૃત્ય બિન બીજલી' જેવા રાખતા. જ્યારે અત્યારે 'પીકુ', 'પીકે', 'ચેન્નાઇ એક્સપ્રેસ'! આ પિક્ચરમાં શાંતારામે વસંત દેસાઈ પાસેથી અદ્‌ભુત કામ લીધું છે. જેના પરિણામે 'અય માલીક તેરે બંદે હેમ' અદ્‌ભુત પ્રાર્થના મળી છે. એમાંય જ્યારે મરણ પથારીએ પડેલા જેલરની આજુબાજુ અપરાધભાવથી ઉભેલા કેદીઓની સાચી લાગણીથી ગવાતા આ ગીતની પંક્તિ સાંભળોઃ

*'જબ જુલ્મોં કા હો સામના તબ તુ હી હમે થામના*
*વો બુરાઈ કરે, હમ ભલાઈ કરે, ના હો બદલે કી કામના.'*

એ શબ્દો જાણે કે લતાના કંઠમાંથી નહીં પણ છ કેદીની આંખમાંથી વહેતા હોય એવી અસર તો વસંત દેસાઈનું સંગીત જ પેદા કરી શકે. 'કોઈ શક?'

આ જ ફિલ્મનું બીજું એક ગીત રમકડાંવાળી બનતી સંધ્યા (જે હકીકતમાં શાંતારામની પત્ની હોય છે)નું અલ્લડ ગીત પણ વસંત દેસાઈની આશિકાના સૂરના અંદાજનો પરિચય આપે છે.

*'સૈયાં ઝુઠોં કા બડા સરતાજ નિકલા, મુંહ મોડ ચલા;*
*દિલ તોડ ચલા, બડા દગાબાજ નિકલા'*

સાંભળજો એમાંય પાછળ રમકડાંની ગાડીમાંથી ઉત્પન્ન થતો રણકો ટીહું ટીહું તમારું મન મોહી લેવા કાફી છે. આ સિવાય શાંતારામની બીજી એક સંગીત પ્રધાન ફિલ્મ 'ઝનક ઝનક પાયલ બાજે' માં તો વસંત દેસાઈ ઉસ્તાદ આમીરખાન જેવા શાસ્ત્રીય રાગના ખાં પાસે ગીત ગવડાવ્યું છે કે : ખાં સાહેબને સાંભળવા એય એક લહાવો છે. 'ઝનક ઝનક પાયલ બાજે'.

તો આ જ ફિલ્મમાં આ જ ગીત વસંત દેસાઈએ લતા અને હેમંત કુમારના યુગલ સ્વરમાં ગવડાવ્યું છે. તો વળી લતા અને મન્નાડેના સ્વરમાં ગવાયેલું આ ગીત પણ વસંત દેસાઈની યશકલગી સમાન છે.

*શબ્દો સાંભળો :*

*'મેરે અય દિલ બતા, મેરે અય દિલ બતા;*
*પ્યાર તુને ક્યા કિયા, પાઈ મૈંને સજા ક્યા.'*

કરું? ક્યા કરું? માં ક્યા કરું? ને બેવડા વળીને અદ્‌ભુત અસર ઉપજાવી છે. કે બાપ્પો! બાપ્પો! કહ્યા વગર છુટકો ક્યાં? તો વળી નાયક ભલે વાદા ખિલાફી કરતો પણ નાયીકા નહીં કરે તેનો સધિયારો આપતી આ રચના સાંભળો. એય 'ઝનક ઝનક'નું જ નજરાણું છે.

*'જો તુમ તોડો પીયા, મૈં નહીં તોડું રે,*
*તુજ સંગ તોડી ક્રિષ્ણા કૌન સંગ જોડું રે'*

કહી પ્રણયની સાથે સાથે ભક્તિનેય વણી લે છે. આજ પિક્ચરનું શાસ્ત્રીય રાગ ઉપર આધારીત આ ગીત પણ વસંત દેસાઈની સૂરની નજાકતતાને નિખારે છે.

*'નૈન સે નૈન નહીં મિલાય,*
*નૈન સે નૈન નહીં મિલાય,*
*દેખત સુરત આવત લાજ...*
*સૈયાં નૈન સે નૈન...'*

આ ગીતમાં લતા દીદી તો એઝ યુઝવલ, પણ જૂનો જોગી હેમંત દા પણ 'અનારકલી'નું 'જાગ દર્દ ઇશ્ક જાગ'ની યાદ અપાવી જાય છે. ફિલ્મ 'ગુંજ ઉઠી'નું સંગીત ધારત તો નૌશાદ લઇ શકત પણ એમને વસંત દેસાઇના સૂરોમાં વિશ્વાસ હતો. એટલે જ બિસ્મિલ્લાહ ખાનની શરણાઈના સૂરમાં વસંત દેસાઈએ તાલ મિલાવ્યો. પરિણામે આપણને આ ચિરંજીવી પ્રસાદી મળી. જેવી કે :

*કૈસી પરદેસી તુમને પ્રીત લગાઈ,*
*ચૈન ભી ખોયા હમને નિંદ ગવાઈ.*
*ઉલ્ફત કા સાજ છોડ, હમેં મઝધાર છોડા*
*હમ તો ખડે થે લેકે તેરા હી સહારા*
*જાલીમ જમાના હમસે રૂઠ ગયા*
*દિલકા ખિલૌના હાયે તૂટ ગયા.'*

ભાંગતી રાત્રે તમારા પોકેટ રેડિયોમાંથી આ ગીત

સાંભળજો. મળસ્કુ માણવાલાયક અને જાગરણ કરવા લાયક બની જવાની સો ટકા ગેરંટી!!

આ જ ફિલ્મમાં રાંડ્યા પછીનું ડહાપણ બતાવતા રાજેન્દ્ર કુમાર રફી સા'બના કંઠમાં જણાવે છે કે :

*'પ્રીત પતંગા દિયે સે કરે, ઉન્હી કિ લૌ મેં વો જલ જલ મરે,*
*હૈ અનોખા જહાં, હરદમ ધોખા યહાં, ઈસમેં ચૈન નહીં ના કરાર.'*

વસંત દેસાઈએ હિંદી અને મરાઠી બંને ફિલ્મોમાં સરખું પલ્લું રાખ્યું છે. તેમણે મરાઠી ફિલ્મો 'શકુંતલા', 'લક્ષ્મણરેખા' અને 'શ્યામચી આઈ'માં અદ્‌ભુત સંગીત પીરસ્યું છે. હિંદીમાં 'ઝનક ઝનક', 'તુફાન ઔર દિયા', 'ગુંજ ઉઠી', 'ગુડ્ડી', 'આશિર્વાદ', 'અચાનક' જેવી અમર ફિલ્મોમાં સંગીતના સૂરો રેલાવ્યા છે.

ગાયીકા વાણી જયરામના સ્વરનો ઉપયોગ ઋષિકેશની ફિલ્મ 'ગુડ્ડી'માં કરી વાણીને ઘરે ઘરે જાણીતી કરી દીધી છે. શબ્દો હતા :

*'બોલે રે પપીહરા, બોલે રે પપીહરા...'*

*ઈક દિન ભરસન, ઈક દિન પ્યાસા... આ...આ.. આ..*

એમાં આ..આ..આ... નો આલાપ, જાણે અષાઢી માહોલમાં દાળવડાનો ચટાકો!

ઋષિકેશની બીજી ફિલ્મ 'આશિર્વાદ' કે જેણે દાદામૌનીની અદાને ચરમ સીમાએ પહોંચાડી હતી. તેમાં લતા દીદીના આ ગીતથી લેખનું સમાપન કરીએ :

*'રીમ ઝીમ બરસે સાંવરીયા અખિયાં*
*સાંવરીયા ઘર આ આ આ...'*

તથા મન્નાદાનું આ ગીત કે જે આપણને ચાલતા જ રહેવાની પ્રેરણા આપે છે, તે સાંભળો :

*'જીવન કે લંબે હૈ બંધુ, યે જીવન કે રસ્તે...'*

૧૯૪૦થી શરૂ થયેલી વસંત દેસાઈની સંગીત યાત્રા છેક ૧૯૭૩ સુધી રહી અને અટકી ત્યારે અચાનક અટકી! છેલ્લે ૧૯૭૩માં બનેલી તેમના સંગીતવાળી ફિલ્મ 'અચાનક'માં સંગીત આપી 'અચાનક' અલવિદા કીધી. તેય માનવામાં ન આવે તેવી રીતે! કોઈ ફંકશનમાં ગીત રેકોર્ડિંગ પતાવી બહાર નીકળ્યા, પોતાના એપાર્ટમેન્ટમાં જવા હજુ તો લીફટમાં પગ મૂકે છે ત્યાં જ લીફટ ચાલવા લાગી! અને લીફટમાં ફસાઈ ગયેલ વસંત દેસાઈનો જાન લઈને અટકી! બાકી ત્રેંસઠ વર્ષની ઉંમર કાંઈ મરવા લાયક નહોતી. સાજાસમા વસંત દેસાઈ આજ મહિનાની ૧૨મી તારીખે ૧૯૭૫માં 'અચાનક'માં આખરી સંગીત આપી અચાનક વિદાય લીધી. આપણે તો એમની યાદમાં એટલું જ કહેવાનું કે :

*'ચિટ્ઠી ના કોઈ સંદેશ, ના જાન કૌન સે દેશ,*

*જહાં તુમ ચલે ગયે'*

આવા ગઈ પેઢીના અદ્‌ભુત સંગીતકાર વસંત દેસાઈને શ્રદ્ધા સુમન!

ઠીક તંઈ કરો વાંહાઢાળ, બાકી આપણે તો મો'બત ખપે!

*રહેમાની સોસાયટી,*
*રોયલ અકબર ટાવર પાછળ, જુહાપુરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૫૫. ● મો. ૬૩૫૧૮૧૨૭૮૮*

## રાષ્ટ્રને સંદેશ

જો ભારતના ૧૨૧ કરોડ લોકોમાંથી માત્ર ૧૦% લોકો દરરોજ વિદેશી કંપનીઓના ઠંડા પીણાને બદલે ૨૦ રૂપિયાનો જ્યુસ પીવે તો એક મહિનામાં તે લગભગ ૩૬૦૦૦ કરોડ થાય છે. જો તમે કોકાકોલા અથવા પેપ્સી પીવો, તો આ ૩૬૦૦૦ કરોડ રૂપિયા દેશની બહાર જશે. કોકાકોલા, પેપ્સી જેવી કંપનીઓ દરરોજ આપણા દેશમાંથી ૧૨૦૦ કરોડથી વધુ રૂપિયા લૂંટે છે. અર્થાત્ આપણે વિદેશી કંપનીઓએ બનાવેલા ઝેર પીને બદલામાં દરરોજ તેમને ૧૨૦૦ કરોડ રૂપિયા આપીએ છીએ!

મિત્રો, આપને વિનંતી છે કે ભલે આપણે કટ્ટર દેશભક્ત બની દેશ માટે સર્વસ્વ બલિદાન ન કરી શકીએ પરંતુ વિદેશી વસ્તુઓ ત્યાગીને નાનકડી દેશભક્તિ તો અવશ્ય કરી શકાય. માટે પોતાનું અને સાથે ભારત માતાનું ભલું ઈચ્છનાર, તમામ ભારત દેશના ભલા નાગરિકોને નમ્ર અપીલ છે કે – શેરડીનો રસ / નાળિયેર પાણી / કેરી / ફળનો રસ વગેરે અપનાવો. સામે કોકાકોલા, પેપ્સી વગેરેનું બલિદાન આપી દેશના ૪૩૨૦૦૦ કરોડ બચાવો અને તે આપણા ખેડૂતોને આપો, તો ખેડૂતો આત્મહત્યા નહીં કરે.

ફળોના રસનો વ્યવસાય ૧ કરોડ લોકોને રોજગારી આપશે અને ૨૦ રૂપિયાનો જ્યુસનો ગ્લાસ માત્ર ૧૦ રૂપિયામાં મળશે.

સ્વદેશી અપનાવો, રાષ્ટ્રને મજબૂત બનાવો. સ્વદેશી અપનાવી દેશ બચાવો. જો તમામ ભારતીયો મનમાં નિશ્ચય કરી લે કે કોઈપણ વિદેશી માલ ખરીદે નહીં તો ભારત વિશ્વનું બીજું સૌથી મોટું સમૃદ્ધ રાષ્ટ્ર બની જાય!

આપણે સૌએ સાથે મળી આ પ્રયાસ કરવો જોઈએ કારણકે આ દેશ આપણો છે. ■

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈ

### પાર્ટ-૧

મુંબઈ સ્થિત કાર્યરત સંસ્થા શ્રી કે.વી.ઓ. સમાજ... આ વર્ષે સમાજસેવાના સાતત્યભર્યા ૭૫ વર્ષની ઉજવણી કરી રહી છે. સેવા સમાજની સ્થાપના સૂત્રધાર અને દીર્ઘદષ્ટા એવા મુરબ્બી શ્રી વેલજી લખમશી નપુ બાપાએ તા. ૧૬ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ કરી.

સ્થાપના પાછળનો એક જ ઉદ્દેશ "યુવાનોને સમાજના કાર્યોમાં પલોટવા અને ભણતરને સમાજમાં પ્રસરાવવા." શરૂઆતના વર્ષોમાં સમાજને પ્રગતિશીલ, આદર્શ, અંધશ્રદ્ધા મુક્ત બનાવવા માટે સંસ્થાના ઘણા બધા અધિકારીઓ અને કાર્યકરોએ સમયાંતરે જહેમત કરી.

### પાર્ટ-૨

આજના સમયમાં શ્રી ક.વી.ઓ. સેવા સમાજ ૨૭ જેટલી વિવિધ પ્રવૃત્તિઓની જવાબદારી અદા કરે છે. એમાં મુખ્યત્વે... બુક બેંક, આવાસ યોજના, રહેઠામ યોજના, વિદેશ જતા બાળકોને લોન તથા માર્ગદર્શન, લગ્ન વિષયક સેમિનાર, સ્ત્રી ઉત્કર્ષ, પગદંડી મેગેઝીન, વૈદ્યકીય રાહત તથા સંજીવની મેડિક્લેઇમ યોજના વગેરે વગેરે...

સ્પોર્ટસ ક્ષેત્રે ક્રિકેટ, વોલીબોલ, ફુટબોલ ઇત્યાદિ. તે ઉપરાંત વક્તૃત્વ સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે શિરોમણી સમી પ્રવૃત્તિઓ છે. આ બધી પ્રવૃત્તિઓથી સેવા સમાજ પોતાના આગવાપણાને જાળવી શક્યું છે.

સંસ્થા ફોરેન એજ્યુકેશન ક્ષેત્રે લોન આપવાથી લઇને કમ્પ્લીટ ગાઇડન્સ અને વિદ્યાર્થી વિદેશમાં જઇને ત્યાં બરોબર સેટ થઇ જાય ત્યાં સુધી ઇન્વોલ્વ હોય છે. (જ્યારે બીજી બધી સંસ્થાઓ લોન આપીને પોતાની જવાબદારી પૂર્ણ કરે છે.)

### પાર્ટ-૩

આજે એક ખાસ વાત ઉલ્લેખનીય છે કે છેક ૧૯૭૯થી સેવા સમાજે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું વિકેન્દ્રીકરણ કર્યું અને અસંખ્ય ઉભરતા કલાકારોને વારંવાર મંચ પૂરું પાડ્યું.

અને છેલ્લે એટલે કે તા. ૨૫-૬-૨૦૨૩ રવિવારના – આજના નાટક વિશે ખાસ.

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ પોતાના ૭૫ વર્ષના અમૃત મહોત્સવ ઉજવણી નિમિત્તે આપની સમક્ષ રજૂ કરે છે... સાંસ્કૃતિક કમિટી દ્વારા પ્રસ્તુત... કંઈક નોખું, કંઈક અનોખું. દેશ વિદેશની ધરતી પર ફરતું, તમારી અને અમારી વાત કહેતું ૧૫ કલાકારો સાથે યુવાધન અને વડીલોની ખાટીમીઠી મુંઝવણોને ઉજાગર કરતું હસતું રમતું ગુજરાતી નાટક "આવજે."

આંજી - પાંજી - મિણીજી ગાલ એટલે "આવજે."

આ નાટકના મુંબઈના લગભગ દરેક એરીયાવાઇઝ ઓડિટોરીયમમાં લગભગ ૧૦૦ દિવસમાં ૨૫ – સિલ્વર જ્યુબીલી પ્રયોગો થઈ ગયા. અંદાજે ૨૨,૦૦૦ જેટલા દર્શકોએ અભૂતપૂર્વ પ્રેમ અને પ્રતિસાદ આપ્યો છે.

ગઈકાલે વલસાડમાં શો હતો અને આજે આપણા અમદાવાદના આંગણે.

આજે સંસ્થા વતી પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ લાલન અને એમની સાથે સાંસ્કૃતિક કમિટીના કન્વીનર શ્રી રાજેશ છેડા અને એમની એક સમિતિ સભ્ય શ્રી મધુબેન લાલન પણ આપણી વચ્ચે હાજર જ છે.

શ્રી ચંદ્રકાંતભાઈ હાલ પ્રમુખપદે છે અને સંસ્થા સાથે ૪૦ વર્ષોથી જોડાયેલા છે. એમની રાહબરી હેઠળ આ બધી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ડોક્ટરની બિઝી લાઈફમાં પણ સમાજ માટે સમય કાઢી સેવાઓ આપી રહ્યા છે.

શ્રી રાજેશભાઈ નાટકનું બીજ, સ્ટોરી લાઈન, ઓડિશન, સિલેક્શન, રીહર્સલ... કલાકારો અને સંસ્થાના દરેક લેવલ પર કો-ઓર્ડિનેશનમાં સંકળાયેલા છે.

એઓ આજે આપણી સમક્ષ લઈ આવ્યા છે "આવજે" નાટક.

***શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈ***

## કચ્છ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ

કચ્છ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના ઉપક્રમે રવિવાર, તા. ૧૧-૬-૨૦૨૩ના રોજ શ્રી પ્રેમજીભાઈ ઠક્કર સ્મૃતિ રાષ્ટ્રભાષા ભવન મધ્યે, કચ્છ જિલ્લાના પ્રચારકો તથા કેન્દ્ર વ્યવસ્થાપકોનું અધિવેશન યોજવામાં આવ્યું હતું.

શ્રી શંકરભાઈ સચદેના પ્રમુખપદ હેઠળ યોજવામાં આવેલ અધિવેશનના પ્રારંભમાં મહામંત્રી શ્રી પદ્મકાંત રાવલે સૌનું

શાબ્દિક સ્વાગત કર્યું હતું. મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું તેમજ શ્રી પ્રેમજીભાઈ ઠક્કર તથા ડૉ. કવિતા (મીરાં) સચદેના તૈલચિત્રોને ફૂલહાર કરવામાં આવ્યા હતા. શ્રી સચદેના વરદ્ હસ્તે રાષ્ટ્રભાષા સુવેનિયરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ડૉ. કવિતા (મીરાં) સચદે સ્મૃતિમાં શ્રીમતી પુષ્પાબેન સચદે તરફથી રૂા. ૧૧,૧૧૧/-નું આર્થિક યોગદાન આપવામાં આવ્યું હતું.

હિંદીનો કાર્યભાર સંભાળતા શિક્ષિકાબહેનો શ્રીમતી ઉષ્માબેન શુક્લ, શ્રીમતી વિરાજબેન જોશી તથા કુ. ખુશ્બુબેન સરવૈયાને વર્ષ દરમિયાન જુદા જુદા ઍવોર્ડ મળેલ હોઈ, તેમનું શાલ, પુષ્પગુચ્છ તથા સન્માનપત્રોથી બહુમાન કરવામાં આવ્યું હતું. તે જ રીતે જુદા જુદા ઍવોર્ડઝ પ્રાપ્ત કરવા બદલ નામાંકિત અને બહુઆયામી સર્જકો શ્રી જયંતીભાઈ જોશી 'શબાબ', શ્રી રમણિકભાઈ સોમેશ્વર, શ્રી મદનકુમાર અંજારીયા તથા શ્રી ગૌતમભાઈ જોશીનું શાલ, પુષ્પગુચ્છ તથા સન્માનપત્રો એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું હતું. શ્રી રાવલને કચ્છ સૌરાષ્ટ્ર ઝોનના પ્રચાર મંત્રી તરીકે કાર્યભાર મળવા બદલ તથા શ્રીમતી કાજલબેન ઠક્કરને સૂત્ર સંચાલન બ-ખૂબી કરવા બદલ શાલ, પુષ્પગુચ્છ તથા સન્માનપત્રો એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રભાષાની રત્ન, કોવિદ, પરિચય, પ્રવેશ, પ્રારંભિક તથા પ્રાથમિકની પરીક્ષાઓમાં કચ્છ જિલ્લામાં પ્રથમ તથા દ્વિતીય નંબરે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ ખુશ્બુ સરવૈયા, ધ્યાનિ ગોસ્વામી, હેતલ ઘેલા, ભક્તિ પટેલ, હેતલ રબારી, ક્રિશા દરજી, ધારા પટેલ, દેવાંશી ચાડ તથા શ્રેયા યાદવને ઇનામો આપવામાં આવ્યા હતા.

વર્ષ દરમિયાન યોજવામાં આવેલ જુદી જુદી સ્પર્ધાના નિર્ણાયકો શ્રી શોભનાબેન વ્યાસ, રૂપલબેન મહેતા, શ્રી અરુણાબેન ઠક્કર વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું.

ડૉ. મહેન્દ્રભાઈ ઠક્કર, જયેશભાઈ રાવલ, લાલજીભાઈ મેવાડા, અનસુયાબેન રાવલ, રમીલાબેન મહેતા, કમળાબેન ઠક્કર વગેરેના વરદ્ હસ્તે શાલ તથા પુષ્પગુચ્છથી સન્માનિતોના સન્માન કરવામાં આવ્યા હતા. સન્માનપત્રો શ્રી સચદેના વરદ્ હસ્તે આપવામાં આવ્યા હતા.

પ્રચારકો વીરેન્દ્રભાઈ પોમલ, અનિતાબેન વર્મા, મધુસુદન તિવારી, લહેરીકાંત ગરવા, દિલેન સોલંકી વગેરેએ જુદા જુદા સૂચનો કર્યા હતા કે જેના સ્વીકાર કરવામાં આવ્યા હતા.

અતિથિ વિશેષ શ્રી નવીનભાઈ જોશીએ સને ૧૯૬૧થી કાર્યરત સમિતિના સ્વનિર્ભર કાર્યોને બિરદાવતાં કહ્યું હતું કે, આજના કાર્યક્રમમાં મારી ઉપસ્થિતિને સાહિત્ય તીર્થમાંની ઉપસ્થિતિ ગણું છું. અહીં લક્ષ્મીજીની ધારા સરસ્વતીજી તરફ વહેતી જોઈ ધન્યતા અનુભવાય છે.

સન્માનિતો વતી પ્રતિભાવ આપતાં મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી શબાબે જણાવ્યું હતું કે, આજનું અધિવેશન, એ રાષ્ટ્રભાષાના સંદર્ભ મહાકુંભ છે. તેમણે શ્રી સચદેને રાષ્ટ્રભાષા ક્ષેત્રે કચ્છના કર્મઠ અને દૃષ્ટિસંપન્ન સ્વપ્નદ્રષ્ટા ગણાવ્યા હતા.

કાર્યક્રમના પ્રમુખ શ્રી સચદેએ જણાવ્યું હતું કે, શ્રેષ્ઠ શિક્ષકો, સર્જકો તથા કલાકારોની સિધ્ધિઓ બદલ તેમને સમયસર અને યોગ્ય રીતે સન્માન કરવું એ સમાજનું સામાજિક ઉત્તરદાયિત્વ છે. તેમણે પ્રચારકો તથા કેન્દ્ર વ્યવસ્થાપકોના યોગદાનને બિરદાવી જે કંઈ વિશેષ માળખાકીય સુવિધાઓની જરૂર હશે તે સમિતિ તરફથી ઉપલબ્ધ કરાવવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

શ્રી વિરેન્દ્રભાઈ પોમલે આભારવિધિ કરી હતી. શ્રીમતી કાજલબેન ઠક્કરે તથા શ્રી પદ્મકાંત રાવલે સૂત્ર સંચાલન કર્યું હતું.

ડૉ. મહેન્દ્રભાઈ ઠક્કર, શ્રી જયેશ રાવલ, શ્રી દિલેન સોલંકી વગેરેએ વ્યવસ્થા સંભાળી હતી.

સમૂહ રાષ્ટ્રગાન બાદ, ખુશનુમા માહોલ વચ્ચે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## કવિમંચ સાહિત્ય પરિષદ - ગાંધીધામ

૨૧ જૂન – આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ગાંધીધામની કવિમંચ સાહિત્ય પરિવાર સંસ્થા દ્વારા જીવનમાં યોગના મહત્ત્વને ઉજાગર કરવા યોગના વિષય પર એક કાવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતભરના કવિઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમાંકે ભારતીબેન ભંડેરી 'અંશુ', દ્વિતીય ક્રમાંકે દેવીબેન વ્યાસ 'વસુધા' અને તૃતીય ક્રમાંક પર ગીતાબેન ઠક્કર 'ગીત' રહ્યા હતા.

સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સિધ્ધપુર સ્થિત સાહિત્ય સર્જન સંસ્થાના પ્રમુખ શ્રી જ્યોતીન્દ્રભાઈ ભટ્ટ દ્વારા સેવા આપવામાં આવી હતી. તથા ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુભાઈ પંડ્યા દ્વારા વિશેષ શુભેચ્છા સંદેશ પ્રાપ્ત થયેલ છે. આ સમસ્ત આયોજનને સફળ બનાવવા સંસ્થાના આયોજકો દીપક પુરી 'દર્દેદિલ' તથા પૂજાબેન ગઢવી 'મંથના'એ જહેમત ઉઠાવી હતી.

*સત્ય એક મશાલ છે, જે ધુમ્મસને વિખેરી નાખ્યા વિના પણ તેની વચ્ચે ઝળહળે છે.*

## નેચર વોક ગ્રુપ - વડોદરા

*વડોદરામાં પ્રથમ વખત ૩૦થી વધુ બાળકો કુદરતની નજીક આવ્યા*

વડોદરામાં વસતા કેટલાક પ્રકૃતિપ્રેમીઓ દ્વારા એક સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. જેની ઓળખ નગરમાં નેચર વોક ગ્રુપ તરીકેની છે. દર રવિવારે આ ગ્રુપ શહેર અને આસપાસના વિસ્તારમાં લહેરાતા વૃક્ષો, પશુ-પક્ષીઓને અભ્યાસ કરવા વહેલી સવારે નીકળી પડે છે અને પ્રકૃતિ સાથે તાદાત્મ્યતા અનુભવે છે.

વર્ષોથી કાર્યરત આ ગ્રુપ દ્વારા થોડા દિવસ પહેલા બાળકોનો પણ પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ વધે તે હેતુથી બાળકો માટે ખાસ વૉકનું આયોજન સયાજી બાગ (કમાટી બાગ)માં કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ૩૦થી વધુ બાળકો અને તેમના કેટલાક વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વડોદરાની કુદરતી સંપદા વિશે જ્ઞાન લીધું હતું.

નેચર વોકના અગ્રણી અરુણ મઝુમદારે કહ્યું હતું કે, ‘સામાન્ય રીતે નેચર વૉકનું આયોજન થાય ત્યારે મોટાભાગના સભ્યો ઉંમરમાં મોટા હોય છે. પરંતુ ગ્રુપના સભ્યોને લાગ્યું કે પર્યાવરણ સાથે બાળકો અને યુવાનોને જોડવાની પણ ખાસ જરૂર છે. એટલે બાળકો માટે ખાસ વૉકનું આયોજન કર્યું હતું.

પોતાની જરૂરી કીટ ઉપરાંત નોટબુક-પેન લઈને રસપ્રદ અભ્યાસ માટે આવેલા બાળકોને બોટનિસ્ટ અને વૃક્ષપ્રેમી એવા ડૉ. જીતેન્દ્ર ગવળી તેમજ પક્ષીપ્રેમી અવી સબાવાલા સયાજી બાગના અલગ અલગ વિસ્તારોમાં લઈ જઈને વૃક્ષો તેમજ પક્ષીઓ બતાવી તેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

કમાટીબાગના વર્ષો જૂના બુધ્ધા કોકોનટ ટ્રી, આંદ્રખ, ફિશ ટેઈલ પાલ્મ, બ્રાન્ચિંગ પાલ્મ તેમજ ગરમાળા નજીક લઈ જઈ તેની ભવ્યતા અને જૈવ વિવિધતામાં તેમની મહત્ત્વતા સમજાવી હતી.

આ લખનાર સાથે વાત કરતાં ડૉ. ગવલીએ કહ્યું હતું કે બ્રિટીશના શાસનમાં કમાટીબાગ બન્યો ત્યારે જંગલમાં લહેરાતા વૃક્ષોનું પણ અલગ મહત્ત્વ હોવાથી આંદ્રખ, હલદરવો (આજે તેની ઉંમર ૧૫૦ વર્ષની છે) સહિતના કેટલાક જંગલી વૃક્ષ બાગની ડિઝાઈન કરતી વખતે ઉખાડી નાખવામાં ન હતા. ભલે તેની ઉપયોગીતા હજુ જાણવામાં મળી નથી પરંતુ તે વૃક્ષ શહેરી વૃક્ષોને સંરક્ષણ બક્ષે છે તે નક્કી છે.

આપણી આસપાસના પક્ષીઓ કઈ રીતે પર્યાવરણની રક્ષામાં પોતાનો ભાગ ભજવે છે. તે જણાવતા મેમ અવી સબાવાલાએ બાળકોને બ્લોક ડ્રોન્ગો (પોલીસ પટેલ તરીકે પણ ઓળખાય છે) તે પક્ષી બતાવ્યું હતું અને માહિતી આપી હતી કે બ્લેક ડ્રોન્ગો જ્યાં પોતાનો માળો બાંધે ત્યાં કોઈ પણ શિકારી પક્ષીને આવવા દેતું નથી. તેના કારણે બીજા ઘણા પક્ષીઓ પણ ત્યાં જ માળો બનાવે છે.

બાળકોએ સાથે લાવેલા બાઈનોક્યુલરમાં પર્પલ સન બર્ડ, કોમન આયોરા (શોબિગી), સમડી, બપૈયા તેમજ બીજા પક્ષીઓને જોવાનો લહાવો લીધો હતો.

બે કલાક ઉપરાંતના સમય બાદ વૉક પૂર્ણ થતાં બાળકો માટે એક ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વૉક દરમિયાન થયેલી વાતો તેમજ જોયેલા વૃક્ષો તેમજ પક્ષીઓ વિશે ૧૨થી ૧૬ વર્ષના ધોરણ ૭ થી ૧૧ના જાનવી મદન, સૌમ્યા દેસાઈ, આદિત્ય જોડે, રીવ્યા ભટ્ટ, પૂર્વા પટેલ, દીક્ષા સિંહા, તહજીબ નદફ, શૌર્ય ઘટાડે, ક્રિષ્ના પટણી અને કુંજ પટેલ સહિતના ૩૦ બાળકોને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. પરંતુ જવાબ આવડતા હોવા છતાં માત્ર ૧૦ વિદ્યાર્થીઓએ જ જવાબ આપ્યા હતા.

બાળકોની રસરૂચિ જળવાતી રહે તે માટે પ્રોત્સાહક ઈનામો પણ આપવામાં આવ્યા હતા. આપ પણ આપના સંતાનોમાં પ્રકૃતિની તાદમ્યતા વધે તે માટે પ્રયત્નશીલ છો? આપના જવાબ મને : “મેઘ વર્ષા, ૧૪ સપ્તગિરી સોસાયટી, વિભાગ-૩, સાંઈ મંદિર અને બગીચાની પાછળ, વિશ્વામિત્રી ક્રોસીંગ, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧, મો. ૯૯૨૫૬૨૮૪૯૮ અથવા ઈ-મેઈલ : maunjoshi@gmail.com કે maun_66@yahoo.co.in’ પર મોકલી આપશો. રાહ જોઈશ....

## કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા - ભુજ

કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે કાવ્ય પઠન સાથે સાહિત્ય ગોષ્ઠિની બેઠક દિલીપ આચાર્ય ‘દિલકશ’ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી. જેમાં કચ્છી અને ગુજરાતી કાવ્ય પઠન કરવામાં આવેલ. જેમાં કચ્છ અને કચ્છ બૃહદના કવિઓની રચનાઓ ગ્રુપ સભ્યની વાંચન વિવેચન સાથે મૂલ્યાંકન, વિચાર વિમર્શ કરવામાં આવેલ હતો.

આ પ્રસંગે દિવ્યકાંત છાયા, પ્રેમજી માંગલીયા, દિલીપ આચાર્ય, વિનોદ ગોર, કનૈયાલાલ અબોટી, ચંદ્રકાંત ગોર, ચંદ્રકાંત ધલ, ખુશ્બુ સરવૈયા, આરતી રાઠોડ વગેરે હાજર રહ્યા હતા. જેમાં મિનીષા વીરા ‘મન’, દિવ્યા દેઢિયા ‘દિવ્ય’, હરેશ

ગડા, દિનેશ ગોગરી, પ્રતાપ ઠક્કર વગેરેની રચનાઓનું વાંચન અને મનન - પઠન કરવામાં આવેલ હતું. જ્યારે નવીનચંદ્ર સરવૈયા, કુસુમબેન, કૃષા સરવૈયા સહિત કાર્યક્રમ સફળ કરવામાં સહયોગ આપેલ હતો.

## ભાવનગર કચ્છ સમાજ દ્વારા 'અષાઢી બીજ' કચ્છી નવા વર્ષની ભવ્ય ઉજવણી

આ વર્ષે ભાવનગર કચ્છ સમાજના પરિવારજનોએ સમાજની સ્થાપના (૧૯૮૬) પછી ૩૭મી અષાઢી બીજની ઉજવણી તા. ૨૦-૬-૨૦૨૩ને મંગળવારે હર્ષોલ્લાસથી કરી. એન્કરવાલા સંકુલ, કચ્છી ભવન સમાજવાડી ખાતે શ્રી જગશી જેઠાભાઈ કચ્છ લાયજાવાળા સભાગૃહમાં ઉજવણી આનંદભેર કરવામાં આવી. સવારે ૯.૩૦ કલાકથી યંત્ર, ખડગ અને ધ્વજા પૂજન બાદ શ્રી તુલસીભાઈ પટેલ, કિરીટસિંહ ગોહિલ, વિશ્વરાજસિંહ ઝાલા દ્વારા નવી ધજા મંદિરના શિખર ઉપર ચડાવવામાં આવી હતી.

સામાન્ય સભા અને સ્નેહમિલન સાંજે ૫.૩૦ કલાકથી રાખવામાં આવેલ હતું. શરૂઆતમાં સમાજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. મા આશાપુરાના જયઘોષ સાથે મંત્રી શ્રી ઈન્દ્ર ગઢવીએ સામાન્ય સભાની કાર્યવાહીની શરૂઆત કરી હતી. ભાવનગર ઉપરાંત સિહોર, સોનગઢ, પાલીતાણા વગેરે સ્થળોએથી સમાજના સભ્યો કાર્યક્રમમાં જોડાયા હતા.

વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સમાજના ખજાનચી શ્રી જગદીપ વ્યાસે રજૂ કર્યા. ઉપપ્રમુખ શ્રી ડૉ. રવિભાઈ પટેલ, મંત્રી શ્રી હસમુખભાઈ અને અશોકભાઈ અંજારીયાએ પરિવારજનોને કચ્છી નવા વર્ષની શુભકામના પાઠવી હતી.

પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ શાહ દ્વારા પરિવારજનોને ઉદ્‌બોધન દ્વારા જણાવ્યું હતું કે, આપણો સમાજ હવે પીઢ બની ગયો છે. સમય ખૂબ ઝડપથી બદલાયો છે. સમયના પ્રવાહ સાથે આપણે તાલમેલ નિભાવવો રહ્યો. આપણા જીવનમાં શિસ્ત, સમયપાલન અને કોમ્યુનિકેશન (સંવાદ) પર ધ્યાન આપવું જોઈએ. કચ્છીઓ વિશ્વમાં ફેલાયેલા છે અને અઢળક પ્રગતિ કરી છે. તેની સામે આપણો વિકાસ શૂન્ય છે. એટલે આપણે સૌએ આ બાબતે જાગ્રત થઇ વિકાસ માટેના પરિબળો શોધી અને સામાજિક અને વ્યક્તિગત વિકાસ કરવાની તકો ઝડપી લેવી જોઈએ. પ્રવચનના અંતે પરિવારના બાળકોને અભિનંદન આપ્યા હતા અને સમસ્ત પરિવારજનોને આગામી નવા વર્ષની શુભ કામનાઓ પાઠવી હતી અને માતૃભૂમિ કચ્છ અને કર્મભૂમિ ભાવનગરના વિકાસ માટે કટીબધ્ધ રહેવા જણાવ્યું હતું.

કાળવીબીડ વિસ્તારના કોર્પોરેટર અને કચ્છના દીકરી સુશ્રી વર્ષાબા પરમારે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું અને નવા વર્ષની શુભકામના સૌ પરિવારજનોને પાઠવી હતી.

સમારંભના મુખ્ય અતિથિ શ્રી એન.વી. ઉપાધ્યાય, કમિશ્નર શ્રી ભાવનગર મહાનગરપાલિકા સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા અને તેઓશ્રીએ કચ્છ સમાજના પરિવારજનોને કચ્છી નવા વર્ષની શુભકામના પાઠવી હતી અને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

તમામ અતિથિઓ અને સમાજના આગેવાનોના વરદ્ હસ્તે કચ્છ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. સમગ્ર ઇનામ વિતરણ વ્યવસ્થા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ અને ભારતીબેન શાહના માર્ગદર્શનથી અનેક કાર્યકરો દ્વારા સંભાળવામાં આવી હતી.

ભાવનગર કચ્છ સમાજના આમંત્રણને માન આપી ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બરના શ્રી રવિન્દ્ર ઘેવારીયા, શ્રી દીપકભાઈ ધોળકિયા, પૂર્વમેયર રીનાબેન શાહ, તખ્તસિંહજી વિશ્રાંતિગૃહના શ્રી ધીરૂભાઈ સિધ્ધપુરા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા અનેક કાર્યકરોએ જહેમત લીધી હતી.

અંતમાં અષાઢી બીજનું ચંદ્ર દર્શન અને મા આશાપુરાની આરતી કરવામાં આવી હતી અને ત્યારબાદ મેઘલાડુનું જમણ લઈ સૌ છૂટા પડ્યા હતા.

## સમસ્ત બ્રહ્મક્ષત્રિય સમાજ - ભુજ

ભુજ સમસ્ત બ્રહ્મ સમાજની મહિલા પાંખ દ્વારા અષાઢી બીજ સાથે કચ્છી નવા વર્ષની ઉજવણીને અનુલક્ષીને રાસ-ગરબાની રમઝટથી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રથમ વિજેતા રેણુકાબેન આચાર્ય, દ્વિતીય ભગવતીબેન આચાર્ય, તૃતીય જયશ્રીબેન પંડ્યા અને આશ્વાસન ઇનામ સાથે ડ્રેસમાં નિર્મલાબેન પંડ્યાને નિર્ણાયકના હસ્તે ઇનામો આપવામાં આવેલ હતા. જેમાં પ્રમુખ પાલવીબેન પંડ્યા અને હોદ્દેદારો તથા સભ્યો હાજર રહેલ હતા.

*ડિલીટ જેટલું જલ્દીથી થઈ શકે છે, ડાઉનલોડ તેટલું જલ્દી થતું નથી; કેમ કે સર્જનમાં સમય લાગે છે, વિસર્જનમાં નહીં. પછી ચાહે તે એપ્લીકેશન હોય કે સંબંધ*

# વિજ્ઞાન જગત / માહિતી જગત

● સંકલન : રસીકલાલ ખીમજી મહેતા ●

## વિશ્વના ત્રીજા નંબરનું મહાકાય પ્રાણી : હિપોપોટેમસ

હાથી અને ગેંડા પછી કદાવર પ્રાણીઓમાં ત્રીજો નંબર હિપોપોટેમસનો આવે. આ ત્રણે મહાકાય પ્રાણીઓ શાકાહારી છે અને વનસ્પતિ ખાઈને જીવે છે. કદાવર અને ગોળમટોળ શરીર અને ટૂંકા પગ હિપોની ઓળખ છે. હિપોના પગને ચાર આંગળીઓ હોય છે તે પણ અંગૂઠા જેવી. ચાર પગના ચાર અંગુઠાને કારણે તેના શરીરનું વજન વહેંચાઈ જાય છે અને સમતોલન મેળવી શકે છે. હિપોપોટેમસ સામાન્ય રીતે ૧૦થી ૧૨ ફૂટ લાંબા અને પાંચ ફૂટ ઊંચા હોય છે. તે ગરમીથી બચવા પાણીમાં પડ્યા રહે છે. આખું શરીર પાણીમાં હોય ત્યારે તેના નસકોરા અને આંખો જ પાણીની બહાર રહેતા હોય છે.

★ હિપોનું વજન લગભગ ૩ ટન હોય છે.

★ હિપોપોટેમસ આક્રમક અને ઝઘડાળું પ્રાણી છે. હિપોની લડાઈ વખતે તે છિંકોટા નાખે છે અને મોટા અવાજે ભાંભરે છે. હિપોનું જડબું ખૂબ જ પહોળું થઈ શકે છે.

★ ભારે શરીર હોવા છતાંય ઢાળ ઉપર કે જળાશયના ઊંચા કાંઠા ઉપર સહેલાઈથી ચઢી શકે છે.

★ હિપોપોટેમસનું નામ ગ્રીક ભાષાના હિપ્પો પરથી ઊતર્યું છે. તેનો અર્થ ઘોડો થાય છે. એટલે જળ ઘોડો પણ કહેવાય છે. હિપોના બચ્ચાં જન્મે કે તરત જ તરતા શીખી જાય છે.

## ડાયનોસોરના જમાનાની માછલી : સીલાકંથ

પૃથ્વી પર ડાયનોસોર કરોડો વર્ષ પહેલાં હતા અને નાશ પણ પામ્યા. તે જમાનાના ઘણા પ્રાણીઓ પણ નાશ પામ્યા અથવા તો રૂપાંતરીત થઈ નાના પશુ-પક્ષીઓ બની ગયા. પરંતુ હિંદ મહાસાગરમાં જોવા મળતી સીલાકંથ નામની માછલી ડાયનોસોરના જમાનાથી હજીય જોવા મળે છે. વિજ્ઞાનીઓ એમ માનતા હતા કે આ માછલી ૭ કરોડ વર્ષ પહેલાં નાશ પામેલી પરંતુ ૧૯૩૮માં દક્ષિણ આફ્રિકાના કાંઠે પાંચ ફૂટ લાંબી ભૂરા ભીંગડા અને ગોળાકાર આંખોવાળી સીલાકંથ નામની માછલી મળી આવી. અભ્યાસ કરીને વિજ્ઞાનીઓએ તેને ક્રોસ્પેટેરીજી કાળની હોવાનું જણાવ્યું. આ માછલીને અશ્મી માછલી ઉપનામ પણ આપ્યું કેમકે આજ સુધી માત્ર તેના અશ્મીઓ જ જોવા મળ્યા હતા.

સીલાકંથ માછલીમાંથી રૂપાંતર થઈને જમીન પર ચાલતાં ચાર પગવાળા પ્રાણીઓની ઉત્પત્તિ થયાનું વિજ્ઞાનીઓ માને છે.

સીલાકંથ માછલીની કરોડરજ્જુ નરમ હાડકાંની બનેલી હોય છે. તેના માથામાં ખોપરી હોય છે અને તીક્ષ્ણ દાંત હોય છે. તે માંસાહારી હોય છે. તેને ચાર પાંખો હોય છે અને સમુદ્રના તળિયે ચાલવામાં પગની જેમ ઉપયોગ કરે છે.

સીલાકંથ સમુદ્રમાં ૨૦૦ મીટરની ઊંડાઈએ જ રહે છે. મોટાભાગે જ્વાળામુખીના ખડકોવાળા વિસ્તારમાં વધુ હોય છે. આ માછલીને નસકોરાં હોય છે. તેની ગોળાકાર ભૂરી આંખો અંધારામાં પણ જોઈ શકે છે.

## ન્યુઝીલેન્ડનું ત્રણ આંખવાળું : ટુઆટારા

દરેક પ્રાણીને બે જ આંખો હોય છે પરંતુ એક ત્રણ આંખવાળું પ્રાણી પણ છે. ન્યુઝીલેન્ડમાં જોવા મળતું ટુઆટારા ત્રણ આંખ ધરાવે છે. મગર જેવા દેખાવનું પણ મગર કરતાં નાનું આ પ્રાણી લીલા રંગનું હોય છે. બેથી અઢી ફૂટ લંબાઈના કાચીંડા જેવા ટુઆટારાના માથા પર ત્રીજી આંખ હોય છે. જો કે મોટી ઉંમરના ટુઆટારાની આ ત્રીજી આંખ ચામડી નીચે ઢંકાઈ જાય છે. આ ત્રીજી આંખ તેને સૂર્યના અલ્ટ્રા વાયોલેટ કિરણોથી બચાવવા માટે હોય છે તેમ વિજ્ઞાનીઓ માને છે.

ટુઆટારાનું માથુ કાચીંડા જેવું હોય છે. પરંતુ તેનું ઉપલું જડબું ચાંચની જેમ આગળ લંબાયેલું હોય છે, જે તેના નીચલા જડબામાં દાંતની બે હાર હોય છે. તેની બંને આંખો જુદી જુદી દિશામાં જોઈ શકે છે. તેની આંખમાં અજવાળા અને અંધારામાં જોવા માટે જુદા જુદા પ્રકારના કોષો હોય છે. તે મોટે ભાગે રાત્રે શિકાર કરવા નીકળે છે અને નાનાં જીવડાં ખાઈને જીવે છે.

## વિશ્વનું સૌથી નાનું શિયાળ : ફેનેક્સ ફોક્સ

બુદ્ધિશાળી પણ લુચ્ચા પ્રાણી તરીકે જાણીતા શિયાળની ઘણી જાત હોય છે. ભરચક વાળવાળી ભરાવદાર પૂંછડીવાળા શિયાળ

*જ્યાં ભાગ્ય વ્યક્તિને તાજથી વંચિત રાખે છે ત્યાં સંતોષ તેને મુગટ પહેરાવે છે.*

સામાન્ય રીતે કૂતરાના કદના હોય છે. સહરા અને આફ્રિકાના રણ પ્રદેશમાં જોવા મળતું ફેનેક ફોક્સ એક જ ફૂટ લાંબું અને એક કિલો વજનનું હોય છે. નાનકડા શરીર પર ચારથી પાંચ ઈંચ લાંબા કાન તેની વિશેષતા છે. મોટી આંખોને કારણે અન્ય શિયાળ કરતાં તે જુદું દેખાય છે.

દિવસે ખૂબ જ ગરમી અને રાત્રે ખૂબ જ ઠંડી હોય તેવા રણ પ્રદેશમાં થતા ફેનેક ફોક્સના શરીર પર ભરચક વાળ હોય છે. આ પ્રાણી ટોળામાં રહે છે. સામાજિક છે એટલે પાળી શકાય છે. તે ઉંદર, ખિસકોલી જેવા નાના પ્રાણીઓનો શિકાર કરે છે. ફેનેક બે ફૂટ ઊંચો કૂદકો મારી શકે છે. પાણી વિના લાંબો સમય જીવી શકે છે. ફેનેક્સ ફોક્સ જમીનમાં દર બનાવીને રહે છે.

## તીવ્ર નજરવાળા કરોળિયા : જમ્પિંગ સ્પાઇડર

કરોળિયા સામાન્ય રીતે જાળામાં બેસી શિકાર ફસાવાની રાહ જોતા હોય છે. પરંતુ વિષુવવૃત્તના જંગલોમાં જોવા મળતાં જમ્પિગ સ્પાઇડર કૂદકા મારીને શિકારની શોધમાં નીકળે છે. કરોળિયાની જાતમાં જમ્પિંગ સ્પાઇડરનો પરિવાર મોટો છે. તેની ૫૦૦ જાત છે. જંગલો, પર્વતો અને ઘાસીયા મેદાનોમાં પણ તેની નાની મોટી જાતો જોવા મળે છે.

જમ્પિગ સ્પાઇડરના પગ ઘણાં નબળા હોય છે. તે પગ વડે નહીં પણ શરીરમાં લોહીના દબાણમાં વધઘટ કરીને કૂદકા મારે છે. જો કે સાવચેતી માટે મોંમાં લાળ તૈયાર રાખે છે. જમ્પિંગ સ્પાઇડરની આંખ મોટી અને વેધક હોય છે. તે ઘણાં સ્પષ્ટ દ્દસ્યો જોઈ શકે છે અને રંગો પણ પારખી શકે છે. તેને ચાર આંખો હોય છે. તેની ચારે આંખો ટેલિસ્કોપ જેવા ભૂંગળાની બનેલી હોય છે અને તેમાં ચાર સ્તરના રેટીના હોય છે. તે અદ્દ્ભુત શક્તિ ધરાવે છે.

જમ્પિંગ સ્પાઇડરને ચાર જ પગ હોય છે પણ તે નબળા હોય છે. તે પોતાના શરીરની લંબાઈ જેટલો કૂદકો મારી શકે છે. કૂદકો મારવા માટે પગ નહીં પરંતુ લોહીના દબાણની વધઘટ કરીને શરીરને ધકેલે છે.

## નાનકડાં પણ જોરદાર જીવડાં

માખી, મચ્છર, પતંગિયા જેવા ચપટીમાં ચોળાઈ જાય તેવા જીવડાંને કુદરતે કેટલીક અજાયબ કરામતો આપી છે. સામાન્ય વાતાવરણ પણ તેમના માટે જોખમી હોવા છતાંય આ જીવડાં સરળતાથી ખોરાક અને રક્ષણ મેળવી જીવી શકે છે. કેટલાક જંતુઓની આ વિશિષ્ટ શક્તિઓ જાણવા જેવી છે.

★ કિડી જમીનમાં પાંચ સેન્ટીમીટરની ઊંડાઈએ થતું હલનચલન પારખી શકે છે.

★ મધમાખી તેના પગ વડે સ્વાદ પારખે છે.

★ મધમાખીના પેટમાં આયર્ન ઓક્સાઇડની રીંગ હોય છે. મેગ્નેટ જેવી આ રીંગ પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર પારખીને રસ્તો શોધી શકે છે.

★ વંદો વાતાવરણમાં એક અણુભાર જેટલું હલનચલન પારખી શકે છે.

★ માખી તેની આંખ એક સેકન્ડમાં ૩૦૦ વાર પટપટાવે છે.

★ મચ્છર માણસના શરીરની ગંધ, કાર્બન ડાયોક્સાઇડ, ઉષ્ણતામાન અને ભેજનું પ્રમાણ જાણી શકે છે.

★ આગિયા જીવડાંની પૂંઠના ભાગે પ્રકાશ વેરતી ગ્રંથિ હોય છે. અંધારામાં પણ તે ઉડી શકે છે.

★ કિડી અને ઉધઈની જમીનમાં દર બનાવવાની કળા અને કરોળિયાના જાળા ગુંથવાની કળા પણ જાણીતી છે.

## કલમ એ મહેફિલ

*સંપાદન : દિલીપ આચાર્ય 'દિલકશ'*

નામ સંબંધોને નહોતું આપવાનું
નામ કીધું ને અંજનમાં ડૂબ્યા

*– માધવ રામાનુજ*

મૈત્રીના વર્તુળમાં જનારાઓની ખેર હો
નીકળી નહીં એ નાવ જે પહોંચી ભંવર સુધી.

*– બરકત વીરાણી 'બેફામ'*

ઝીલે ટેરવાની ધારું ઝીલે આસમાને ભાર,
ઝટ ખોલે દ્વાર મનવા ભીતર લાગે ભાર.

*– વંચિત કુકમાવાલા*

ફૂંક વિના થઈ જશે કટકો
વાંસને ધૂળ થશે તારી કાયા,
અહીં કેમ કહેવાય કાન્હા વિના સુના,
ગોકલીયાનું જીવન અધૂરું કેમ જીવાય.

*– મહેશ સોલંકી 'બેનામ'*

વાત કર તું વાત પર વિશ્વાસ છે,
શબ્દની તાકાત પર વિશ્વાસ છે.
આપ ફાનસ થઈ ઘર થઈને આવશો,
સાવ કાળી રાત પર વિશ્વાસ છે.

*– જીજ્ઞેશ વાળા*

# માતૃભૂમિ કચ્છના સમાચાર

● સંપાદન : ચૌલા કુરુવા ●

## ગ્રામજનોને હાલાકી

**અબડાસાના બારા ગામમાં છેલ્લા ૨૦ વર્ષથી પ્રાથમિક સુવિધાઓનો અભાવ. શાળા ન હોવાથી અભ્યાસ માટે ૪ કિ.મી. દૂર જવા વિદ્યાર્થીઓ મજબૂર**

અબડાસા તાલુકાના બારા ગામમાં આજે પણ મુળભૂત સુવિધાઓના અભાવથી લોકો હાલાકી ભોગવી રહ્યા છે. શિક્ષણ સુવિધા, પાણીની સુવિધા અને રોડ રસ્તાની સુવિધા છેલ્લા ૨૦ વરસથી અપૂરતી હાલતમાં જોવા મળી રહી છે. શિક્ષણની વાત કરવામાં આવે તો શાળાના અભાવે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૬ અને ૭ના વિદ્યાર્થીઓને ભણવા માટે બારાથી ૪ કિ.મી. દૂર તેરા ગામમાં જવું પડે છે.

માર્ગોની સ્થિતિ પણ એટલી જ બિસ્માર છે. બારાથી તેરા જવા માટે વચ્ચે આવતી બારા નદીની પાપડી છેલ્લા ૨૦ વર્ષથી જર્જરીત હાલતમાં છે.

આ સિવાય ગામમાં પીવાના પાણીની પણ ખૂબ તકલીફ પડે છે. સાત સાત દિવસ સુધી પાણી મળતું નથી. લોકોને પાણી માટે ક્યાંથી ક્યાં જવું પડે છે. તે માટે ગામ લોકોએ સરકારી અધિકારીઓને લેખિત તથા મૌખિક રજુઆતો પણ કરી છે.

*(તા. ૦૬-૦૬-૨૦૨૩)*

## જમીનની નીતિ...

**મીઠા ઉદ્યોગ માટે ૧ લાખ એકર જમીન આરક્ષિત રખાશે ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે પણ જમીન રક્ષિત રાખવાનો નિર્ણય...**

મહેસુલ વિભાગના તા. ૮-૫-૨૦૨૩ના પરિપત્ર મુજબ ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન માટે સોલર, વિન્ડ, વિન્ડ-સોલર હાઈબ્રીડ એનર્જી પ્લાન્ટ સ્થાપિત કરવા માટે સરકારી જમીનની ભાડાપટ્ટાની મુદત ૪૦ વર્ષ માટેની રહેશે. વધુમાં કચ્છમાં હયાત સોલ્ટ બેઝ કેમિકલ ઉદ્યોગના વિસ્તરણ માટે ૧ લાખ એકર જમીન આરક્ષિત રાખવાની રહેશે.

*(તા. ૧૦-૦૬-૨૦૨૩)*

## મેલબોર્નના મ્યુઝીયમમાં કચ્છની કમાંગરી ચિત્રશૈલીને મળ્યું સ્થાન

**આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ માધાપરના ચિત્રકારની કૃતિ પ્રદર્શિત કરાશે**

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વિવિધ કળા પ્રદર્શનનું આયોજન ઓસ્ટ્રેલિયા ખાતેના મેલબોર્ન મ્યુઝીયમમાં કરાયું છે. જેમાં માધાપર સ્થિત કચ્છી કલાકાર હસમુખ મચ્છર દ્વારા તૈયાર કરવામાં આવેલી કચ્છની લુપ્ત થતી કમાંગરી કળાને સ્થાન મળ્યું છે. આ પ્રદર્શન ૧૩મી મે થી ૩ સપ્ટેમ્બર સુધી યોજાશે.

માધાપરના ચિત્રકાર હસમુખ મચ્છરે વિગતો આપતા જણાવ્યું હતું કે, આ ચિત્રને ટાંગલિયા વણાટથી તૈયાર કરવામાં આવેલા કાપડ પર બનાવવામાં આવ્યું છે જે કમાંગરી શૈલીનું પ્રથમ ચિત્ર છે. આ ચિત્રને તૈયાર કરવા માટે ત્રણ મહિના જેટલો સમય લાગ્યો હતો. કચ્છની કમાંગરી ચિત્ર શૈલી લુપ્તતાને આરે છે, જેને જીવંત રાખવા માટે હસમુખ મચ્છર કેનવાસ કાપડથી લઇને કચ્છના પ્રખ્યાત જૈન દેરાસરોમાં મૂકી ચૂક્યા છે.

આ કાર્ય માટે ડિઝાઈનની પ્રેરણા ભુજના આઈના મહેલની દીવાલ પર પેઈન્ટીંગમાં દર્શાવવામાં આવેલી સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવેલી શોભાયાત્રા પરથી મળી હતી.

*(તા. ૧૧-૦૬-૨૦૨૩)*

## ભુજની પોલીટેકનિકના વિદ્યાર્થીઓએ બનાવ્યું બ્લ્યુ ટુથ સંચાલિત 'સોલાર ગ્રાસ કટર મશીન'

**સોલાર સિસ્ટમથી સંચાલિત મશીનના કારણે પર્યાવરણની પણ રક્ષા જળવાય છે**

આજના યુવાનો દેશનું ભવિષ્ય છે અને તેઓ ધારે તે કરી શકે છે. ત્યારે ભુજની પોલીટેકનિકના વિદ્યાર્થીઓએ પ્રથમ વખત ઓટોમેટીક સોલાર ગ્રાસ કટર મશીન બનાવ્યું છે. બગીચામાં આ મશીનને મૂકતાં તે બ્લ્યુ ટુથ આધારિત દિશા નિર્દેશથી ઓટોમેટીક ઘાસ કટીંગ કરે છે અને મહત્તમ તે ૫ કલાક સુધી સતત કામ કરી શકે છે.

પ્રોજેક્ટ લીડર ધ્રુવ રૂપારેલે જણાવ્યું કે, તે ભુજની પોલીટેકનિકમાં અભ્યાસ કરે છે અને સેમેસ્ટર-૫ માં આવ્યા ત્યારે પ્રોજેક્ટ બનાવવા સૂચવાયું હતું. જેથી ગ્રુપના સભ્યો જય રાયચના, હર્ષ ગુંસાઈ, નિકુંજ કાચા, નિકુલ મહેશ્વરીએ વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કર્યા બાદ ઓટોમેટીક ગ્રાસ કટર મશીન બનાવવાનું નક્કી કર્યું અને ગાઈડ પ્રો. વસિમ મિસ્ત્રીના માર્ગદર્શનમાં સેમેસ્ટર-૬ માં આવ્યા બાદ છેલ્લા ત્રણ મહિનામાં અભ્યાસની સાથે આ ડિવાઈસને તૈયાર કરવામાં આવ્યું છે.

વધુમાં જણાવ્યું કે, આ ઓટોમેટીક મશીન છે. તેને ઓપરેટ કરવાની જરૂર રહેતી નથી. બગીચામાં મૂકી દ્યો તો ઓટોમેટીક ઘાસ કાપે છે. જ્યાં દીવાલ કે પથ્થર આવી જાય ત્યાં પોતે જ સ્થાન બદલાવી લે છે. આ મશીન સોલાર સંચાલિત છે. જેથી ઈંધણનો ખર્ચ થતો નથી અને પર્યાવરણની પણ રક્ષા થાય છે. બ્લ્યુ ટુથ સાથે કનેક્ટ આ મશીન મોબાઈલથી જ ઑપરેટ થઈ શકે છે. તેના માટે અલગથી રીમોટ બનાવાયું નથી. આ સંશોધન સાથેના પ્રોજેક્ટે યુવાઓને પણ નવી રાહ ચિંધી છે.

જે સ્થળે બિનજરૂરી ઘાસ ઊગી નીકળ્યું છે ત્યાં આ મશીન મૂકતા જ તે ઓટોમેટીક કામ શરૂ કરી દે છે.

કોલેજના એક્સ્પોમાં આ પ્રોજેક્ટ મૂકવામાં આવ્યો ત્યારે સૌએ વખાણ્યો છે અને તે જોતાં હવે પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરવાની પણ વિચારણા છે. આ ઓટોમેટીક મશીન રૂા. ૧૫ હજારના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું હતું. જેમાં હવે જીવજંતુને સ્કેન કરી શકાય તેવા થર્મલ સ્કેનર લગાવવાનું પણ આયોજન છે.

ફિલ્મ બાહુબલીમાં ભલ્લાલદેવના રથની આગળ એક બ્લેડ હતી જે દુશ્મનોનો ખાત્મો બોલાવતી હતી. જેની સામે આ મશીનમાં ૨ બ્લેડ રાખવામાં આવી છે. જેની મદદથી ઘાસ કપાય છે. જેથી ભલ્લાલદેવ પ્રો નામ રાખવામાં આવ્યું હોવાનું ધ્રુવ રૂપારેલે જણાવ્યું હતું.

*(તા. ૦૯-૦૬-૨૦૨૩)*

## સાત વર્ષ પહેલાં બનેલા માંડવી પાલિકાના શોપીંગ સેન્ટરમાં કોઈ દુકાન કાર્યરત નહીં

### કિંમત ઊંચી રખાતા ન કોઈએ ખરીદી કરી કે ન કોઈ ભાડુઆત તરીકે આવ્યું

માંડવી સ્વામિનારાયણ માર્ગ જેવા ધમધમતા વિસ્તારમાં પાલિકા દ્વારા રૂા. ૧.૫૦ કરોડની લાગતથી શોપીંગ સેન્ટર બનાવવામાં આવ્યું છે. પણ સાત વર્ષ થવા આવ્યા, બે વખત હરાજી કરવામાં આવી છતાં એક પણ નાગરિક પાલિકાની આ પ્રોપર્ટીના ભાડુઆત બનવા તૈયાર નથી. જેની પાછળના કારણો તપાસ કરતાં બહાર આવ્યું છે કે પ્રથમ હરાજીમાં પાઘડીના ભાવ આસમાને હોવાથી કોઈ પાર્ટી તૈયાર થઈ ન હતી. બીજા પ્રયત્નમાં પાઘડી વગર માત્ર ભાડું નક્કી કરાયું હતું પણ તે ભાડું વધારે રાખતા એક પણ દુકાન કોઈ ભાડે લેવા તૈયાર થયો ન હતો. જેના પગલે બીજો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો હતો. તેવામાં હવે પાલિકા દ્વારા નિયમોમાં ફેરફાર કરી ત્રીજી વખત પ્રયત્ન કરે તો લોકો ભાડે લે તેવી સંભાવના છે.

*(તા. ૧૧-૦૬-૨૦૨૩)*

## છેલ્લા ૨૦ કલાકથી વીજળી ગુલ, તોફાની પવન અને ભારે વરસાદ વચ્ચે આખી રાત લોકોએ ભયમાં વિતાવી

'બિપરજોય' વાવાઝોડાનું ગુરૂવારે ગુજરાતના દરિયાકાંઠે લેન્ડફોલ થતાં જ જળ, જમીન અને વાયુમાં તોફાન જ તોફાન જોવા મળી રહ્યું છે. સૌરાષ્ટ્ર - કચ્છના દરિયાકાંઠા પર ભારે પવન અને વરસાદના કારણે અનેક જગ્યાએ વૃક્ષો, વીજપોલ અને હોર્ડિંગ્સ ધરાશાયી થયા છે. દૂધ, ન્યુઝ પેપર જેવી રોજિંદી ચીજવસ્તુઓ પર ભારે અસર વર્તાઈ રહી છે.

મધરાતે કચ્છના બંદર પર તો વિશાળ વહાણ પણ પલટી ખાઈ ગયું હતું. 'બિપરજોય' વાવાઝોડાએ કચ્છવાસીઓને ૨૫ વર્ષ જૂની કંડલા વાવાઝોડાની યાદ અપાવી દીધી છે.

કચ્છમાં માંડવી, નલિયા, નારાયણ સરોવર, જખૌ બંદર, મુંદ્રા અને ગાંધીધામ સહિતના વિસ્તારમાં બિપરજોય વાવાઝોડાએ કહેર વરતાવ્યો છે. ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.

વાવાઝોડામાં માનવ મૃત્યુની હજુ ઘટના સામે આવી નથી. રાહત કમિશનર આલોક પાંડેએ જણાવ્યું હતું કે, સાઈક્લોનની આંખ પાકિસ્તાન તરફ ટચ થવાની પ્રક્રિયા શરૂ થઈ છે. કચ્છમાં હવાની ૧૦૮ કિ.મી.ની ગતિ સાથે ભારે વરસાદ વરસી રહ્યો છે. ચક્રવાત મુજબ ૯૪૦ ગામોમાં વીજપોલ પડ્યા છે. હાલ દ્વારકામાં પણ ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.

કચ્છનું પ્રસિદ્ધ નારાયણ સરોવર તીર્થધામ જ્યાં આવેલું છે એ કોટેશ્વરમાં વાવાઝોડાના લેન્ડફોલની પ્રક્રિયા દરમિયાન અચાનક દરિયાના પાણી પાછા ફરતાં તર્કવિતર્ક સર્જાયા હતા. સ્થાનિક લોકોએ આશંકા વ્યક્ત કરી હતી કે પાછા ફરેલા દરિયાના પાણી રાત્રે ફરી ઊથલો મારી ખાનાખરાબી સર્જી શકે છે.

*(તા. ૧૫-૦૬-૨૦૨૩)*

## માંડવી બીચ પર વાવાઝોડાએ વિનાશ વેર્યો

**બિપરજોય વાવાઝોડાના કારણે માંડવી બીચ ખેદાન મેદાન થઈ ગયો. તમામ રાઈડ્સમાં મોટું નુકસાન...**

છેલ્લા ૩-૪ દિવસથી બિપરજોય વાવાઝોડાની દહેશતે ગુજરાત ખાસ કરીને સૌરાષ્ટ્ર - કચ્છવાસીઓની ઊંઘ ઉડાડી દીધી હતી. ગુરૂવારે ૧૧૫-૧૨૫ કિ.મી.ની ઝડપે ત્રાટકેલા વાવાઝોડાએ જખૌમાં લેન્ડફોલ કરતા જ કચ્છ-ભુજ-માંડવીમાં ભારે તારાજી સર્જાઈ હતી. વાવાઝોડાના કારણે માંડવી બીચ ખેદાન મેદાન થઈ ગયો છે. બીચ પર આવેલી તમામ નાની મોટી રાઈડ્સમાં ખૂબ મોટું નુકસાન થયું છે.

બિપરજોય વાવાઝોડાની સૌથી વધુ અસર કચ્છ જિલ્લામાં થઈ છે. માંડવીમાં બિપરજોયે તારાજી સર્જતાં ખૂબ મોટું નુકસાન થયું છે. બીચ પર નાના બાળકોની ચકરડી ભારે પવન અને વરસાદના કારણે ઉડીને બીજી તરફ પટકાઈ હતી તો નાસ્તા તેમજ કોલ્ડ્રિંક્સની લારીઓ પણ ભારે પવનના કારણે ઉડીને નીચે પટકાઈ છે.

બીચને ફરી રાબેતા મુજબ કાર્યરત કરવામાં ઘણો સમય લાગી શકે છે.

*(તા. ૧૬-૦૬-૨૦૨૩)*

## સમગ્ર કચ્છમાં નુકસાન

સમગ્ર કચ્છ જિલ્લામાં ૧૬૭૦ જેટલા કાચા અને ૨૭૫ જેટલા પાકા મકાન અસરગ્રસ્ત થયેલા છે. જે અન્વયે સરકારની સૂચનાઓ મુજબ ૯૪ ટીમો દ્વારા સર્વેની રાહતની કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લાના ૩૪૮ મકાનોમાં ઘરવખરીને નુકસાન પહોંચ્યું છે જ્યારે કોઈ બંદર કે જેટી ક્ષતિગ્રસ્ત થયેલી નથી. આ ઉપરાંત કોઈ જ શીપ બોટને પણ નુકસાન થયું નથી.

સમગ્ર જિલ્લામાં ૮૦ હજાર જેટલા વીજપોલ, ૮ સબ સ્ટેશન ટ્રાન્સમિશન લાઈન, ૧૦૩ જેટલા ફીડર ક્ષતિગ્રસ્ત થયા છે. પીજીવીસીએલ તથા જેટકોની ૧૨૫ જેટલી ટીમો દ્વારા સમારકામ તથા વીજ પુરવઠો પુનઃ સ્થાપન કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે. નગરપાલિકા, વન વિભાગ, માર્ગ અને મકાન વિભાગના સહયોગથી ટીમો દ્વારા તૈયારીરૂપે ૨૭૫ વૃક્ષોનું ટ્રીમિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સમગ્ર જિલ્લામાં ભારે પવનના લીધે ૩૨૭૫ જેટલા વૃક્ષ ધરાશાયી થયા છે જેને દૂર કરવાની કામગીરી પણ ચાલુ છે.

ભુજમાં બિપરજોય બાદની સ્થિતિ જોઈએ તો : વાવાઝોડું કચ્છમાં ભારે ખાનાખરાબી સર્જી જતાં પશુ પક્ષી અને પ્રકૃતિને જરૂર વ્યાપક અસર પહોંચી છે. તો પ્રજાજનોને પણ લાઈટ, પાણી અને રસ્તાઓ સહિતની અનેક સેવાઓમાં અસુવિધા સર્જાઈ છે.

શાળા કોલેજમાં ૧૭મી સુધી કચ્છ સહિત મોટાભાગના જિલ્લાઓમાં બંધ રાખવામાં આવ્યા છે.

પરંતુ આફત સાથે વરસેલા ભારે વરસાદ છતાં આજે ત્રીજા જ દિવસે જિલ્લાનું જનજીવન પાટે ચડવા પ્રયત્નશીલ બની ગયું છે.

*(તા. ૧૭-૦૬-૨૦૨૩)*

## વિદ્યાર્થી સન્માન ★ કચ્છ યુનિવર્સિટીના પદવીદાનમાં કચ્છી કલા-સંસ્કૃતિ ઝળકાવતા ભાતીગળ પરિવેશનો નવો આયામ ઉમેરાશે

**ગોલ્ડમેડલ મેળવનારા વિદ્યાર્થીઓ સફેદ કોટી પહેરશે હાજર રહેનારા અંદાજિત ૧ હજાર છાત્રો માટે શાલની વ્યવસ્થા કરાઈ છે**

સોમવારે કચ્છ યુનિવર્સિટી દ્વારા મુક્તજીવન સ્વામીબાપા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૧૨મો પદવીદાન સમારોહ યોજવામાં આવશે. જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં કુલ ૪૯૬૫ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવનાર છે. તેમજ ૧૯ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ આપી સન્માનિત કરવામાં આવશે ત્યારે આ સમારોહ થકી કચ્છની સંસ્કૃતિ ઝળકી ઉઠશે.

હાજર રહેનારા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના લોગો સાથે કચ્છી દુપટ્ટો આપવામાં આવશે. જે માટે રૂા. ૧૦૦ની ડિપોઝીટ હશે. જ્યારે ગોલ્ડ મેડલ મેળવનાર વિદ્યાર્થીઓને રૂા. ૫૦૦ ડિપોઝીટ આપવાની રહેશે. તેઓને સફેદ કલરની કચ્છી કોટી આપવામાં આવશે. કાર્યક્રમ પૂર્ણ થતાં ગણવેશ પરત આપવાનો રહેશે. જેથી ડિપોઝીટ પરત આપી દેવામાં આવશે.

ભારતીય પરંપરાને જાળવી રાખવા માટે યુનિવર્સિટીના પ્રોફેસરો પણ ઝભ્ભો પહેરીને કાર્યક્રમને શોભાવશે.

*(તા. ૧૭-૦૬-૨૦૨૩)*

## 'બિપરજોય'થી ખેડૂતોના હાલ બેહાલ

**કચ્છની કેસર કેરીના પાકને વાવાઝોડાથી માર લાગ્યો. ઝાડ પરથી કેરીઓ ખરી પડતાં ખેડૂતો મફતના ભાવે વિતરણ કરવા મજબૂર...**

કચ્છની જાણીતી અને માનીતી કેસર કેરી હાલ મોટા પ્રમાણમાં

માર્કેટની અંદર જોવા મળી રહી છે. એક અંદાજ મુજબ મોટાપાયે થયેલી ઉપજને લઈને નીચા ભાવે વેચાણ થઈ રહ્યું છે. જો કે બિપરજોય ચક્રવાતના કારણે કેસર કેરીના પાકને ભારે હાનિ પહોંચતા કેસર કેરી લોકોને સસ્તા ભાવે વેચવામાં આવી રહી છે.

અનેક સ્થળે ઝાડ પરથી ખરી પડેલી કેરીઓ મફતના ભાવે વિતરણ કરવામાં આવી રહી છે. તો નખત્રાણા તાલુકામાં કેસર કેરીના ટ્રેક્ટરો ભરી ભરીને ખેડૂતો નિકાલ કરતા જોવા મળી રહ્યા છે. વર્ષભર જેની લોકો આતુરતાથી રાહ જોતા હોય છે, એ કેસર કેરી ચક્રવાતના કારણે રસ્તે રઝળતી જોવા મળી રહી છે.

કેસર કેરી સાથે કચ્છી ખારેક અને કેળાના પાકને પણ નુકસાન થયું છે. આ વિશે કચ્છ કિસાન સંઘના પ્રમુખ શિવજી આહિરે જણાવ્યું હતું કે, કેસર કેરીના પાકની હજુ તો બજારમાં શરૂઆત જ થઈ હતી, ત્યાં બિપરજોય વાવાઝોડું ત્રાટકતાં મોટાભાગનો પાક નિષ્ફળ ગયો છે. જેને લઈ ખેડૂતોની હાલત દયનીય બની ગઈ છે. તો બાગાયતી પાકોમાં પણ વ્યાપકપણે ખુવારી થઈ ચૂકી છે.

આ માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગોને લેખિત અને મૌખિક રજૂઆત કરી ખેડૂતોને માત્ર સરકારી રાહે નહીં સરકારી તિજોરીમાં કચ્છની આવકના બળે સહાય ચૂકવવામાં આવે તે જરૂરી છે.

*(તા. ૨૦-૦૬-૨૦૨૩)*

## વીજ પુરવઠાની માંગ

**અબડાસાનું ભેદી ગામ છેલ્લા ૧૧ દિવસથી ફાનસ યુગમાં ધકેલાયું. કાયમી વીજ પુરવઠા માટે ગ્રામજનોની માંગ**

પશ્ચિમ કચ્છના સરહદી અબડાસા તાલુકાના ભેદી ગામમાં છેલ્લા ૧૧ દિવસથી વીજપ્રવાહ બંધ થઈ જતાં ગ્રામજનો હાલાકીમાં મૂકાયા હોવાની ફરિયાદ કોઠારા વીજ કચેરીએ કરવામાં આવી હતી. નાયબ એન્જિનિયરને આલેખીને કરાયેલી લેખિત ફરિયાદમાં જણાવ્યા અનુસાર ભેદી ગામમાં છેક વીસ દિવસથી વીજળીના ધાંધિયા છે.

*(તા. ૨૦-૦૬-૨૦૨૩)*

## કચ્છના કાંઠે વિદેશી મહેમાન પક્ષીઓનું આગમન

**ખડીરના રણમાં 'રા' લાખેણા જાની સુરખાબનું આગમન થતાં પ્રકૃતિ પ્રેમીઓ રોમાંચિત થઈ ઉઠ્યા**

કચ્છના નાના અને મોટા રણમાં સુરખાબ પક્ષીઓ ઉનાળો પૂર્ણ થવાની સાથે દર વર્ષે ખૂબ મોટી સંખ્યામાં આવે છે. ખાસ કરીને ચોમાસા ઋતુની શરૂઆત સાથે જ રા લાખેણા જાની તરીકે કચ્છના માનીતા વિદેશી મહેમાન પ્રજનના ક્રિયા માટે કચ્છમાં પડાવ નાખતા હોય છે.

*(તા. ૨૦-૦૬-૨૦૨૩)*

## અબડાસાના હેરીટેજ વિલેજ તેરા ગામનું તળાવ ઓવરફ્લો થતાં આજે રાજવી ઠાઠ સાથે વધાવાયું

બિપરજોય વાવાઝોડાથી તારાજી સર્જાઈ છે. તો સાથે વરસેલા વરસાદથી જૂન માસનો દાયકાઓનો રેકોર્ડ પણ તૂટી ગયો છે. જેને લઈ કચ્છના અનેક નદી નાળા, તળાવ, ડેમ જળમગ્ન થયા છે. લોકો કુદરતના બંને સ્વરૂપને સ્વીકારી ઓવરફ્લો થયેલા તળાવોની સાદગીપૂર્ણ રીતે વધાવી રહ્યા છે. આજ પ્રકારે અબડાસા તાલુકાના હેરીટેજ વિલેજ તેરા ગામે આવેલા ત્રણેય તળાવો ઓવરફ્લો થઈ ગયા બાદ આજે રાજવી પરંપરા અને ધાર્મિક રીતે રાજ પરિવારના સભ્ય તેરા ઠાકોરના હસ્તે વધાવવામાં આવ્યા હતા.

*(તા. ૨૧-૦૬-૨૦૨૩)*

## લક્ષદ્વીપના પક્ષીઓ માંડવી કાંઠે આવ્યા... પણ મૃત

**બિપરજોય વાવાઝોડાના કારણે પક્ષીઓ અને અરબી સમુદ્રની માછલીઓના મૃતદેહ ૧૫૬૨ કિ.મી. દૂર કચ્છના કાંઠે આવતા આશ્ચર્ય**

બિપરજોય વાવાઝોડાના અરબી સમુદ્રના ઉદ્ગમ સ્થાન નજીક જોવા મળતાં રૂપકડાં પક્ષીઓના મૃતદેહ કચ્છમાં માંડવી દરિયાકાંઠે નોંધાયા છે. તો દુર્ગમ ખડીર વિસ્તારમાં કચ્છ વિસ્તારમાં જોવા ન મળતું પક્ષી જીવિત પહોંચી આવતા સુરક્ષિત સ્થળે ખસેડાયું હતું.

*(તા. ૨૧-૦૬-૨૦૨૩)*

## નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

**કચ્છમાં વિવિધ સ્થળે સવારના આહલાદક વાતાવરણમાં આબાલ વૃદ્ધ, લોકો અને નેતાઓએ ઉત્સાહ સાથે યોગ કર્યા**

કચ્છ જિલ્લામાં નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી વસુધૈવ કુટુંબકમ માટે યોગ હર ઘરના આંગણે યોગના થીમ સાથે ઉત્સાહભેર કરાઈ હતી. ભુજ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારના આહલાદક વાતાવરણમાં અગ્રણીઓની હાજરીમાં યોગાસનનો

કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

*(તા. ૨૧-૦૬-૨૦૨૩)*

## અષાઢી બીજે કચ્છમાં ૨૫૦ કાર અને ૮૦૦ બાઈક વેચાઈ

**કચ્છી નવા વર્ષે કાર અને દ્વિચક્રી વાહન ખરીદવાની પરંપરા શરૂ થઇ. મોંઘવારી, મંદી, વાવાઝોડું એ બધું જ નવી ગાડીઓ લેતી વખતે ભૂલી જવાયું છે.**

તહેવારોના દિવસોમાં ખરીદી વધુ પ્રમાણમાં થતી હોય છે. વિજયા દશમી, ધનતેરસ, દિવાળી, અખાત્રીજ — આ બધા તહેવારો છે કે મુહુર્ત જોવડાવી મોટી ખરીદી થાય છે. કચ્છ માટે અષાઢી બીજે આવું જ મુહુર્ત છે.

*(તા. ૨૧-૦૬-૨૦૨૩)*

## આજે વિશ્વ ઊંટ દિવસ ★ કચ્છમાં ચેરિયાના બેરોકટોક નિકંદનથી ચરિયાણ પર ખતરો

**કચ્છના રબારી, ફકીરાણી જત સમુદાય પરિવારના સભ્યની જેમ સાચવે છે ઊંટને**

આજે ૨૨ જૂન વિશ્વ ઊંટ દિવસ છે ત્યારે કચ્છમાં કેમિકલયુક્ત પાણી અને ચેરિયાના નિકંદનના કારણે ઊંટના અસ્તિત્વ પર ખતરો મંડાઈ રહ્યો છે. દર વર્ષે ૨૨ જૂનને વિશ્વ ઊંટ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. કચ્છમાં ઊંટને રબારી અને ફકીરાણી જત સમુદાય આજે પણ પરિવાર સાથે સ્થળાંતર કરી આ વ્યવસાયને જીવંત રાખ્યો છે.

આ સમુદાય ઊંટનું પરિવારના સભ્યની જેમ ધ્યાન રાખે છે. ઊંટ, એ કચ્છની આગવી ઓળખ અને શાન છે. કચ્છમાં ઊંટની બે પ્રકારની નસ્લ જોવા મળે છે. એક કચ્છી અને ખારાઈ. જિલ્લામાં વિકાસના નામે મોટાપાયે સ્થપાયેલા ઉદ્યોગોના કારણે કેમિકલયુક્ત પાણી અને ચેરિયાના નિકંદનના કારણે ઊંટ હવે ફક્ત સરકારી દફ્તર, કે જાહેર ભીંતચિત્રોમાં કે બાળકોના અભ્યાસ પૂરતા ન રહી જાય એ ચિંતાનો વિષય છે. ઊંટ માલધારી સમાજ અને સંસ્કૃતિનો એક વિભિન્ન અંગ છે, જેની સંખ્યા ચિંતાજનક રીતે ઘટી રહી છે.

ઊંટડીના દૂધની બજાર વ્યવસ્થાને કારણે ઊંટ પાલન વ્યવસાય તેમજ ઊંટની વસ્તી ટકી રહી છે. ખારાઈ ઊંટનું મુખ્ય ચરિયાણ ચેરિયા (મેન્ગ્રુવ) જે પશ્ચિમ બંગાળના સુંદરવન બાદ કચ્છના વિશાળ જંગલોમાં બીજા ક્રમે આવે છે. ચેરિયાના જંગલ ઊંટના અસ્તિત્વ માટે ટકી રહે અને તેનું જતન સરકાર દ્વારા કરાય તો જ વિશ્વ ઊંટ દિવસની ઉજવણી સાર્થક ગણાશે.

*(તા. ૨૨-૦૬-૨૦૨૩)*

## કચ્છની કેળવણી ક્ષેત્રના ત્રણ વ્યક્તિ વિશેષોને એવોર્ડ જાહેર

**જાણીતા ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝા પ્રેરીત પોરબંદરના સાંદિપની ગુરૂકુલ દ્વારા કચ્છના કેળવણી ક્ષેત્રના ત્રણ વ્યક્તિ વિશેષનું તેમની ઉમદા કામગીરી માટે એવોર્ડ આપી સન્માન કરાશે ● તા. ૨-૭ના ગુરૂ પૂર્ણિમાએ યોજનારા સમારોહમાં તેમને એવોર્ડ આપવામાં આવશે.**

જાણીતા લેખક અને કેળવણીકાર મૂળ રેહાના દ્વારકા સ્થિત ડૉ. ઈશ્વરભાઈ દામજીભાઈ પરમારને એમની શ્રેષ્ઠ સેવાઓ માટે ગુરૂ પૂર્ણિમાના દિને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાશે. આ ઉપરાંત ડાયેટ - ભુજના પ્રાચાર્ય, લેખક અને સંશોધક સંજય પ્રાણલાલભાઈ ઠાકર અને મૂળ વડિયા (તા. દિયોદર)ના અને હાલ રાપરની દૂધ ડેરી પંચાયતી પ્રાથમિક શાળાના પ્રયોગશીલ યુવાન શિક્ષક હરેશ બદાભાઈ ગેલોતને શ્રેષ્ઠ શિક્ષક ગૌરવ ઍવોર્ડ આપવામાં આવશે.

ડૉ. ઈશ્વર પરમાર દ્વારકાની બી.એડ. કોલેજમાં પ્રાધ્યાપક, બાળ સાહિત્યકાર, ચિંતક, સંપાદક અને ચરિત્રકાર તરીકે જાણીતા છે. તેમના અત્યાર સુધી ૬૮ પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યા છે અને અનેક પુરસ્કારો મેળવ્યા છે.

પ્રાચાર્ય સંજય પી. ઠાકરે કચ્છી ભાષા તાલીમ, કચ્છ દર્શન, પ્રદર્શન સહિત સંખ્યાબંધ પ્રકલ્પોમાં પ્રભાવક કામગીરી કરી છે. તેઓ ૩૧ વર્ષથી કટાર લેખક અને સંશોધક તરીકે જાણીતા છે. તેમને પણ અનેક પારિતોષિક મળ્યા છે.

હરેશ ગેલોટ રાપર ખાતે ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિજ્ઞાન શિક્ષક છે અને વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં ઉત્કૃષ્ટ દેખાવ કરતા રહ્યા છે. અગાઉ પ્રતિભાશાલી શિક્ષક તરીકે સન્માન મેળવી ચૂક્યા છે.

અહીં નોંધનીય છે કે, આ ઍવોર્ડ માટે કોઈ ફાઈલ મૂકી દરખાસ્ત કરવાની હોતી નથી પણ સંસ્થાના પરામર્શકો શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનારને શોધી તેમનું ભાવપૂજન કરે છે.

*(તા. ૨૩-૦૬-૨૦૨૩)*

***સ્વાસ્થ્ય સૌથી ઉત્તમ ઉપલબ્ધિ છે, સંતુષ્ટ રહેવું એ સહુથી ઉચ્ચ સંપત્તિ છે, મુસ્કુરાહટ એ સૌથી મોટી તાકાત છે અને વફાદારી એ સૌથી ઉત્તમ સંબંધ છે.***

## ૬ દિવસે હોટલના રૂમ ખાલી થવાના શરૂ

### ગાંધીધામ આસપાસની તમામ હોટલોમાં સપ્તાહ સુધી ઝુલ્યા હતા 'હાઉસફૂલ'ના પાટીયા

ગાંધીધામમાં ગત સપ્તાહે 'બિપરજોય' વાવાઝોડાને કારણે વીજળીના અભાવે કરોડોના બંગલા ધરાવતા ધનાઢ્યોએ બંગલાઓ મૂકીને અનુકૂળતા માટે શહેરની પાંચ સિતારાથી ત્રણ સિતારા સુધી જે મળે તે હોટલમાં રૂમ બુક કરાવવાનું શરૂ કર્યું હતું. એક સમય એવો પણ આવ્યો કે ગાંધીધામ અને તેની આસપાસની તમામ હોટલો બુક થઈ ગઈ હતી. ટોપ ત્રણમાંથી એક હોટલના જી.એમ.એ જણાવ્યું કે ત્રણ દિવસ સુધી રોજ ૧૦૦થી ૧૫૦ની સંખ્યામાં રૂમ માટે પૂછપરછ આવી રહી હતી.

ઘણી હોટલોએ આ સ્થિતિનો ફાયદો ઉઠાવતા રૂમના રૂટીન દરોથી વધારી દીધા હતા. આખરે, ગુરૂવારથી શહેરભરમાં વીજ પુરવઠો પૂર્વવત થતાં શુક્રવારથી હોટલોમાંથી રૂમ ખાલી થવાની શરૂઆત થઈ હતી.

*(તા. ૨૩-૦૬-૨૦૨૩)*

## પિતા પુત્રનો અનોખો કાયદાકીય ખટલો

અદાલતમાં વૃદ્ધ વડીલે ન્યાયમૂર્તિને કહ્યું, 'હું ખૂબ જ શ્રીમંત વ્યક્તિ છું અને મારી પાસે પૈસાની કોઈપણ કમી નથી. તો પણ મારે પુત્ર પાસેથી દર મહિને ખર્ચ લેવો છે. માટે હું આપની પાસે ન્યાય લેવા આવ્યો છું.'

ન્યાયમૂર્તિ આશ્ચર્યચકિત થયા અને કહ્યું, 'આપ શ્રીમંત છો તો પણ આપ ખર્ચ માંગી રહ્યા છો? ઠીક છે, એ આપનો અધિકાર છે. આમાં સુનાવણીની જરૂર નથી. તમારી સારસંભાળ પુત્રએ કરવી, એ પુત્રનું કર્તવ્ય છે.' એમ કહી વૃદ્ધ વડીલ પાસેથી તેમના પુત્રનું નામ અને સરનામું લઇને સમન્સ મોકલીશું એમ કહી ન્યાયમૂર્તિએ બે દિવસ પછીની તારીખ આપીને કહ્યું કે એ દિવસે આપનો પુત્ર ન્યાયાલયમાં હાજર હશે અને આપના કેસનો નિકાલ કરીશું.

બે દિવસ પછી પુત્ર ન્યાયાલયમાં હાજર થયો પણ એ એવી ગડમથલમાં હતો કે બાપુજીએ મને કહ્યું હોત તો મેં ખર્ચ આપી દીધો હોત. પણ મને કાંઈપણ ન જણાવતા, કોર્ટમાં કેસ કેમ કર્યો? એમ મનમાં ને મનમાં વિચારતો રહ્યો.

ન્યાયમૂર્તિએ પુત્રને કહ્યું, 'આપના પિતાએ આપની સામે જીવન નિર્વાહ માટે કેસ કર્યો છે. તો આપ આપનું નિવેદન નોંધાવો.'

પુત્રએ કહ્યું, 'સાહેબ, મારા પિતાજી ખૂબ જ પૈસાદાર છે પણ એમણે કેસ કેમ કર્યો એની પાછળના કારણની મને ખબર પડતી નથી.'

ન્યાયમૂર્તિએ પુત્રને કહ્યું, 'તમારા પિતાએ જીવન નિર્વાહ માંગેલ છે અને આપ તે કાયદાકીય રીતે આપવા બંધાયેલ છો. પછી રકમ ગમે તે હોય તે તમારી પરિસ્થિતિ અનુસાર આપવી પડશે.'

ન્યાયમૂર્તિએ વૃદ્ધ વડીલને પૂછ્યું, 'આપને કેટલો જીવન નિર્વાહ જોઈએ છે?' તો વૃદ્ધ વડીલે કહ્યું, 'સાહેબ, દર મહિને ફક્ત ૧૦૦ રૂપિયા અને એ શરતે કે મારો પુત્ર એના હાથે મારે ત્યાં આવીને આપી જાય. બીજા કોઈ સાથે ના મોકલે અને એમાં કોઈપણ જાતનો વિલંબ ન થાય એની કાળજી રાખવામાં આવે.'

ન્યાયમૂર્તિએ કહ્યું, 'ઠીક છે. તમારા કહેવા પ્રમાણે થશે.'

પછી ન્યાયમૂર્તિએ પુત્રને કહ્યું, 'તારે દર મહિને ૧૦૦ રૂપિયા તારા પિતાજીના હાથમાં વિલંબ ન કરતા આપી દેવા – આ કોર્ટનો આદેશ છે અને તું તેનું પાલન કરીશ એવી અપેક્ષા.'

ન્યાયમૂર્તિએ આદેશ આપી ખટલાનો નિકાલ કર્યો. પછી વૃદ્ધ એવા વડીલને પોતાની પાસે બોલાવ્યા અને પૂછ્યું, 'જો તમને કોઈ હરકત ન હોય તો મારે તમને એક પ્રશ્ન પૂછવો છે. આપ આટલા બધા શ્રીમંત હોવા છતાં આપે પોતાના દીકરા ઉપર કેસ કર્યો અને એ પણ ફક્ત નાની એવી રકમ માટે. આમ કેમ?'

આ પ્રશ્ન સાંભળી વૃદ્ધ વડીલની આંખમાં આંસુ આવ્યા અને બોલ્યા, 'સાહેબ, મારા દીકરાનું મોઢું જોવાની ખૂબ જ ઈચ્છા થયેલ હતી કારણકે એ કામમાં એટલો વ્યસ્ત રહે છે કે એને મળ્યે ઘણા જ દિવસ થયા અને અને સામે બેસીને તો છોડો સાહેબ, મોબાઈલ ઉપર પણ ક્યારે વાતચીત કરી, એ પણ ખબર નથી. મારા પુત્ર ઉપર મને અત્યંત પ્રેમ છે. એટલે જ મેં કેસ દાખલ કર્યો. જેથી એ દર મહિને મારી સામે આવે અને હું તેને મન ભરીને જોઈ શકું અને તેનો મને આનંદ થાય.'

વૃદ્ધ વડીલનું કથન સાંભળીને ન્યાયમૂર્તિની આંખમાં ઝળઝળિયાં આવ્યા.

ન્યાયમૂર્તિએ કહ્યું, 'તમે જો મને પહેલા કીધું હોત તો મેં વડીલની સામે દુર્લક્ષ કર્યાનો અને સારસંભાળ ન રાખવા માટે તમારા પુત્રને શિક્ષા કરી હોત.'

વૃદ્ધ વડીલ બોલ્યા, 'મારા પુત્રને શિક્ષા થાય એ તો ખરાબ કહેવાત. કારણકે મારે એના ઉપર ખૂબ જ જીવ છે અને મારા થકી એને કોઈ શિક્ષા અગર ત્રાસ થાય એ મને સહન ન થાય. ફક્ત બે ઘડી એ મને મળે એ માટે મારે આ ઉપાય કરવો પડ્યો.'

આ સંવાદ દૂરથી પુત્ર સાંભળી રહ્યો હતો. એના અશ્રુનો બંધ તૂટી પડ્યો અને દોડતા આવીને એ પિતાજીને ભેટી પડ્યો અને બોલ્યો, 'બાપુજી મને માફ કરો. હું આપનો ગુનેગાર છું.'

પિતાએ કહ્યું, 'દીકરા અમે અમારી વૃદ્ધાવસ્થામાં પુત્ર અમારી પાસે હોય એ જ ઈચ્છીએ છીએ. બસ, શું જોઈએ છે વૃદ્ધ માતા-પિતાને ફક્ત પ્રેમ અને હૂંફ. બીજું કાંઈ નહીં...'

***મિત્રો, હજારો માણસો મળશે આ આયુષ્યના પ્રવાસમાં પણ આપણી હજારો ગલતીઓને ફરી ફરી માફ કરનાર માતા-પિતા નહીં મળે... ખરું કહ્યું છે ને...?***

# પ્રતિભાવ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત, હૃદયસ્પર્શી, હાસ્ય કલ્લોલથી ભરપૂર અને કંઈક અલગ વિષય પર સામાજિક સંદેશ આપતું નાટક "આવજે"નો પ્રયોગ અમદાવાદ ખાતે તા. ૨૫ જૂન, ૨૦૨૩ના રોજ દિનેશ નાટ્ય ગૃહમાં સફળતાપૂર્વક ભજવાયો. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ એવા મુરબ્બી શ્રી અશોકભાઈ મહેતા અને સેક્રેટરી શ્રી હિમાંશુભાઈ ઠક્કરનું સુંદર આયોજન અને આતિથ્યથી કલાકારો ભાવવિભોર થયા.

આ રંગારંગ કાર્યક્રમમાં પધારેલ અમદાવાદની ૨૦થી વધારે કચ્છી સંસ્થાના પ્રતિનિધિઓએ અને વહાલા પ્રેક્ષકોએ કલાકારોની ઉત્કૃષ્ટ કલાને તાળીઓના ગડગડાટે વધાવ્યા.

રંગરસ ભીનું ભોજન જમાડી સહુને તૃપ્ત કર્યા. આદર અને આગ્રહના ભાવે સૌ કલાકારોને સન્માનિત કર્યા. સૌ કલાકારોને આપની સાથે એક અવિસ્મરણીય અને આહલાદક અનુભવ થયો.

શ્રી ક.વી.ઓ. સમાજના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ લાલન, સાંસ્કૃતિક કમિટીના કન્વીનર શ્રી રાજેશભાઈ છેડા, ડાયરેક્ટર શ્રી વિજયભાઈ ગાલા - રીષભ છેડા અને સમસ્ત 'આવજે' નાટકના કલાકારો તમને અભિનંદન કરે છે અને ફરી એકવાર મળવા માટેની આશા ધરાવે છે.

*વિજય કે. ગાલા, ડાયરેક્ટર - 'આવજે'*

★

બહુ સરસ પ્રોગ્રામ... સારો સંદેશો સમાજની યુવા પેઢીને સમાજના કલાકારો દ્વારા સામાજિક નાટકના માધ્યમથી બહુ જ સરસ રીતે રજૂ કરવામાં આવેલ છે. આપણા માદરે વતન કચ્છ પ્રત્યે આદર અને સન્માન કરવામાં આવ્યું તે અદ્ભુત અને હૃદયને સ્પર્શી ગયું. આપને તથા આપની સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન સાથે વંદન કરીએ છીએ.

અમદાવાદ ઝોન દ્વારા આવતા મહિને વાર્ષિક સામાન્ય સભા સમયે અમોએ પણ આવા પ્રોગ્રામનું આયોજન કરવાનું વિચારેલ છે. વિજયભાઈ ગાલાનો સંપર્ક નંબર આપવા વિનંતી.

*આર. એન. પટેલ*
*પ્રમુખ – કચ્છ કડવા પાટીદાર સમાજ*
*અમદાવાદ ઝોન અને અમદાવાદ ઝોનના સર્વે સભ્યો વતી*

★

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના આ વર્ષના કચ્છી નવા વર્ષના સ્નેહ મિલન કાર્યક્રમની સાથે કે.વી.ઓ. - મુંબઈ દ્વારા રજૂ કરાયેલ ગુજરાતી નાટક "આવજે" માણવાની ખૂબ મજા આવી. વર્તમાન સમયમાં ઉચિત થીમ પર આધારીત આ નાટકમાં બધા પાત્રોનો અભિનય ખૂબ જ પ્રભાવશાળી દેખાયો. ભારતના યુવા ધનની વર્તમાન સમયમાં પરદેશ જવાની ઘેલછા અને ભારતના વાસ્તવિક વર્તમાન વિકાસની ગતિ તથા સિનિયર સિટીઝનોની વતન પ્રત્યેની લાગણી સાથે સાંસ્કૃતિક વારસો સાચવવાની તીવ્ર ઈચ્છા દર્શાવતું આ નાટક વાસ્તવિક વર્તમાન કૌટુંબિક અને સામાજિક પરિસ્થિતિનું આબેહૂબ ચિત્ર રજૂ કરે છે તેવો સચોટ અહેસાસ અનુભવાય છે. આવા કાર્યક્રમ યોજવા માટે શ્રી કચ્છી સમાજના હોદ્દેદારોને અભિનંદન સહ શુભેચ્છાઓ. જય કચ્છીયત!!!

*બી. કે. પટેલ, સેક્રેટરી - સરદાર ધામ*

★

ગત તા. ૨૫-૬-૨૦૨૩ના રોજ દિનેશ હોલ - અમદાવાદ ખાતે કચ્છી સમાજનું એક સ્નેહ મિલન યોજાયું. તેમાં બહોળી સંખ્યામાં કચ્છીઓએ હાજરી આપી કચ્છીયત બતાવી વતનનું ઋણ અદા કર્યું. સંસ્કારોનું સિંચન કરતું અને વતન પ્રત્યે કેવી ફરજ હોય તેનું સચોટ નિરૂપણ કરતું મુંબઈનું નાટક 'આવજે' નિહાળ્યું. સરસ મજાનો આજના જમાનાને અનુરૂપ મેસેજ નાટક દ્વારા જાણવા મળ્યો. સૌએ નાટકના ખુલ્લા મનથી વખાણ કર્યા. પ્રમુખ શ્રી અશોકભાઈ તથા સમગ્ર કારોબારીની મહેનત રંગ લાવી અને સમાજને એક સારો પ્રોગ્રામ નિહાળવાનો લહાવો મળ્યો. સમગ્ર અમદાવાદના ઘટક સમાજજનોના પ્રમુખોનું સન્માન કરીને કચ્છી સમાજે નવો અભિગમ અપનાવી ઘટક સમજ પ્રત્યે ઋણ અદા કર્યું.

*રમણિક પટેલ*
*મંત્રી, કચ્છ કડવા પાટીદાર સમાજ - નરોડા*

★

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આયોજિત સ્નેહ મિલન અને નાટકનો કાર્યક્રમ ખૂબ જ સારો રહ્યો. નાટ્ય કલાકારોએ તેમના અભિનયનમાં જાન નિચોવી દીધો. દરેક કલાકારોએ ખૂબ જ સુંદર અભિનય આપીને દરેકને જકડી રાખ્યા. બેઠક વ્યવસ્થાથી લઈને ભોજન વ્યવસ્થા સુધી તમામ વ્યવસ્થા કાબિલેદાદ રહી. સંપૂર્ણ ટીમ અને ખાસ કરીને સ્વયં આપ સેનાપતિ તરીકે આપના આયોજન શક્તિના દર્શન કરાવ્યા તે બદલ અને આપ લોકોએ

અમને સન્માન્યા તે બદલ સાણંદ સમાજ વતી અભિનંદન અને આભારની લાગણી વ્યક્ત કરું છું.

*તુલસીદાસ ધોળુ*
*પ્રમુખ, કચ્છ કડવા પાટીદાર સમાજ - સાણંદ*

★

આપના કાર્યક્રમના સુંદર આયોજન તથા ઉત્તમ ભોજન પ્રસાદ અને સમય દાનની ગોઠવણી બદલ અમારી જ્ઞાતિ વતી હું આભાર વ્યક્ત કરું છું. અમારો સમુદાય ઘણો નાનો છે... પણ આપના નિર્ધારીત કાર્યક્રમમાં જરૂર હાજરી આપશું. મારા લાયક કોઈ કામ હોય તો કહેજો...

*મલય વૈષ્ણવ, પ્રમુખ - કચ્છી વડનગરા નાગર સમાજ*

★

કચ્છી હોવાના નાતે વર્ષોથી કચ્છ બહાર રહેતા હોવા છતાં વિવિધ સમાજોના પરિવારો સહકુટુંબ અષાઢી બીજના હિસાબે એકબીજાને મળવા આતુર હોય તેવી કચ્છી ભાવનાને લખ લખ વધાયું...

કચ્છી સમાજ - અમદાવાદના નેજા હેઠળ તા. ૨૫-૬-૨૦૨૩ના યોજાયેલ મિલન પ્રસંગે અમદાવાદમાં દૂર દૂર રહેતા વિવિધ કચ્છી પરિવારોને આપસમાં મળવાનો રૂડો અવસર આપ્યો.

પ્રેમ અને સંસ્કારની મર્યાદામાં બંધાયેલ પરિવારનું સુખ અને મૂલ્ય કંઈક વિશેષ છે તેવું આ પ્રસંગે ક.વી.ઓ. સમાજ દ્વારા રજૂ થયેલ નાટક દ્વારા મૂલ્યવર્ધિત સંદેશો આપવામાં સફળ રહ્યો.

આ પ્રસંગને સફળ બનાવવા કચ્છી સમાજના વડીલ પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાના પ્રયત્નને હૃદયના ઊંડાણથી બિરદાવવાનું ભૂલીએ તો નગુણા કહેવાઈએ. આ વડીલ એક સેતુ બની ગયા છે. એમને વંદન...

*ગંગારામભાઈ પટેલ - અમદાવાદ*
*કચ્છ કડવા પાટીદાર સમાજ - પશ્ચિમ વિભાગ*

★

પ્રણામ. સૌપ્રથમ "આવજે" નાટકના સુપર્બ આયોજન માટે સમગ્ર ટીમને અભિનંદન.

અષાઢી બીજના અવસરે સમગ્ર કચ્છીઓને ભેગા કરી ઉત્સવ જેવો માહોલ સજર્યો. નાટકમાં કચ્છીયતને અને ખાસ કરીને આજના યુવાનોને સ્પર્શતો વિષય. અમને એમ હતું કે સિનિયર સિટીઝનની જ હાજરી હશે પણ કચ્છી યુવક યુવતીઓ પણ બહોળી સંખ્યામાં પધારેલ. જે જોઈ આનંદ થયો.

નાટક બાદ રાખેલ ભોજન એકદમ સરસ રહ્યો.

નાના મોટા સૌનું ધ્યાન રાખી બનાવેલ જબરદસ્ત મેનુ...

છેલ્લે કચ્છી છાશ... અરે વાહ...!

મિટ્ટીકા મટકા ઔર સમાજકી કિંમત બનાનેવાલે કો હી પતા હોતી હૈ, તોડનેવાલે કો નહીં.

૮૦+ની ઉંમરે અશોકકાકા જે સમગ્ર ટીમ સાથે કામ કરી રહ્યા છે તે જોઈને યુવાનોને પણ શરમ આવે.

કચ્છી સમાજજી ટીમકે જજી જજી વધાઈ...

*ગિરીશ હીરજી દેઢિયા - અમદાવાદ*
*ચેતન દામજી ધરોડ - અમદાવાદ*

★

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કચ્છના નવા વર્ષ નિમિત્તે તા. ૨૫-૬-૨૦૨૩ના રોજ દિનેશ હોલ ખાતે એક સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવેલ તથા 'આવજો' નામના ૨ કલાકના નાટકનું પણ આયોજન કરેલ. તે પછી ભોજન પ્રસાદ બધાએ સાથે મળીને લીધેલ. આ પ્રોગ્રામ માટે પ્રમુખશ્રી અશોકભાઈ મહેતા, મંત્રીશ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા બધા કારોબારી સભ્યોએ આ પ્રોગ્રામને સફળ બનાવવા ઘણી મહેનત કરેલ.

બધા સમાજના મહાનુભાવો તથા સભ્યોએ પ્રોગ્રામ બહુ આનંદપૂર્વક માણ્યો અને આ પ્રોગ્રામને સફળ બનાવેલ. આ પ્રોગ્રામને સફળ બનાવવા બદલ સૌને ધન્યવાદ.

*સંજય રાઠોડ - અમદાવાદ*

★

હાલની સમાજ અને કુટુંબની પરિસ્થિતિનો ચિતાર ખૂબ સુંદર રીતે મહેનત માંગી લે એવો પ્રોગ્રામ જોઈ આનંદ થયો. પ્રોફેશનલ ના હોવા છતાં પણ ખૂબ જ સુંદર રીતે નાટક ભજવ્યું. કલાકારોને ખૂબ ખૂબ અભિનંદન અને આખા કાર્યક્રમમાં તન-મન-ધનથી સેવા આપનાર સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.

*વિજય ભવાનજી દેઢિયા - અમદાવાદ*

★

અષાઢી બીજ, એ કચ્છના દરેક વતની માટે એક મોટો પર્વ છે કે જે શ્રી કચ્છી સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે તા. ૨૫-૬-૨૦૨૩ રવિવારના રોજ ઉજવવામાં આવ્યો હતો.

સમગ્ર પ્રોગ્રામના આયોજન અને સંચાલનને સફળ બનાવવા માટે શ્રી અશોકભાઈ મહેતા, શ્રી હિમાંશુભાઈ ઠક્કર અને તેમની સમગ્ર ટીમ યશને પાત્ર છે. નાટકની પસંદગી સરસ

રહી. સમગ્ર સમાજને સ્પર્શતો એવો નાટકનો વિષય, પ્રોફેશનલ નાટક ન હોવા છતાં, એક પણ કલાકારો પ્રોફેશનલ ન હતા છતાં, નાટકની સારી થીમે પ્રેક્ષકોને જકડી રાખ્યા.

સ્વરૂચિ ભોજન – વાહ...! સ્વાદિષ્ટ વ્યંજનો અને સ્વાદથી ભરપૂર રસથાળ. બધી જ વાનગીઓની પસંદગી વખાણવાલાયક હતી. આ માટે પરબતભાઈને પણ ધન્યવાદ આપવાનું મન થાય જ.

સમગ્ર કાર્યક્રમ કોઈ પણ ત્રુટી વગરનો અફલાતુન અને કાબિલેતારીફ હતો.

ફરીથી અશોકભાઈ મહેતા, હિમાંશુભાઈ ઠક્કર અને તેમની સમગ્ર ટીમને ધન્યવાદ.

***રોહિત સંઘવી - અમદાવાદ***

★

એક સામાજિક સંસ્થાના સભ્યો ટીમ તરીકે એક નાટકનું નિર્માણ, દિગ્દર્શન કરે અને ભજવે એ ખૂબ જ સરાહનીય છે. વિષય પણ હાલની સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સમાજની જરૂરિયાત ઉપર પ્રકાશ પાડે તેવો... વીસા ઓસવાળ સમાજ સભ્યોને કેવી રીતે મદદરૂપ થાય છે તે સમજીને બીજા સમાજ પણ સામાજિક પરિવર્તનની અવિરત પ્રક્રિયા સારી રીતે આગળ વધારી શકે તેવું સુંદર માર્ગદર્શન પણ ખરું... ધન્યવાદ...

***વિમેશ શાહ - અમદાવાદ***

★

સામાન્ય રીતે અષાઢી બીજ - કચ્છી નવું વર્ષ સોશિયલ મીડિયા પર ફક્ત શુભેચ્છા આપીને ઉજવાઈ જાય છે.

પણ...

ગયા વર્ષની જેમ આ વર્ષે પણ દિનેશ હોલમાં સુંદર પ્રોગ્રામ માણ્યો. જેથી અષાઢી બીજ કચ્છી નવું વર્ષ તહેવાર મનાવ્યો હોય તેવી લાગણી થઈ...

ખૂબ ખૂબ અભિનંદન – શ્રી અશોકભાઈ મહેતા, સમાજના દરેક કાર્યકર તથા સમગ્ર ટીમને.

***મનીષ વીરા - અમદાવાદ***

★

It was in one word : EXCELLENT.

President & all other members too also took too much pain for the same. It is suggested that Next year full comedy drama should be arranged.

***Chitrasen Shah - Gandhinagar***

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે યોજેલ ગુજરાતી નાટક 'આવજે' અમે સારી રીતે માણ્યું. નાટકની થીમ અને પ્રસ્તુતિ ખૂબ સરસ હતી. દરેક કલાકારે ખૂબ મહેનત અને નિષ્ઠાપૂર્વક રજૂઆત કરી. આ યુવાવર્ગ પરદેશ ભણવા જાય અને સાથે સાથે માદરે વતનને ના ભૂલે એ ખૂબ જરૂરી છે. નાટકની પંચલાઈન 'તું આવશે તો અમને સૌને ગમશે' – એ અસરકારક રહી.

કોરોના કાળમાં આપણા દેશે લાદેલું લોકડાઉન અને વેક્સિનેશન ડ્રાઇવે કેટલાય લોકોના જીવ બચાવી લીધા. કેટલાય દેશોને વેક્સિન્સ મોકલી આપી માનવતાનું કામ કર્યું.

શ્રી ક.વી.ઓ. સમાજ આવા નાટકને હંમેશાં પ્રોત્સાહિત કરતું રહે એવી શુભેચ્છા.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે આ નાટકની રજૂઆત કરવાની પહેલ કરી. એમને પણ અભિનંદન.

***પ્રભા લક્ષ્મીચંદ વીરા***

★

કચ્છની સમગ્ર જ્ઞાતિનું મિલન ખૂબ જ સુંદર રીતે આયોજિત કરાયું. બેઠક વ્યવસ્થા, નાટ્ય પ્રસ્તુતિ અને સ્વાદિષ્ટ પ્રીતિ ભોજનનું સુંદર આયોજન કરાયું.

ક.વી.ઓ. સેવા સમાજની કલ્ચરલ વિંગના, આપણા જેવા જ પોતાના વ્યવસાયમાં ખૂબ જ વ્યસ્ત અને સફળ લોકોએ અત્યારના લગભગ તમામ કુટુંબમાં જોવા મળતા પ્રશ્ન ઉપર એક સુંદર નાટક લખ્યું, દિગ્દર્શિત કર્યું અને ભજવ્યું. ખૂબ જ હૃદયસ્પર્શી અભિનય આખાય નાટકમાં કેટલીયેવાર રડાવી જતો. હૃદયસ્પર્શી અભિનય કોઈ પ્રોફેશનલ્સને ઝાંખા પાડી દે તેવો હતો.

હિંદુ સમાજની પ્રવૃત્તિ વિશે પણ માહિતી મળી.

કચ્છી સમાજના પ્રમુખ અશોકભાઈ મહેતા તથા તમામ કમિટીના અથાગ પ્રયત્ન સરાહનીય છે.

***નિશા સતીયા - અમદાવાદ***

## ભારત દેશમાં....

★ બદામ ૯૦૦ રૂપિયે કિલો / ગુટખા ૪૩૦૦ રૂપિયા

★ કાજુ ૮૦૦ કિલો / સિગારેટ ૫૦૦૦

★ શુદ્ધ ઘી ૮૦૦ કિલો / તમાકુ ૧૭૦૦

★ દૂધ ૬૦ રૂપિયે લીટર / વાઇન ૫૬૦

***અને પછી કહો છો કે મોંઘવારી છે. સારું ખાવાનું કેવી રીતે ખાવું? દેશની હાલત ખરાબ નથી, આપણી આદતો ખરાબ છે.***

***નિશ્ચય જ સારામાં સારી અને સાચામાં સાચી ચતુરાઈ છે.***


sharpex
forest & garden solutions
TURN YOUR
GREEN DREAMS
INTO REALITY FOR YOUR FACTORY,
BUNGALOW & FARMHOUSE
INDIA'S LARGEST SELLING
ZERO MAINTENANCE
ELECTRIC LAWN MOWERS
Pot Trolley
Eco Chair
Flower Pot Stands
Bird Bracket
Deko Chips
info@sharpex.com | www.sharpexindia.com | Toll Free: 1800 313 3303
Follow Sharpex Gardening Community On
Our Online Partners: amazon.in Flipkart


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
HARSHA
ENGINEERS
www.harshaengineers.com
PRODUCTS & PROCESS EXCELLENCE THROUGH TPM
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
BRASS CAGES
• CYLINDRICAL ROLLER CAGES
• SPHERICAL ROLLER CAGES
• DEEP GROOVE CAGES
• ANGULAR CONTACT CAGES
• THRUST ROLLER CAGES
• TAPER ROLLER CAGES
STEEL CAGES
• DEEP GROOVE CAGES
• TAPER ROLLER CAGES
• SPHERICAL ROLLER CAGES
• CYLINDRICAL ROLLER CAGES
• ANGULAR CONTACT CAGES
• THRUST ROLLER CAGES
POLYAMIDE CAGES
• DEEP GROOVE CAGES
• ANGULAR CONTACT CAGES
• TAPER ROLLER CAGES
• CYLINDRICAL ROLLER CAGES
STAMPED COMPONENTS
• AUTOMOTIVE INDUSTRY
• BEARING & SEALING
• ELECTRICAL & APPLIANCE INDUSTRY
• SPECIAL APPLICATION
BRONZE BUSH & CASTINGS
• PRECISE BRONZE BUSHES
• CENTRIFUGAL AND SAND CASTINGS
INDIA
Harsha Engineers International Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar,
Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200
E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Precision Bearing Components (China) Co., Ltd.
No. 10 Fuhua Road, Bixi District Changshu City,
Jiangsu Province, China.
Phone: +86-(0)512-52265381
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

Shashikant Pindoria
+91 94276 09013
+91 97141 09013

JAY AMBE HIMCHAR PVT. LTD.
Dehgam-Modasa Road, SAMPA, Ta. Dehgam, Dist. Gandhinagar.

Madhusudan
COOL STORES PVT. LTD.
Nr. Ranasan Char Rasta,
Ramosh, Ta. : Dhasura, Dist. Arvalli.

VINOD
Cool Stores Pvt. Ltd.
Ahmedabad - Himatnagar Highway,
N.H. No.-8, Limbadia, Dist. Gandhinagar.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
એક સભ્ય એવા
એક શુભેચ્છક તરફથી

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
ભૂતપૂર્વ હોદ્દેદાર એવા
એક શુભેચ્છક તરફથી

INDOTEX
PAINTS
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

શુભેચ્છા સહ....
હસમુખ ખીમજી મહેતા

khadi
VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE

હસમુખભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૧
કાંતિભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૩
વિનોદભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૪
॥ શાશ્વત બિલ્ડર્સ ॥
૫૦૧, શાશ્વત આર્કેડ, ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા, અમદાવાદ.

फ्रुटी भी, ज्युसी भी और मिल्की भी
सब मस्त है!
MICHI'S
Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

Registered under Postal Registration No. GAMC-1028/2021-2023 Valid Upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division permitted to post at Ahmedabad PSO on 15th of Every Month. ■ RNI No. of RNP is 46515/87 ■ Published on 10th of Every Month

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.**
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 7.75% @ with monthly Interest
- Flexi બચત ખાતા અને ચાલુ ખાતામાં વ્યાજ Max 5% @*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book charges : Nil*
- ATM CARD ■ LOCKERS ■ Free SMS Alert
- રૂા. ૬ કરોડ સુધીની તત્કાલ લોન ■ ગ્રૂપ લીમીટ રૂા. ૧૫ કરોડ
- Oniine RTGS પેમેન્ટ / Inward રીસીપ્ટની લેટેસ્ટ ફેસેલીટી
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

*Condition apply

■ ચાલુ વર્ષમાં Fastest Growing Bank - Business Growth 50% @ p.a.

**Patel Tours & Travels®**
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888

AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT



BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)

PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY E-mail : patelinn@yahoo.com
Online Booking: www.pttbus.in

Parbatbhai Patel
M. : 98240 62711

**Shivam Packaging**
**Shiv Packing Industries**
સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી., પી.પી. રોલ અને રીમ,પી.પી. સુતળી, વુડન રોલ ● વાંસની પટ્ટી, H.M., L.D., P.P. Bags, ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ
શિવમ

Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka, Near Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

**Mahalaxmi INFRACONTRACT PVT. LTD.**
Mining for Better Tomorrow



• Corporate Office •
B-21, Corporate House,
Opp. Pakvan-2, S. G. Highway,
Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
E-mail : mahalaxmi@miplgroups.com
Website : www.miplgroups.com





**AMBICA TIMBER MART**
logs. lumber. select veneers.
Opp. The Grand Bhagwati,
S.G. Road, Bodakdev, Ahmedabad-54.
Tel. : 079-26855764, 26852438
E-mail : ambica9002@yahoo.co.in

અમદાવાદની સ્થાપનાથી તેના હેરિટેજ સ્ટેટસ સહિત અને વર્ષ 2022 સુધીના વિકાસની અપડેટેડ વિગતો.

અગણિત ફોટોગ્રાફ સહિત રસપ્રદ અને રોમાંચક માહિતી
ડૉ. માણેક પટેલ 'સેતુ'

**અમદાવાદ ગૌરવગાથા**
કિંમત રૂ. 1600




**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-1, ફોન : 09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com

**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.**
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

**JAY ENTERPRISE**
Products : Salt Speckles, Rock Salt (Sendha Namak),
Rock Salt Sujji, Black Salt (Sanchar) &
All Types of Edible & Industrial Salt

C/3, Bharat Small Industrial Estate, B/h. Gujarat Offset,
Nr. Railway Over Bridge Road, Vatva, Ahmedabad-382 445.
E-mail : jay.enterprise@hotmail.com ■ Mobile : 99989 90899

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)